આજનો સુવિચાર

જે નિરાશાને કદી જોતા નથી, તે આશા કદી ખોતા નથી, જેઓ પ્રયત્નો પર જીવી જાણે છે તે કદી કિસ્મત પર રોતા નથી !!

સ્થાપક તંત્રી : સ્વ. કાર્તિક આર. ઉપાધ્યાય
તંત્રી, મુદ્રક, પ્રકાશક, માલિક : અભિજીત કે. ઉપાધ્યાય

Post Regn. G/JND/24
(VALID up to 31-12-2026)
RNI Regn. No. 27509/67

Ph. : (0285) 2621000/ 2651800
E-mail : saurashtrabhoomi@gmail.com
Website : www.saurashtrabhoomi.com

# સૌરાષ્ટ્ર ભૂમિ

દૈનિક

જૂનાગઢ અને ગાંધીનગરથી પ્રસિધ્ધ થતું ગુજરાત અને સૌરાષ્ટ્ર-કચ્છનું અગ્રીમ અખબાર

વર્ષ : ૪૯ અંક : ૭૮ જૂનાગઢ તા.૧૦-૦૩-૨૦૨૫ સોમવાર પાના : ૮ કિંમત ૧-૫૦ રૂા. ● પ્રકાશન સ્થાન : સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક કાર્યાલય, જેઈલ રોડ, જૂનાગઢ. ગુજરાત ● મુદ્રણ સ્થાન : સોમનાથ પ્રિન્ટર્સ, જેઈલ રોડ, જૂનાગઢ, ગુજરાત (ઈન્ડીયા)

Saurashtra Bhoomi (Daily) Year : 49 Volume : 78, Junagadh : Date : 10 March, 2025, Monday, Pages 8 Price Rs.1.50 • Published from Saurashtra Bhoomi Karyalaya, Jail Road, Junagadh and Printed at : Somnath Printers, Jail Road, Junagadh, Gujarat, India. Editor, Printer, Publisher & Owner : Abhijeet K. Upadhyay

## સંસદના બજેટ સત્રના બીજા તબક્કાનો ઝંઝાવાતી પ્રારંભ : વિપક્ષ દ્વારા ભારે હોબાળો

(એજન્સી) નવી દિલ્હી તા. ૧૦: સંસદના બજેટસત્રના બીજા તબક્કાનો આજથી ઝંઝાવાતી પ્રારંભ થયો છે. વિપક્ષોએ સંસદમાં ભારે હોબાળો મચાવી દીધો છે. અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે છેડેલી ટેરીફ વોરની સરકાર દ્વારા રજુ થનારા વકફ સુધારા ખરડા અને અનેક મુદે સંસદના બન્ને ગૃહોમાં જબરો તનાવ છે. શાસક-વિપક્ષ વચ્ચે તલવારો ખેંચાઈ ગઈ છે.

આ ઉપરાંત તાજેતરમાં ચગેલા નવા સિમાંકન તથા ત્રણ ભાષાની ફોર્મ્યુલા મુદે પણ તામિલનાડુ સહિતના દક્ષિણ ભારતના સાંસદો અને ગૃહોમાં કામકાજ ખોરવે તેવી ધારણા છે તો હાલની ચુંટણીઓમાં મતદાર યાદીમાં સુધારા-વધારા મુદે વિપક્ષોએ જે રીતે ચુંટણીપંચ સમક્ષ પ્રશ્નો ઉઠાવાયા હતા.

ત્યાર બાદ ફરી એક વખત ચુંટણીઓએ મતદાર યાદી અંગે શરૂ કરેલી કવાયત પણ સંસદમાં ધમાલનો મુદો બની શકે છે. ખાસ કરીને સંસદના વર્તમાન સત્રમાં સરકાર વકફ ખરડો મંજુર કરાવવા મકકમ છે.

## ટીમ ઈન્ડિયાની જીતથી દેશભરમાં જશ્નનો માહોલ




(એજન્સી) મુંબઈ / દુબઈ,તા.૧૦ વન-ડે ક્રિકેટની સૌથી મોટી ટુર્નામેન્ટ ચેમ્પીયન્સ ટ્રોફીના ફાઈનલમાં ન્યુઝીલેન્ડને હરાવીને ભારત વિશ્વ વિજેતા બનતા દેશભરમાં જશ્નનો માહોલ સર્જાયો હતો ભારત માટેની આ ગૌરવભરી ક્ષણની ઉજવણી કરવામાં આવી હતી. કાશ્મીરથી માંડીને કન્યા કુમારી સુધી લોકો રસ્તા પર ઉતરી પડયા હતા અને તિરંગા લહેરાવવા સાથે આતશબાજીનાં ધુમધડાકાથી સેલીબ્રેશન કર્યુ હતું.

ભારતને ત્રીજી વખત ચેમ્પિયન્સ ટ્રોફી પર કબજો કર્યો છે અને દુનિયાની પ્રથમ ટીમ બની ગઈ છે. ત્રણ વખત વિશ્વ વિજેતા બનેલી ભારતીય ટીમે પાંચ વખત ફાઈનલ મેચ રમ્યો હતો. ભારતની જીત સાથે દેશભરમાં જશ્નનો માહોલ સર્જાયો હતો હોળી પૂર્વે જ દિવાળી આવી ગઈ હોય તેમ તમામ શહેરોમાં લોકો રસ્તા પર ઉતરી પડયા હતા અને ફટાકડાનાં ધૂમ ધડાકા સર્જયા હતા.

દિલ્હીમાં ઈન્ડીયા ગેટથી માંડીને મુંબઈનાં ગેટ વે ઓફ ઈન્ડિયા સુધી તમામ જાહેર સ્થળે ક્રિકેટ ફેન્સથી ભરચકક બન્યા હતા વાહનો તથા હાથ પર તિરંગા ફરકાવવા સાથે ભારત માતા કી જયના નારા લગાવ્યા હતા અને ઠેકઠેકાણે ભવ્ય આતશબાજી થઈ હતી. દિલ્હી, મુંબઈ, પ્રયાગરાજ, લખનૌ, અમદાવાદ, રાજકોટ, બેંગ્લોર, ચેન્નાઈ સહીતના શહેરોમાં અનેરો જશ્ન હતો. હોળી પૂર્વે દિવાળીનો માહોલ હતો.

## ગુજરાતમાં કાળઝાળ ગરમીનો પ્રારંભ ચાર દિવસ હીટવેવ : યલો એલર્ટ



(બ્યુરો ઓફિસ) અમદાવાદ તા.૧૦ રાજ્યમાં માર્ચ મહિનાના પ્રારંભે જ હીટવેવનો પ્રારંભ થઈ ગયો છે. હવામાન વિભાગે ૧૦થી ૧૩ માર્ચ સુધી રાજ્યના અલગ અલગ જિલ્લાઓમાં યલો એલર્ટ જાહેર કરી હીટવેવની આગાહી કરી છે. જયારે રાજકોટમાં તો તાપમાનનો પારો ૪૧ ડિગ્રીને પાર પહોંચી ગયો છે. આજે ૧૩ જિલ્લાઓમાં યલો એલર્ટ અપાયું છે. હવામાન નિષ્ણાત પરેશ ગોસ્વામીના મતે આ વર્ષે ગરમી તેના બધા રેકોર્ડ તોડે તેવી શકયતાઓ છે. સૌરાષ્ટ્ર-કચ્છ અને દક્ષિણ ગુજરાતના સમુદ્ર કાંઠામાં પવનની ગતિમાં વધારો થતા ૧૩ માર્ચ સુધી લોકો ગરમી અને ઉકાળાટનો અનુભવ કરશે.

### આઈઆઈટી-ગાંધીનગર અને બોમ્બેના વૈજ્ઞાનિકોના અભ્યાસની ચિંતાજનક વિગતો

## ભારતમાં ભીષણ ગરમી અને લાંબા હીટવેવ જોવા મળી શકે છે

(એજન્સી) નવી દિલ્હી,તા.૧૦ જલવાયુ પરિવર્તનના કારણે ઠંડક પહોંચાડનારનું 'લા નીના' પણ તેની અસર ખોઈ રહ્યું છે. વૈજ્ઞાનિકોનું માનવુ છે કે ભવિષ્યમાં લા-નીના દરમ્યાન પણ ભીષણ ગરમી અને લાંબો હીટવેવ જોવા મળી શકે છે. ભારતમાં આ વર્ષે સામાન્યથી વધુ તાપમાન રહેવા અને જલદી ગરમી શરૂ થવાની સંભાવનાઓ દરમ્યાન અભ્યાસમાં ચિંતા વ્યકત કરવામાં આવી છે.

હવામાન વૈજ્ઞાનિકોના અનુસાર લા-નીના પ્રશાંત મહાસાગરમાં સમુદ્રી તાપમાનને ઠંડી કરીને દુનિયાના અનેક ભાગોમાં ઠંડક વધારે છે. પરંતુ જલવાયુ પરિવર્તનના કારણે આ અસર નબળી પડી રહી છે.

આઈઆઈટી બોમ્બે અને આઈઆઈટી ગાંધીનગરના વિશેષજ્ઞોનું કહેવુ છે કે, વૈશ્વિક તાપમાનમાં સતત વૃધ્ધિથી હવે લા નીના પણ ગરમીથી રાહત નહિં અપાવી શકે.

## ગત રાત્રે મધ્યપ્રદેશના મઉમાં ભારતની જીતની ઉજવણી દરમ્યાન જુથ અથડામણ : પથ્થરમારો-આગચંપીની ઘટનાઓ

(એજન્સી) મઉ તા.૧૦ મધ્યપ્રદેશના મઉમાં ચેમ્પિયન્સ ટ્રોફીમાં ટીમ ઈન્ડિયાની જીત બાદ કાઢવામાં આવેલા સરઘસ દરમિયાન વિવાદ થયો હતો. બંને જૂથો સામસામે આવી ગયાં હતા. લોકોએ દુકાનો અને વાહનોને આગ ચાંપી દીધી. પેટ્રોલ બોમ્બ પણ ફેંકવામાં આવ્યા હતા. પરિસ્થિતિને કાબૂમાં લેવા માટે પોલીસે લાઠીચાર્જ કર્યો અને ટીયર ગેસના શેલ પણ છોડ્યા. લગભગ અઢી કલાક પછી પરિસ્થિતિ કાબૂમાં આવી શકી.

આ ઘટના ગત રાત્રે ૧૦ વાગ્યાની આસપાસ બની હતી. ભારતની જીત બાદ ૪૦થી વધુ બાઈક પર ૧૦૦થી વધુ લોકો સરઘસ કાઢી રહ્યા હતા. આમાં સામેલ લોકો જય શ્રી રામના નારા લગાવી રહ્યા હતા. આ દરમિયાન જામા મસ્જિદ પાસે ફટાકડા ફોડવાને લઈને લોકો સાથે વિવાદ થઈ ગયો. પાછળ આવી રહેલાં પાંચ-છ લોકોએ બીજા પક્ષના લોકોને રોકી લીધા અને મારપીટ શરૂ કરી દીધી

પથ્થરમારા બાદ વિવાદ વધ્યો જ્યારે આગળ ચાલી રહેલા લોકોને આ વાતની ખબર પડી ત્યારે તેઓએ પથ્થરમારો શરૂ કરી દીધો. આ પછી બીજી બાજુના લોકોએ પણ પથ્થરમારો શરૂ કરી દીધો. થોડી જ વારમાં વિવાદ વકર્યો. અહીં, ગુસ્સે ભરાયેલા લોકોએ પત્તી બજાર વિસ્તારમાં પણ પથ્થરમારો શરૂ કરી દીધો. અહીં તેઓએ ઘરો અને દુકાનોની બહાર પાર્ક કરેલાં વાહનોમાં તોડફોડ શરૂ કરી દીધી.




## ભારત-પાક. વચ્ચે નવાજુનીના સંકેતો POK મામલે કંઈક રંધાઈ રહ્યું છે

(એજન્સી) નવી દિલ્હી,તા.૧૦ હિમાલયના ઊંચા શિખરોથી રણના મેદાનો સુધી ફેલાયેલી ભારત-પાકિસ્તાન નિયંત્રણ રેખા ફરી એકવાર સમાચારમાં છે. ૯ માર્ચ, ૨૦૨૫ ના રોજ, યુએસ ડિપાર્ટમેન્ટ ઓફ સ્ટેટે તેના નાગરિકો માટે ટ્રાવેલ એડવાઈઝરી જારી કરી છે. તેણે ભારત-પાકિસ્તાન નિયંત્રણ રેખાની આસપાસના વિસ્તારો તેમજ પાકિસ્તાનના બલુચિસ્તાન અને ખૈબર પખ્તુનખ્વા પ્રાંતોમાં મુસાફરી નહીં કરવાની સલાહ આપી છે. આ એડવાઈઝરીમાં આ વિસ્તારોમાં આતંકવાદી પ્રવૃત્તિઓ અને સશસ્ત્ર સંઘર્ષની શક્યતાનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે. અમેરિકન નાગરિકોને પાકિસ્તાનની મુસાફરી પર પુનર્વિચાર કરવા અને LoC નજીકના વિસ્તારો ટાળવા માટે કહેવામાં આવ્યું છે. નિયંત્રણ રેખાની બંને બાજુ ભારતીય અને પાકિસ્તાની સૈનિકોની ભારે તૈનાતી છે. આ સલાહકારમાં સશસ્ત્ર સંઘર્ષના જોખમને કારણે આ વિસ્તારને ખતરનાક ગણાવવામાં આવ્યો છે. બલુચિસ્તાન અને ખૈબર પખ્તુનખ્વાએ આતંકવાદી હુમલા અને હિંસાની ઘટનાઓનો ઉલ્લેખ કર્યો છે. આ વિસ્તારોમાં સુરક્ષા પરિસ્થિતિ અસ્થિર માનવામાં આવે છે.યુએસ ડિપાર્ટમેન્ટ ઓફ સ્ટેટ તેના નાગરિકોને આ વિસ્તારોમાં મુસાફરી કરવાનું ટાળવા અને એકંદરે પાકિસ્તાનની મુસાફરી પર પુનર્વિચાર કરવાની ભલામણ કરે છે.

## આઈફા-૨૦૨૫માં ૧૦ એવોર્ડ સાથે લાપતા લેડીઝ છવાઈ

(એજન્સી) નવી દિલ્હી,તા.૧૦ IIFA ડિજિટલ એવોર્ડ્સના એક દિવસ પછી, મોટા પડદા પર રિલીઝ થયેલી ફિલ્મો માટે IIFA એવોર્ડ્સ આપવામાં આવ્યા. કિરણ રાવ દ્વારા દિગ્દર્શિત 'લપતા લેડીઝ'૨૫મા આઈફા એવોર્ડ્સમાં હિટ રહી હતી. આ ફિલ્મે વિવિધ શ્રેણીઓમાં કુલ ૧૦ પુરસ્કારો જીત્યા છે. કરણ જોહર અને કાર્તિક આર્યન સંયુકત રીતે આ શોનું સંચાલન કરતા હતા. આ ઉપરાંત રાજ કપૂરને તેમની જન્મશતાબ્દી નિમિત્તે શ્રદ્ધાંજલિ પણ આપવામાં આવી હતી. તેમની ફિલ્મોના ગીતો પર પ્રદર્શન આપવામાં આવ્યું.

## ચૂંટણીકાર્ડમાં પણ યુનિક નંબર આવશે

(એજન્સી) નવી દિલ્હી,તા.૧૦ ચૂંટણી પંચે દેશમાં ચૂંટણીમાં પારદર્શિતા અને નિષ્પક્ષતા વધારવા માટે એક ઐતિહાસિક નિર્ણય લીધો છે. પંચે ડુપ્લિકેટ EPIC (મતદાર ફોટો ઓળખ પત્ર) નંબરોની સમસ્યાને દૂર કરવા માટે ૩ મહિનાની સમય મર્યાદા નક્કી કરી છે. આ પહેલનો ઉદ્દેશ્ય ચૂંટણી પ્રક્રિયાની નિષ્પક્ષતાની ખાતરી કરવા અને દરેક મતદારો પાસે ફક્ત એક માન્ય ઓળખ હોવાની ખાતરી કરવાનો છે. તેનાથી ભારતના મતદરાનો ડેટાબેસ વધારે સટીક અને વિશ્વસનીય બની જશે. સાથે જ આધાર કાર્ડની માફક હવે વોટરને વોટિંગ કાર્ડનો પણ યૂનિક કાર્ડ નંબર આપવામાં આવશે.

ભારતનો મતદાર યાદી ડેટાબેઝ વિશ્વનો સૌથી મોટો ડેટાબેઝ માનવામાં આવે છે, જેમાં ૯૯ કરોડથી વધુ નોંધાયેલા મતદારો છે. તે નિયમિતપણે અપડેટ કરવામાં આવે છે. ચૂંટણી પંચે શોધી કાઢ્યું છે કે કેટલાક મતદારોને ભૂલથી ડુપ્લિકેટ EPIC નંબર આપવામાં આવ્યા છે.

## યુક્રેનમાં ઈન્ટરનેટ બંધ કરવાની મસ્કની ધમકી



(એજન્સી) વોશિંગ્ટન તા.૧૦ ટેસ્લા અને સ્ટારલિંકના સીઈઓ ઈલોન મસ્કે યુક્રેનનું ઈન્ટરનેટ બંધ કરવાની ધમકી આપી છે. રવિવારે, મસ્કે કહ્યું કે જો તે યુક્રેનમાં તેની સ્ટારલિંક સિસ્ટમ બંધ કરશે, તો યુક્રેનની ડિફેન્સ લાઈન ધ્વસ્ત થઈ તૂટી જશે.

મસ્કની સ્ટારલિંક ઈન્ટરનેટ સિસ્ટમ યુક્રેનને મિલિટરી કમ્યુનિકેશન જાળવવામાં મદદરૂપ થઈ છે. મસ્કે X પર પોસ્ટ કરીને લખ્યું, સ્ટારલિંક સિસ્ટમ યુક્રેનિયન સૈન્યની કરોડરજ્જુ છે. હું યુદ્ધ અને નરસંહારથી કંટાળી ગયો છું. છેવટે યુક્રેન હારવાનું છે. સ્ટારલિંક લો-અર્થ ઓર્બિટ (LEO) માં સેટેલાઈટસનું વિશ્વવ્યાપી નેટવર્ક ચલાવે છે અને ઘણા દેશોમાં અવકાશ-આધારિત બ્રોડબેન્ડ કનેક્ટિવિટી પ્રદાન કરે છે. કંપની પાસે વિશ્વભરમાં ગમે ત્યાંથી સ્માર્ટફોન પર સીધી સેટેલાઈટ બ્રોડબેન્ડ સેવાઓ પૂરી પાડવાની ક્ષમતા છે.

## માર્ક કારની કેનેડાના આગામી વડાપ્રધાન બનશે : ટુડ્રોનું સ્થાન લેશે

(એજન્સી) ટોરોન્ટો તા.૧૦ માર્ક કાર્ની કેનેડાના આગામી વડા પ્રધાન બનશે. તેઓ જસ્ટિન ટ્રુડોનું સ્થાન લેશે. રવિવારે મોડી રાત્રે લિબરલ પાર્ટીએ તેમને પોતાના નેતા તરીકે ચૂંટ્યા છે. કાર્નીને ૮૫.૯% મત મળ્યા હતા.

કાર્નીએ પીએમ પદની રેસમાં ભૂતપૂર્વ નાણામંત્રી ક્રિસ્ટિયા ફ્રીલેન્ડ, ભૂતપૂર્વ સરકારી ગૃહ નેતા કરીના ગોલ્ડ અને ભૂતપૂર્વ સંસદ સભ્ય ફ્રેન્ક બેલિસને હરાવ્યા. તેઓ પહેલા કેનેડાના વડાપ્રધાન હશે જેમને કોઈ પણ કાયદાકીય કે કેબિનેટ અનુભવ નહીં હોય.

આ પહેલા, વિદાય લેતા પીએમ જસ્ટિન ટ્રુડોએ પાર્ટી અને તેમના સમર્થકોને સંબોધિત કર્યા. તેમણે કહ્યું - મને ખોટો ન સમજશો, છેલ્લા ૧૦ વર્ષમાં આપણે જે કર્યું છે તેના પર મને ખૂબ ગર્વ છે.

લોન... લોન... લોન...લોન...






# જૂનાગઢ લો કોલેજ-અખીલ ભારતીય વિદ્યાર્થી પરિષદના સંયુક્ત ઉપક્રમે વિશ્વ મહિલા દિવસ નિમિત્તે સેમિનાર યોજાયો




(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા.૧૦

જૂનાગઢ જુનિયર ચેમ્બર એજ્યુકેશન ટ્રસ્ટ સંચાલિત લો કોલેજ જૂનાગઢ તેમજ અખીલ ભારતીય વિદ્યાર્થી પરિષદના સંયુક્ત ઉપક્રમે વિશ્વ મહિલા દિવસ નિમિત્તે કોલેજ કક્ષાએ મહિલાઓનું માનવીય જીવનમાં મહત્વ તેમજ સ્ત્રીઓને લગતા કાયદાકીય પ્રાવધાનો અંતર્ગત સેમીનારનું આયોજન કરવામાં આવ્યું હતું. વિશ્વ મહિલા દિન નિમિત્તે આયોજિત સેમિનારમાં લો કોલેજના પ્રિન્સિપાલ ડો પરવેઝ બ્લોચે માનવીના જીવનમાં મહિલા શક્તિના મહત્વ અંગે પ્રાસંગિક પ્રવચન આપ્યું હતું. માસ્ટર ઓફ લો કોલેજના એચ.ઓ.ડી. ડો. નિરંજનાબેન મહેતાએ વર્તમાન પરિપેક્ષમાં મહિલાની સ્થિતિ અને કાયદાકીય હક્કો અને અધિકારી અંગે વિસ્તૃત માહિતી આપી હતી. સેમિનારના મુખ્ય મહેમાન પોલીસ હેડ કોન્સ્ટેબલ લલીતાબેન શર્માએ પોલીસ ઓફિસર તરીકે મહિલાઓની સમાજમાં ભૂમિકા વિષે વક્તવ્ય આપ્યું હતું. અખીલ ભારતીય વિદ્યાર્થી પરિષદના પ્રદેશ કારોબારીના સભ્ય જુનાગઢના નગર સહમંત્રી કુ. પ્રિયાબેન બારડ દ્વારા દેશના વિકાસમા મહિલાઓની ભાગીદારી વિષે માહિતી આપી હતી. અખીલ ભારતીય વિદ્યાર્થી પરિષદના કોમર્સ કોલેજના સ્ટુડન્ટ ફોર સેવાનો કાર્યભાર સંભાળતા કુ. રોશનીબેન ચાવડાએ મહિલા રક્ષણ અંગેની માહિતી આપી હતી. કોલેજના પ્રોફેસર ડો. કલ્પનાબેન રાઠોડે પણ મહિલાઓ સમાજમાં મહત્વિવ અંગે માર્મિક સંબોધન કર્યું હતું. કાર્યક્રમનું સફળ સંચાલન કોલેજના પ્રોફેસર ડો. સંજય ધાનાણી દ્વારા કરવામાં આવ્યું હતું. સેમિનારને સફળ બનાવવા કોલેજનો કર્મચારીગણ તેમજ અખીલ ભારતીય વિદ્યાર્થી પરિષદના કચોટ આર્ય અને કરંગિયા મેહુલ સહિતનાએ જહેમત ઉઠાવી હતી.

# મહિલા પોલીસ સ્ટેશન તથા સાઈનાથ ચેરીટેબલ ટ્રસ્ટના સંયુક્ત ઉપક્રમે ખીજડી પ્લોટ સત્યનારાયણ મંદીર ખાતે મહિલા સેમિનાર યોજાયો



(પ્રતિનિધિ દ્વારા)

ગોસા(ઘેડ) તા.૯

આજની નારી પણ પુરૂષ સમોવડી બની સરકારી ડિપાર્ટમેન્ટમાં વિવિધ જગ્યાઓમાં ઉચ્ચ હોદા ઉપર નોકરીઓમાં અને રાજકીય રીતે અનેક હોદ્દાઓ ઉપર બીરાજમાન છે. ત્યારે પો.ઈન્સ. વી.કે.ગોલવેલકર તથા પો.સબ.ઈન્સ કે. એમ.સૈયદ તથા પો.સબ.ઈન્સ એસ.આર. ચાવડા સાથે રહી ૮મી માર્ચના આંતરરાષ્ટ્રીય મહિલા દિવસ નિમિત્તે મહિલા પોલીસ સ્ટેશન તથા ઉધ્યોગનગરમાં ફરજ બજાવતાં મહિલા પોલીસ કર્મચારીઓએ પોલીસ ખાતા માં મહત્વના યોગદાન આપવા બદલ મીઠાઈઓ આપી શુભેચ્છાઓ પાઠવી હતી. આંતરરાષ્ટ્રીય મહિલા દિવસ નિમિત્તે ગુજરાત રાજયના ડી.જી.પી. વિકાશ સહાયનાઓ દ્વારા ગુજરાત રાજ્યના તમામ જિલ્લાઓના તમામ રેંજના વડાઓને તથા તમામ પોલીસ અધિકક્ષકઓને "આંતરરાષ્ટ્રીય મહિલા દિવસ નિમિત્તે" મહિલા કર્મચારીઓના પોલીસ ખાતામાં મહત્વનું યોગદાન આપવા બદલ તાબાના મહિલા અધિકારી/ કર્મચારીઓને શુભેચ્છા પાઠવવા હુકમ કરવામાં આવેલ છે. જે અન્વયે જૂનાગઢ રેંજના આઈજીપી નિલેશ જાજડીયાનાઓ તથા પોરબંદર પોલીસ અધિક્ષક ભગીરથસિંહ જાડેજાનાઓ તથા મદદનીશ પોલીસ અધિક્ષક સાહિત્ય વી. નાઓ તથા નાયબ પોલીસ અધિક્ષક મુખ્ય મથક ઋતુ રાબાનાઓના માર્ગદર્શન તથા આગેવાની હેઠળ પોરબંદર જિલ્લા પોલીસ સ્ટેશનમાં ફરજ બજાવતા મહિલા કર્મચારી અધિકારીઓને મીઠાઈ અર્પણ કરી શુભેચ્છા પાઠવવા અનુરોધ કરવામાં આવેલ. જે અંતર્ગત ૮મી માર્ચે ઉદ્યોગ નગર પોલીસ સ્ટેશનમાં ફરજ બજાવતા મહિલા અધિકારી કર્મચારીઓ માટેનો શુભેચ્છા કાર્યક્રમ રાખવામાં આવેલ અને તમામ મહિલા અધિકારી/ કર્મચારીઓને મીઠાઈ ખવડાવી તેમના દ્વારા પોલીસ ખાતામાં મહત્વનું યોગદાન આપવા બદલ શુભેચ્છાઓ સાથે અભિનંદન પાઠવવામાં આવેલ હતાં. આવી રીતે મહિલા પોલીસ સ્ટેશન પોરબંદરના પો.ઈન્સ.વી.કે. ગોલવેલકર તથા પો.સબ.ઈન્સ કે. એમ.સૈયદ તથા મહિલા પોસ્ટે ના સ્ટાફ તથા સાઈનાથ ચેરીટેબલ ટ્રસ્ટના નિમિષાબેન જોશી (જીલ્લા નારી સુરક્ષા સમીતી સભ્ય) તથા તેના સ્ટાફના સંયુક્ત ઉપક્રમે ખીજડી પ્લોટ સત્ય નારાયણ મંદીર ખાતે મહિલાઓ આત્મનીર્ભય બને એ હેતુ થી મહિલા દિન નીમીતે ''આજકી નારી સબપર ભારી'' જેવા સાર્થક સુત્ર સાથે મહિલા સંમેલનનું યોજાયું હતું જેમાં અંદાજીત ૫૦૦ મહિલાઓ ઉપસ્થિતિ રહી હતી અને તેઓને કાયદાકીય માર્ગદર્શન તેમજ સુરક્ષા સબંધે મહિલા પોલિસ સ્ટેશનની મદદ તથા ૧૮૧ મહિલા હેલ્પલાઈન વિશે માહિતગાર કરેલ આમ આંતરરાષ્ટ્રીય મહિલા દિવસની ઉજવણી પોલીસ સ્ટાફ તરફથી પણ ઉત્સાહ પૂર્વક કરવામાં આવી હતી.

# દ્વારકા જતા પદયાત્રીઓની સેવા માટે કાર્યરત વિવિધ કેમ્પોની મુલાકાત લઈ સેવાઓનું નિરીક્ષણ કરતા વન અને પર્યાવરણ મંત્રી મુળુ બેરા



## દ્વારકા ફૂલડોલ ઉત્સવમાં પુણ્યનું ભાથું બાંધવા જતા પદયાત્રીઓને સલામતી તથા ઝીરો વેસ્ટ અભિગમને અપનાવવા મંત્રીએ કર્યું આહવાન

(પ્રતિનિધિ દ્વારા)

દ્વારકા તા.૧૦

દ્વારકા ખાતે આસ્થા અને પુણ્યનું ભાથું બાંધવા માટે ફૂલડોલ ઉત્સવમાં સહભાગી થવા માટે બહોળી સંખ્યામાં પદયાત્રીઓનો અવિરત પ્રવાહ જઈ રહ્યો છે. ત્યારે પદયાત્રીઓની સેવા માટે સેવાભાવીઓ દ્વારા દ્વારકા જિલ્લામાં વિવિધ સેવા કેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં વન અને પર્યાવરણ વિભાગના કેબિનેટ મંત્રી મુળુભાઈ બેરાએ વિવિધ સેવા કેમ્પોની મુલાકાત લઈ દ્વારકા જતા પદયાત્રીઓને પ્રોત્સાહિત કર્યા હતાં. મંત્રીએ દ્વારકા જિલ્લામાં આવેલ વિવિધ સેવા કેમ્પો જેવા કે બહાદુરસિંહ વાઢેર દ્વારા આયોજિત સ્વામિનારાયણ અન્ન ક્ષેત્ર, એસ્સાર કંપની દ્વારા આયોજિત પદયાત્રી સેવા કેમ્પ, જિલ્લા પોલીસ તંત્ર દ્વારા આયોજિત કેમ્પ,સેવા આનંદ કેમ્પ, દ્વારકાધીશ મિત્ર મંડળ સહિતના કેમ્પોની મુલાકાત લઈ યાત્રાળુઓ ખબર અંતર પૂછ્યા હતા તેમજ યાત્રાળુઓને ભોજન પીરસી સેવાનો અવસર મેળવ્યાની લાગણી અનુભવી હતી. આસ્થાના પર્વમાં ભગવાન દ્વારકાધીશ સંગ હોળી ધૂળેટીના તહેવાર ઉજવવા માટે જતા યાત્રાળુઓ પ્રદૂષણમુક્ત પર્યાવરણ મળે તેવા ઉમદા આશય સાથે રસ્તાઓ પ્લાસ્ટિક મુક્ત બને તે માટે સામાજિક અગ્રણીઓ, વિવિધ કંપનીઓ, જિલ્લા વહીવટી તંત્ર અને સ્વયંસેવકોના સહયોગથી પ્લાસ્ટિકનો કચરો એકત્ર કરવાની કામગીરી કરવામાં આવી રહી છે. મંત્રી દ્વારા ગુજરાત પોલ્યુશન કંટ્રોલ બોર્ડ દ્વારા સંચાલિત વેસ્ટ એકત્રિત કરવાના વાહનને લીલીઝંડી આપી પ્રસ્થાન કરાવ્યું હતું. ઉપરાંત ડિસ્પોઝેબલ વસ્તુઓનો ઉપયોગ ન કરવા તેમજ પર્યાવરણ પ્રદૂષણ અંગે જાગૃતતા લાવવાના પ્રયાસો કરવામાં આવી રહ્યા છે. મંત્રી મુળુભાઈ બેરાએ નિઃસ્વાર્થ ભાવે સેવા કરતા વિવિધ સેવા કેમ્પોની મુલાકાત લઈ આયોજકો દ્વારા યાત્રાળુઓને આપવામાં આવતું સેવાઓનું નિરીક્ષણ તેમની મહેનતને બિરદાવી હતી. તેમજ દ્વારકા જતા પદયાત્રાનો ઝીરો વેસ્ટનો સંકલ્પ બનાવી સ્વચ્છતા જાળવવા માટે અપીલ કરી હતી. વિવિધ સેવા કેમ્પો ખાતે વિશ્રામ કરવા રોકાયેલા યાત્રાળુઓ સાથે મંત્રીએ વાર્તાલાપ કરી સાવચેતી અને સલામતી સાથે યાત્રા પૂર્ણ કરવા માટે જણાવ્યું હતું.

# દ્વારકામાં ફુલડોલ ઉત્સવની તૈયારીનો ધમધમાટ શરૂ થયો



## કિર્તીસ્થંભ થી છપ્પનસિડી મંદિર પરીસરમાં તડકાથી બચવા મંડપો બેરીકેટીંગો જેવી સુવિધાઓ : ભાવિકોને મંદિરે દર્શનાથે જવા આજથી કિર્તીસ્થંભથી એન્ટરી થઇ સ્વર્ગ દ્વાર છપ્પન સિડી થઈ મંદિરમાં એન્ટ્રી થશે અને મોક્ષ દ્વારેથી મંદિર બહાર નિકળવા માટેની વ્યસ્થા કરાઈ

(પ્રતિનિધિ દ્વારા)

દ્વારકા તા.૧૦

યાત્રાધામ ખાતે હોળી ફુલડોલ ઉત્સવ ને માત્ર ચાર જ દિવસ બાકી છે. ફુલડોલ ઉત્સવ ઉજવવા પદ યાત્રિકો તેમજ લાખો ભાવિકો દ્વારકાધીશ જગતમંદિરે દર્શનાથે આવનાર હોય સબંધિક્ત તંત્ર દ્વારા ફુલડોલ તહેવાર ઉજવવા આવનાર ભક્તોને અગવડતા ન પડે તે માટે તૈયારીઓનો ધમધમાટ શરૂ કરી દિધો છે. કિર્તીસ્થંભથી છપ્પન સિડી સુધી તેમજ મંદિર પરિસરમા ભાવિકોને તડકાથી બચવા સમિયાણા બંધાયા છે. ભિડના કારણે ધકામુકી ન થાય તે માટે બેરીકેટીંગો નાખવામાં આવી રહી છે. ભાવિકો ને આજ દસમી તારીખથી કિર્તીસ્થંભ પાસેથી એન્ટરી દઈ સ્વર્ગ દ્વાર છપ્પન સિડીએથી જગતમંદિર અંદર દર્શન કરવા જવા માટે પ્રવેશની વ્યવસ્થા રાખવામાં આવી છે. મંદિર પરીસર મોક્ષ દ્વારેથી મંદિર બહાર નિકળવા માટેની વ્યસ્થા કરવામાં આવી છે. હોળી ફુલડોલ ઉત્સવ નિમીતે ભાવિકો કાળિયા ઠાકોરના દર્શન આરામથી કરી શકે તે માટે તંત્ર દ્વારા વ્યવસ્થાના ભાગ રૂપે તૈયારીઓનો ધમધમાટ શરૂ કરી દિધો છે.

# ગુરૂવારે હોળી પ્રાગ્ટયમાં મુર્હુત-ચોઘડીયા જોવાની જરૂર નથી : વિજ્ઞાન જાથા

(પ્રતિનિધિ દ્વારા)

અમદાવાદ તા.૧૦

ભારતમાં સદીઓથી ઉત્સવ-તાહેવારોના સમયગાળામાં અમુક જયોતિષીઓ, લેભાગુઓ જ્યોતિષની ચોપડીનો આધાર આપી મુર્હુત-ચોઘડીયા બતાવી જનસમાજમાં શંકા-કુશંકા, અસમંજસ ઉભી કરી દ્વિધા પેદા કરતાં જોવા મળે છે તેથી ગુરૂવાર તા. ૧૩ મી એ હોલિકાત્સવ પ્રાગ્ટય હોલિકા દહન પોતાના વિસ્તારને અનુકુળ હોય તેવા સમયે પ્રાગ્ટય કરવા ભારત જન વિજ્ઞાન જાથાની રાજય કચેરીએ લોકોને અપીલ કરી છે. હોળી ગમે તે સમયે પરિસ્થિતિ મુજબ થતી હોય છે. હોળી પ્રાગ્ટયમાં મુર્હુત વિગેરે જોવાની જરૂર નથી. જાથાના ચેરમેન એડવોકેટ જયંત પંડયાએ જણાવ્યું કે રાજયમાં છેલ્લા ૩૩ વર્ષથી ઉત્સવ - તહેવારની ઉજવણી સંબંધી અપીલમાં લોકોએ જાથાને બહોળો પ્રતિસાદ આપી જયોતિષીઓ-લેભાગુઓના ફળકથનોનો ઉલાળીયો કર્યો છે. મુર્હુત-ચોઘડીયાને કોરાણે મુકી અનુકુળતા મુજબ ઉજવણી કરી છે. આ વર્ષો મોડી રાતે હોળી પ્રાગ્ટય કરવું તેવા ફળકથનને લોકો ફગાવશે દેશના બધા જયોતિષીઓમાં એકમત નથી. તેમાં જયોતિષ ચોપડી કારણભૂત છે તેને વિજ્ઞાનનો આધાર નથી. મુર્હુત-ચોઘડીયા, યોગ, ભદ્રાવિષ્ટિ વગેરે માનવીએ પોતાના મનમાંથી પેદા કરેલ છે તેને કુદરત-પ્રકૃતિ નિયમ સાથે કશી જ લેવા દેવા નથી. તેથી હોળી પ્રાગ્ટય પોતાના વિસ્તારને અનુકુળતાએ કરવા અપીલ છે. વધુમાં જયંત પંડયા જણાવે છે કે આ વર્ષો દેશભરમાં ગુરૂવાર તા૧૩ મી માર્ચે હોલિકાત્સવની હોલિકા દહન અને ધૂળેટી પર્વ ગામે-ગામે, આનંદ-ઉલ્લાસથી કરવામાં આવશે. તેમાં મુર્હુત-ચોઘડીયાની લપમાં પડવાની જરૂર નથી. જાથાના વર્ષોના અનુભવ મુજબ રામ ભગવાનને પણ વનવાસ થયો હતો તે સિધ્ધાંત મુજબ જે થવાનું છે તે થાય છે તો લોકોએ ચિંતા કરવાની જરૂર નથી. અમુક જયોતિષીઓ ઉટાંગ-પુટાંગ વિચારો મુકી લોકોને અવળે માર્ગે વાળે છે તેનો જાથા સખ્ત શબ્દોમાં વખોડે છે. જયોતિષીઓ પોતાનું ભવિષ્ય જોઈ શકતા નથી તે બીજાનું ભલું શું કરી શકે તે યક્ષ પ્રશ્ન છે ? જાથા લોકોને યાદ અપાવે છે કે અમદાવાદમાં વર્લ્ડ કપ ક્રિકેટ મેચમાં ફાઈનલમાં ભારત-ઓસ્ટ્રોલિયા મેચમાં દેશના ૯૯ ટકા જયોતિષીઓ ખોટા પડયા હતા. ભારતની કારમી હાર થઈ હતી. તેના ઉપરથી લોકોએ બોધપાઠ લેવાની જરૂર છે. જયોતિષ નિર્જીવ ગ્રહો, અનુમાન આધારિત જો અને તો નસીબ, કર્મના સિધ્ધાંત વિગેરે ગતકડા મુકી સદીઓથી લોકોને ઉંધા ચશ્મા પહેરાવે છે હવે જાગવાની જરૂર છે. જયોતિષ ચોપડીનો પાયો જ અસત્ય ઉપર હોય વારંવાર ફળકથનો ખોટા પડે છે. અંતમાં ગુરૂવાર સાંજથી મોડી રાત સુધીમાં ગામે-ગામ પોતાની અનુકુળતા મુજબ હોળી પ્રાગ્ટય કરવા જાથા અપીલ કરે છે.

# સમઢીયાળા ગામે આવેલી દિવ્યાંગ બાળકોની સંસ્થાની મુલાકાત લેતા મનપાના મેયર ધર્મેશભાઈ પોશિયા




(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા.૧૦

શ્રીજી દિવ્યાંગ ચેરીટેબલ ટ્રસ્ટ સંચાલિત અતિ ગંભીર બાળકોની સંસ્થા મેંદરડાના સમઢીયાળા રોડ ઉપર કાર્યરત છે. આ સંસ્થામાં ૨૧ જેટલા અતિ ગંભીર દિવ્યાંગો રહેશે. જૂનાગઢ મહાનગરપાલિકાના નવ નિયુક્ત મેયર ધર્મેશભાઈ ખાસ આ સંસ્થાને મુલાકાત માટે જ પધારેલ હતા. સંસ્થાના બાળકો સાથે સમય પસાર કરી અને સંસ્થા તથા બાળકો વિશે માહિતી મેળવી હતી. સંસ્થાની સ્વચ્છતા અને સુઘડતા તથા સંસ્થામાં રાખવામાં આવેલ બાળકોની દેખરેખથી અભિભૂત થયેલ હતા અને સંસ્થાનું પ્રાકૃતિક વાતાવરણ ખૂબ જ સુંદર છે તેવું જણાવેલ હતું. આ તકે ધર્મેશભાઈ જણાવેલ કે ખરેખર માનવસેવા એ જ પ્રભુ સેવાના સૂત્રને સાર્થક કરતી આ સંસ્થા આવા અતિગંભીર દિવ્યાંગો કે જેમને પોતાની દૈનિક ક્રિયાઓનું પણ ભાન નથી. એવા બાળકોને ખૂબ જ સારી રીતે સંભાળ રાખી રહી છે આ માટે તેમણે સંસ્થાના સંચાલક મંડળને ખૂબ જ શુભેચ્છા પાઠવી હતી અને સંસ્થાને જ્યારે પણ કોઈ જરૂર પડે ત્યારે મદદ કરવાની ખાતરી આપી હતી. આ તકે સંસ્થાના સંચાલક કૌશિકભાઈ જોશીએ ધર્મેશભાઈ પોશિયાનો અંતઃકરણપૂર્વક આભાર વ્યક્ત કર્યો હતો અને આ દિવ્યાંગ બાળકોને આવો જ પ્રેમ અને હુંફ મળતી રહે તેવી અભ્યર્થના વ્યક્ત કરી હતી તેમ સંસ્થાના સંચાલક કૌશિકભાઈ જોશીની યાદીમાં જણાવવામાં આવેલ છે.

# કલ્યાણપુરના હાબરડી ગામે અપરણિત યુવાનની ઘાતકી હત્યા : સાહોદરની અટકાયત



(પ્રતિનિધિ દ્વારા)

જામ ખંભાળિયા તા.૧૦

કલ્યાણપુર તાલુકાના મણીપુર હાબરડી ગામે રહેતા ૪૦ વર્ષના એક આહિર યુવાનનું ગત શુક્રવારે મોડી રાત્રીના સમયે કોઈ શખ્સોએ ગળું દબાવીને હત્યા નિપજાવ્યાનો બનાવ પ્રકાશમાં આવ્યો છે. આ પ્રકરણમાં એલસીબી પોલીસે તાકીદની કાર્યવાહી કરી અને આરોપી એવા મૃતક યુવાનના મોટાભાઈને દબોચી લીધો હતો. આ સમગ્ર પ્રકરણ અંગે કલ્યાણપુર પોલીસમાં જાહેર કરવામાં આવેલી વિગત મુજબ કલ્યાણપુરથી આશરે ૪૦ કિલોમીટર દૂર મણીપુર હાબરડી ગામે રહેતા દેવશીભાઈ નારણભાઈ કરમુર નામના વૃદ્ધનું આજથી આશરે ચાર વર્ષ પહેલાં મૃત્યુ નીપજ્યું હતું. તેમના પત્ની ભેનીબેન દેવશીભાઈ કરમુર તેમના ત્રણ પૈકી બે અપરણિત પુત્રો વીરાભાઈ અને રામદેભાઈ સાથે રહેતા હતા. ૪૦ વર્ષથી વીરાભાઈ તથા દિવ્યાંગ એવા રામદેભાઈ બન્ને અપરણિત હતા. શુક્રવાર તારીખ ૭ ના રોજ રાત્રિના આશરે નવેક વાગ્યે માતા-પુત્રો વાળું-પાણી કરીને દસેક વાગ્યે સુવા ગયા હતા. વીરાભાઈ તેમના મકાનની પાછળના ભાગે ઘઉં કાઢેલ, ત્યાં ગયા હતા. ત્યારે રાત્રિના આશરે એક વાગ્યાના સમયે તેમના મોબાઈલ ફોનની લાઈટ ચાલુ હોવાથી તેમના માતા ભેનીબેને તેમને ઉઠાડીને ઉઠાડ્યા હતા. ત્યાર બાદ વીરાભાઈ બીડી પીને સુઈ ગયા હતા. આ પછી શનિવારે સવારે આશરે છ વાગ્યાના સમયે માતા ભેનીબેને તેમના પુત્ર વીરાભાઈને ઉઠાડતા તે કાંઈ બોલતા ન હતા અને એક પડખે ખાધેલ સુતા હતા. આટલું જ નહીં, તેમના મોઢા તેમજ નાકમાંથી લોહી વહેતું હતું અને તેમનું મૃત્યુ નીપજ્યું હોવા અંગેનું જાણવા મળ્યું હતું. આ સમગ્ર બનાવવા અંગેની જાણ તેમના દ્વારા કલ્યાણપુર પોલીસને કરવામાં આવતા વીરાભાઈના મૃતદેહનું જામનગર ખાતે ફોરેન્સિક પોસ્ટમોર્ટમ કરવામાં આવ્યું હતું. જેમાં કોઈ શખ્સોએ તેમનું ગળું દબાવીને હત્યા કરી હોવાનું જાહેર થયું હતું. આ બનાવ અંગે મૃતક યુવાનના માતા ભેનીબેન કરમુરની ફરિયાદ પરથી કલ્યાણપુર પોલીસે અજાણ્યા શખ્સો સામે ધોરણસર ગુનો નોંધ્યો હતો. હત્યારાઓની સગડ મેળવવા ડોગ સ્કવોડ સહિતની પણ સેવાઓ લેવામાં આવી હતી. આ ચકચારી પ્રકરણમાં જિલ્લા પોલીસ વડા નિતેશ પાંડેયની સૂચનાથી એલ.સી.બી. પોલીસની ટીમે પણ ઝુકાવતાં પી.આઈ. કે.કે. ગોહિલના માર્ગદર્શન હેઠળ પી.આઈ. એ.એલ. બારસીયા અને બી.એમ. દેવમુરારીની ટીમ દ્વારા સઘન તપાસ આદરવામાં આવી હતી. જે સંદર્ભે પોલીસને મૃતક વીરાભાઈના મોટાભાઈ અરજણ દેવશીભાઈ કરમુર અને તેમના પત્ની જશીબેન અરજણભાઈ કરમુરની હિલચાલ શંકાસ્પદ જણાતા આ દંપતિની સંડોવણી હોવાનું ખુલવા પામ્યું હતું. ઉપરોક્ત દંપતી મૃતક વીરાભાઈના બેસણામાં નહીં જઈ અને ખંભાળિયા તરફ ચાલ્યા જતા એલસીબીની ટીમે ઉપરોક્ત બંને શખ્સોને ખંભાળિયા ખાતેથી શોધી કાઢી અને પૂછપરછ અર્થે એલસીબી કચેરી ખાતે લાવ્યા હતા. અહીં પોલીસ દ્વારા તેઓની કરવામાં આવેલી આગવી ઢબે પૂછપરછમાં તેઓએ વીરાભાઈની હત્યા કરી હોવાની કબુલાત આપી હતી.

### અવસાન નોંધ

ઝાલાવાડ સત્તર તાલુકા બ્રાહ્મણ, મૂળ લીંબડી નિવાસી, હાલ, રાજકોટ સ્થિત ઝાલાવાડ, સત્તર તાલુકા બ્રાહ્મણ વિનોદિનીબેન દિનેશકુમાર ભટ્ટ (ઉ.વ. ૮૧) તે ચૈતન્યભાઈ ભટ્ટ તથા સુધાબેન ભટ્ટના માતાનું તા.૭ને શુક્રવારના રોજ કૈલાશવાસ થયેલ છે. સદગતનું બેસણું તા.૧૦-૩-૨૦૨૫, સોમવારે સાંજે ૪:૩૦થી ૬:૩૦ સુધી તેમના નિવાસ સ્થાન "શિવ શક્તિ", ૩, જંક્શન પ્લોટ, રાજકોટ ખાતે રાખેલ છે.

# માંગરોળ ખાતે મહિલા દિવસની ઉજવણી કરાઈ



(પ્રતિનિધિ દ્વારા)

માંગરોળ તા.૧૦

તા.૯-૩-૨૦૨૫ Ex. રાષ્ટ્રિય મહીલા આયોગ ચેરમેન ડો.રાજલબેન દેસાઈ મહિલા દિવસની ઉજવણી અર્થે સોમનાથ સંસ્કૃત યુનિવર્સિટીમાં કાર્યક્રમ હાજરી આપી હતી. સોમનાથ દાદાના દર્શન કરી ત્યાંથી દ્વારકા દર્શન જવા નીકળતા ભાજપના આગેવાન દાનાભાઈ ખાંભલાને ઘરે પરિવાર સાથે ભોજન લઇ મોંઘેરા મહેમાન બન્યા હતા તેમણે ઉચ્ચ કક્ષાએ પહોંચવા બદલ મહિલા દિવસ નિમિત્તે દાનાભાઈ ખાંભલા ધર્મપત્ની લક્ષ્મીબેન દ્વારા ડો.રાજલબેનને પુષ્પગુચ્છ શાલ અર્પણ કરી નવાજવામાં આવ્યા હતા.

# ભારતીય જનતા પાર્ટી જૂનાગઢ મહાનગર મહિલા મોરચા દ્વારા આંતરરાષ્ટ્રીય મહિલા દિવસનો કાર્યક્રમ યોજાયો




(પ્રતિનિધિ દ્વારા) જૂનાગઢ તા.૧૦

ભારતીય જનતા પાર્ટી જૂનાગઢ મહાનગર મહિલા મોરચા દ્વારા તારીખ ૮-૩-૨૦૨૫ના રોજ સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન પલ્લવીબેન ઠાકરની અધ્યક્ષતામાં આંતરરાષ્ટ્રીય મહિલા દિવસનો કાર્યક્રમ યોજવામાં આવેલો હતો તેમાં પૂર્વ મેયર આધ્યાશક્તિબેન મજમુદાર મહિલા મોરચાના પ્રમુખ જ્યોતિબેન વાડોલીયા પ્રદેશ કારોબારી સભ્ય કનકબેન વ્યાસ મહિલા પૂર્વ કોર્પોરેટર શિલ્પાબેન જોષી વોર્ડ નંબર પાંચના કોર્પોરેટર સોનલબેન પનારા વોર્ડ નંબર સાતના કોર્પોરેટર ભાવનાબેન વ્યાસ, વંદનાબેન દોશી, ત્રિમૂર્તિ હોસ્પિટલના ડોક્ટર દિવ્યતા બેન આજકિયા તેમજ મનિષાબેન કોયાણી, વોર્ડ નંબર ૧૨ના કોર્પોરેટર મધુબેન, મોરચાના મહામંત્રી શીતલબેન તન્ના, ઉપપ્રમુખ શારદાબેન કોટડીયા, મંત્રી ભાવનાબેન માળી, સુનિતાબેન સેવક, જીજ્ઞાબેન દેસાઈ, સાક્ષીબેન જેતપરિયા, કિરણબેન રાણીગા તથા પાર્ટીના મહિલા મોરચાના બહેનો બહોળી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

# કોડિનાર અને તાલાલા સુગર મિલોનો પુનરૂધ્ધાર અને આધુનિકરણના પ્રારંભ સાથે ભૂમિપૂજન કરાવતાં કેન્દ્રીય ગૃહમંત્રી : અમિતભાઈ શાહ






(પ્રતિનિધિ દ્વારા)

કોડીનાર, તા.૧૦

કેન્દ્રીય ગૃહ અને સહકાર મંત્રી અમિતભાઈ શાહે સહકાર રાજયમંત્રી જગદીશભાઈ વિશ્વકર્મા અને સહકારી આગેવાનોની વિશેષ ઉપસ્થિતિમાં ગીર સોમનાથ જિલ્લાના કોડિનાર ખાતે કોડિનાર અને તાલાલા સુગર મિલોનો પુનરૂધ્ધાર અને આધુનિકરણનો પ્રારંભ કરાવતાં સાથે ભૂમિપૂજન કર્યું હતું.

કેન્દ્રીય ગૃહમંત્રીએ આ અવસરે જણાવ્યું કે, ઈન્ડિયન પોટાશ કંપની દ્વારા આ સુગર મિલોની પુનરુદ્ધારથી આ વિસ્તારનો આર્થિક વિકાસ થશે અને ૧૦ હજાર થી વધુ ખેડૂતોના જીવનમાં મોટા પાયે સુધારાનો પ્રારંભ થવા સાથે તેમના જીવનમાં સમૃદ્ધિના દ્વાર ખુલશે. આ સુગર મિલોની શરૂઆતથી આ વિસ્તારમાં આર્થિક ઉજાસ તો ફેલાશે જ, તે સાથે ખેડૂતો જે રીતે જગતને અન્ન પૂરૂ પાડી 'અન્નદાતા' કહેવાય છે, તે જ રીતે આ સુગર ફેક્ટરી દ્વારા ઈથેનોલ અને તેમાંથી વીજળી બનાવી ઉર્જા તથા ગેસનું ઉત્પાદન થવાનું છે. ઈથેનોલના ઉત્પાદનથી દેશની પેટ્રોલિયમની આયાતમાં પણ ઘટાડો થશે અને ઈથેનોલની નિકાસ કરવા સાથે ભારતના ખેડૂતો 'ગ્લોબલ બાયોફ્યુઅલ પ્રોડ્યુસર' બની 'ઉર્જાદાતા' પણ બનવાના છે.

વર્ષોથી ખેડૂતોની અલગ 'સહકાર મંત્રાલય' બનાવવાની માંગણી હતી.વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ બીજી ટર્મમાં વડાપ્રધાન તરીકે કાર્યભાર સંભાળતા જ 'સહકાર મંત્રાલય' બનાવીને ખેડૂતોની આ માંગ પૂરી કરી છે. 'પેક્સ થી અપેક્સ' સુધી અને જિલ્લા અને અર્બન બેંકોનો સંગઠન બનાવવા સાથે ૬૦ કરોડથી વધુ ખેડૂતોને તેનો લાભ મળે તે રીતે આવનારા જીવન માટે વિકાસના દ્વાર ખોલી દીધાં છે. ઈન્ડિયન પોટાશ લિમિટેડ આ વિસ્તારના ખેડૂતોને નવી શેરડીનું બિયારણ મળે, ઉત્પાદન વધે, ડ્રોન ટેકનીકથી ખાતરનો છંટકાવ થાય, નવા સાધનો મળે, ગેસનું ઉત્પાદન થાય વગેરે માટે પણ કાર્ય કરવાની છે. આ બધાથી આ વિસ્તારના ખેડૂતોની સમૃદ્ધિ ચોક્કસ વધશે જ તેઓ વિશ્વાસ મંત્રીશ્રી વ્યક્ત કર્યો હતો.

મંત્રીએ વધુમાં જણાવ્યું હતું કે, વર્ષ ૨૦૧૨-૧૩ માં ૬૦ કરોડની વસતિ ખેતી ઉપર નિર્ભર હતી, ત્યારે તે વખતની કેન્દ્ર સરકારનું રૂા.૨૨ હજાર કરોડનું બજેટ હતું, જ્યારે અમારી સરકાર દ્વારા વર્ષ ૨૦૨૩-૨૪ માં આ બજેટ વધારીને રૂા.૧.૩૭ હજાર કરોડ જેટલું કરવામાં આવ્યું છે. તે જ રીતે, વર્ષ ૨૦૧૨-૧૩માં ખેડૂતોને રૂા.૮.૫ લાખ કરોડ ધિરાણ મળતું હતું, જે આજે રૂા.૨૫.૫૦ લાખ કરોડ જેટલું મળે છે. છેલ્લાં દસ વર્ષમાં ડી.એ.પી.ની થેલીનો ભાવ એટલો જ રહ્યો છે કારણ કે, તેમાં થયેલો વધારો સરકાર દ્વારા ચૂકવવામાં આવે છે. આ ઉપરાંત, કિસાન ક્રેડિટની લિમિટ રૂા.૩ લાખથી વધારેને રૂા.૫ લાખ કરવામાં આવી છે. આ તમામ પગલાંઓ દ્વારા ખેડૂતોના જીવનમાં આમૂલ પરિવર્તન લાવવાનું કામ વડાપ્રધાનશ્રીએ કર્યું છે.

મંત્રીએ શેરડી ખેતીમાં વધુ પાણીનો વપરાશની જરૂર હોય છે, પરંતુ ઈન્ડિયન પોટાશ લિમિટેડના સહકારથી ડ્રીપ એરીગેશન પદ્ધતિ દ્વારા ઓછા પાણીના વપરાશે વધુ શેરડીનું ઉત્પાદન થાય તે દિશામાં અગ્રેસર થવા માટે ઉપસ્થિત ખેડૂતોને અનુરોધ કર્યો હતો. તેમણે ઈન્ડિયન પોટાશ લિમિટેડ અને સહકારી માળખા દ્વારા ખેડૂતોના ઉત્થાન માટે જે સહકાર મળ્યો છે તે માટે આભારની લાગણી વ્યક્ત કરી હતી. ઈન્ડિયન પોટાશ લિમિટેડના ચેરમેન ડો.પંકજકુમાર બંસલે શાબ્દિક સ્વાગત કરતાં જણાવ્યું હતું કે, વર્ષોથી બંધ પડેલી મીલોના કારણે ખેડૂતોની આજીવિકા ઉપર અસર પડી હતી. વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના સહકારથી સમૃદ્ધિના મંત્રને ખરા અર્થમાં ચરિતાર્થ કરતા હવે આ વિસ્તારના ખેડૂતોની સમસ્યાનો ઉકેલ આવ્યો છે. સામાજિક સંવાદિતાના સિદ્ધાંત સાથે સહકારી ક્ષેત્ર આગળ વધી રહ્યું છે. તાલાલા, કોડિનાર અને વલસાડ સુગર મિલો સાથે દસ હજારથી વધુ ખેડૂતો જોડાયેલાં છે. સરકારના સહકારથી આ સુગર મિલો ફરીથી પુનર્જિવિત થઈ છે. ખાંડના ઉત્પાદન સાથે રૂા.૬૦૦ કરોડથી વધુની મૂડીના રોકાણ સાથે હરિત ઉર્જા સ્ત્રોત તેમજ જૈવીક ખાતર જેવું ઉત્પાદન પણ કરવામાં આવશે. બિલેશ્વર ખાંડ ઉદ્યોગના ચેરમેન પ્રતાપસિંહ ડોડિયા અને તાલાલા કો.ઓપરેટિવ સુગર મંડળીના અધ્યક્ષ ભીમશીભાઈ બામરોટિયાએ સહકારી ક્ષેત્રને અગ્રતા આપવા અને તાલાલા-કોડિનાર સુગર મિલોને ફરી શરૂ કરવા માટે કેન્દ્ર તેમજ રાજ્ય સરકાર અને સ્થાનિક સહકારી આગેવાનો દ્વારા જે સહકાર પ્રાપ્ત થયો છે તે માટે આભારની લાગણી વ્યક્ત કરી હતી.

- સુગર મિલના પુનરૂધ્ધરથી ૧૦ હજારથી વધુ ખેડૂત પરિવારોના જીવનમાં સમૃદ્ધિના દ્વાર ખૂલશ
- ખેડૂત 'અન્નદાતા' સાથે હવે 'ઉર્જાદાતા' બની 'ગ્લોબલ બાયો ફ્યુઅલ પ્રોડ્યુસર' બનશે
- વડાપ્રધાને સૌપ્રથમવાર 'સહકાર મંત્રાલય' બનાવીને ખેડૂતોના જીવનમાં અજવાળા પાથર્યા છે
- સહકાર રાજ્યમંત્રી જગદીશભાઈ વિશ્વકર્મા અને સહકારી આગેવાનોની વિશેષ ઉપસ્થિતિ

ઉલ્લેખનીય છે કે, કંપની દ્વારા મિલોને વધુ અસરકારક બનાવવા માટે બે ડિસ્ટલરી, એક ગ્રીન પાવર પ્લાન્ટ, એવિએશન ટર્બાઈન પ્લાન્ટ સહિતની સગવડો ઊભી કરવામાં આવશે. કોડિનાર અને તાલાલા સુગર મિલોની કામગીરી ૩૧ ઓક્ટોબર ૨૦૨૫ સુધીમાં પૂર્ણ કરવામાં આવશે. તેમ જ, આ મિલોમાં શેરડીનું પીલાણ ૧ નવેમ્બર, ૨૦૨૫થી શરૂ કરવામાં આવશે. આ કાર્યક્રમમાં ઈફકોના ચેરમેન અને રાષ્ટ્રીય સહકારિતા સંઘના અધ્યક્ષ દિલીપભાઈ સંઘાણી, સાંસદ રાજેશભાઈ ચુડાસમા, એ.ડી.સી. બેંકના અધ્યક્ષ અજયભાઈ પટેલ, સહકારિતા સચિવ આશિષકુમાર ભૂટાણી, ધારાસભ્ય ભગવાનભાઈ બારડ, કે.સી.રાઠોડ, ડો.પ્રદ્યુમનભાઈ વાજા, પૂર્વ સાંસદ દિનુભાઈ સોલંકી સહિત તાલાલા-કોડિનાર ખાંડ ઉદ્યોગના અગ્રણીઓ, સહકારી ક્ષેત્રના પ્રતિનિધિઓ, ખેડૂત અગ્રણીઓ, સ્થાનિક આગેવાનો અને ઈન્ડિયન પોટાશ લિમિટેડના અધિકારીઓ-કર્મચારીઓ તથા સ્થાનિક નાગરિકો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યાં હતા.

### મુસાફરોને ઝડપથી સુવિધા પુરી પાડવા

## આગામી તહેવારોને ધ્યાને લઈને ગુજરાત એસ.ટી. નિગમનું સવિશેષ આયોજન

**હોળી તથા ધૂળેટીના તહેવારોને અનુલક્ષીને તારીખ ૧૦ માર્ચ થી ૧૬ માર્ચ ૨૦૨૫ દરમ્યાન વધારાની ૧૨૦૦ જેટલી બસો વડે કુલ ૭૧૦૦ જેટલી ટ્રીપોનું એક્સ્ટ્રા સંચાલન કરાશે**

અમદાવાદ, તા.૧૦

રાજયના નાગરિકોને આગામી હોળી ધુળેટીના તહેવારો દરમિયાન સરળતાથી અને સત્વરે યાતાયાતની સુવિધા મળી રહે એ આશયથી ગુજરાત એસ.ટી. નિગમ દ્વારા સવિશેષ આયોજન કરાયું છે. આ તહેવારો દરમ્યાન વધારાની ૧૨૦૦ જેટલી બસો વડે કુલ ૭૧૦૦ જેટલી ટ્રીપોનું એક્સ્ટ્રા સંચાલન કરાશે એમ ગુજરાત એસ.ટી.નિગમની યાદીમાં જણાવાયું છે.

યાદીમાં વધુમાં જણાવાયાનુસાર નિગમ દ્વારા વિવિધ વાર-તહેવાર તથા ધાર્મિક મેળાઓમાં વધારાની બસોનું સંચાલન કરીને રાજયના નાગરિકો પોતાના પરિવાર સાથે તહેવાર ઉજવી શકે એ માટે વધારાની પરિવહન સેવા પુરી પાડે દર વર્ષે પુરી પાડે છે.રાજયના પંચ મહાલ, દાહોદ, ઝાલોદ, ગોધરા, સંત રામપુર, છોટાઉદેપુર વગેરે જિલ્લાના નાગરિકો રાજયના અન્ય જીલ્લાઓમાં નોકરી/ વ્યવસાય/ મજૂરી અર્થે આવન જાવન કરે છે. વતનથી બીજા જીલ્લામાં સ્થાયી થયેલ હોય તેવા પરિવારો હોળી- ધૂળેટી જેવા તહેવારોમાં માદરે વતન તરફ મુસાફરી કરતા હોય છે. જેથી, નાગરીકો પોતાના પરિવાર સાથે પોતાના વતનમાં તહેવારો ઉજવી શકે તે હેતુથી રાજયના વિવિધ જિલ્લાઓમાંથી જેવા કે અમદાવાદ, રાજકોટ, અમરેલી, જુનાગઢ, ભાવનગર અને ભુજ જેવા વિસ્તારમાંથી ગોધરા, દાહોદ, ઝાલોદ, છોટાઉદેપુર વિગેરે જગ્યાએ જવા માટે વધારાની ૧૨૦૦ જેટલી બસો વડે કુલ ૭૧૦૦ જેટલી ટ્રીપો સંચાલિત કરવામાં આવશે. જે પૈકી ડાકોર અને દ્વારકા જવા માટે ૫૦૦ બસો દ્વારા ૪૦૦૦ જેટલી ટ્રીપો સંચાલિત કરાશે જયારે તારીખ ૧૦ માર્ચ ૨૦૨૫ થી ૧૬ માર્ચ ૨૦૨૫ દરમ્યાન હોળી-ધૂળેટીના તહેવારો દરમિયાન પણ આ એક્સ્ટ્રા બસોનું સંચાલન કરવામાં આવશે.

ગત વર્ષે ગુજરાત એસ.ટી. દ્વારા ૧૦૦૦ જેટલી બસો દ્વારા ૬૫૦૦ થી વધુ ટ્રીપોનું સંચાલન કરી મુસાફરોને વતન ભણી મોકલવામાં આવેલ. ઉપરાંત ડાકોર રણછોડરાયજી ફૂલડોલોત્સવ માટે ૪૦૦ બસો દ્વારા ૩૦૦૦ ટ્રીપોનું દર્શનાર્થીઓ માટે વ્યવસ્થા કરવામાં આવી હતી.

નિગમ દ્વારા કરવામાં આવનાર એક્સ્ટ્રા સંચાલન અન્વયેની સર્વિસનું ડેપો ખાતેથી તથા નિગમની વેબસાઈટ ...પ્રજર્ષ્ઠિ.હ ઉપરથી અને નિગમની મોબાઈલ એપ્લીકેશન પરથી તમામ મુસાફરો એડવાન્સ અને કરંટ ઓનલાઈન બુકિંગનો લાભ મેળવી શકશે તથા મુસાફરોને સંચાલન સબંધિત પૂછપરછ માટે નિગમના તમામ ડેપો પરથી અને નિગમના ટોલ ફ્રી નં. ૧૮૦૦ ૨૩૩ ૬૬૬૬૬૬ ઉપર ૨૪ કલાક જાણકારી મેળવી શકશે. જેનો રાજયના નાગરિકો દ્વારા ખાસ લાભ લેવા નિગમ દ્વારા અનુરોધ કરાયો છે.

## કોડીનારનાં કોડીદ્રા મુકામે આંતરરાષ્ટ્રીય મહિલા દિવસની ઉજવણી




(મુગલ અલ્તાફ દ્વારા)

કોડીનાર, તા.૧૦

અંબુજા ફાઉન્ડેશન ૧૯૯૩માં સ્થાપિત થયેલ છે જે CSR અમલીકરણ સંસ્થા છે. ફાઉન્ડેશનનો ગ્રામીણ પરિવારોને સમૃદ્ધિની શ્રેષ્ઠ તક આપવા માટે દરેક દ્રષ્ટિકોણથી સમર્થન આપે છે. જેથી તેઓ સામાજિક અને આર્થિક રીતે આગળ વધીને શ્રેષ્ઠ જીવન જીવી શકે. અંબુજા ફાઉન્ડેશન ગ્રામીણ સમુદાયો સાથે જળ સંસાધન વ્યવસ્થાપન, કૃષિ અને કૌશલ્ય આધારિત આજીવિકા નિર્માણ, આરોગ્ય, શિક્ષણ, મહિલા સશક્તિકરણ અને ગ્રામીણ માળખાગત સુવિધાઓના મુદ્દાઓ પર વિશિષ્ટ રીતે કાર્ય કરે છે. વિકાસ કાર્યક્રમો લોકોની જરૂરિયાતોને અનુરૂપ છે, તેમની સાથે ભાગીદારીમાં અને સમાન વિચારધારા ધરાવતા NGO અને સરકાર સાથે સહયોગમાં કાર્ય કરે છે . મહિલા સસક્ટિકરણ હેઠળ ગીર સોમનાથ જિલ્લાના ૧૩૮ ગામોમાં ૧૪૯૧૮ બહેનો સાથે કાર્યરત છે જેમાં બહેનોના સોસીયલ ઈસ્યુ,પરિવારના, વિધવા સન્માન અને રક્ષા કવચ, આરોગ્ય અને સ્વચ્છતાની જાળવણી માટે શેનીટેશન નું બાંધકામ , ઈન્કમ જનરેટિંગ, સેનેટરી પેડ તાલીમ અને વિતરણ,વ્યસન મુક્તિ, સરકારી વિવિધ પ્રકારની યોજનાઓ સાથે મહિલાઓનું જોડાણ વેગેરે પ્રવૃત્તિ સાથે કાર્યરત છે

તારીખ ૬/૩/૨૦૨૫ નારોજ વેરાવળ તાલુકાના કોડીદ્રા ગામે સુખનાથ મહાદેવ ના સાનિધ્ધમાં અને જિલ્લા પોલીસ અધિક્ષક મનોહરસિંહ જાડેજા, અબુજા સિમેન્ટ કમ્પનીના સી એમ ઓ સંજય વસીષ , સી. પી. એમ.ઉમાશંકર ચૌધરી સાહેબ, અંબુજા ફાઉન્ડેશન ના રીઝનલ ડાયરેકટર દલસુખભાઈ વઘાસીયા અને આજુબાજુના ગામોના સરપંચો, ઉપ સરપંચો અને પંચાયત સભ્યો, અને આગેવાનોની ઉપસ્થિતીમા આજુબાજુ ના રામપરા, કુકરાશ, આણંદપરા, ભેટાળી, પંડવા, કોડીદ્રા અને ગુણવંતપુર ના ગામોમાંથી આ આંતરરાષ્ટ્રીય મહિલા દિવસની ઉજવણીમાં ૬૦૦ થી વધારે મહિલાઓ એ ભાગ લીધો હતો જેમાં જાડેજા સાહેબે એમના વકતવ્ય દરમ્યાન વ્યસન મુક્તિ અને મહિલાઓનું સશક્તિકરણ માટે પારિવારિક સમાધાન ઉપર વધારે કામ કરવા માટે ધ્યાન દોરેલ અને અંબુજા ફાઉન્ડેશન ના મોતીબેન ચાવડાએ સોરઠ મહિલા વિકાસની સફળ ગાથા ની માહિતી આપેલ તેમજ વિસ્તારના વિવિધ મહિલા મંડળની બહેનોને સ્વછતાને લગતી પ્રાથમિક જરૂરી સામગ્રી કીટ આપવામા આવી અને તેમજ વિવિધ મંડળના બહેનોને ધિરાણ ચેક આપવામાં આવ્યા.

## કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, ગીર-સોમનાથ દ્વારા ૩ દિવસીય વૈજ્ઞાનિક મધમાખી ઉછેરની તાલીમ સંપન્ન

(મુગલ અલ્તાફ દ્વારા)

કોડીનાર, તા.૧૦



કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, ગીર સોમનાથ અને આત્મા પ્રોજેક્ટ, ગીર સોમનાથના સંયુક્ત ઉપક્રમે કેવિકે, કોડીનાર ખાતે ૩ દિવસીય વૈજ્ઞાનિક મધમાખી ઉછેરની તાલિમ યોજાય. જેમાં તાલીમની શરૂઆત તાલીમના કોર્સ કોઓર્ડિનેટર અને પાક સંરક્ષણના વિષય નિષ્ણાંત રમેશભાઈ રાઠોડ દ્વારા સર્વે મહેમાનો અને તાલીમાર્થીઓનુ શાબ્દિક સ્વાગત કરવામાં આવ્યુ હતું. ઉદઘાટન પ્રસંગે કેવિકેના વડા જીતેન્દ્રસિંહ સાહેબે ઉપસ્થિત સર્વેને મધમાખી પાલન દ્વારા પૂરક વ્યવસાય કરીને કઈ રીતે ખેતીની સાથે રોજગારીની તકો ઉભી કરી શકાય તે વિશે ખેડૂત મિત્રોને માહિતગાર કર્યા હતા. આત્મા પ્રોજેકટ, ગીર સોમનાથના વડા ડો.પુષ્પકાંત સ્વર્ણકાર મધમાખીના મહત્વ અને આત્મા પ્રોજેકટની ખેડૂતો માટેની ખેતીલક્ષી માહિતી આપી હતી આ કાર્યક્રમની આભાર વિધિ કલ્પેશભાઈ પરમાર, ડેપ્યુટી પ્રોજેકટ ડાયરેકટર, આત્મા, ગીર સોમનાથ દ્વારા કરવામાં આવી હતી. ત્યારબાદ ટેક્નીકલ સેશનની શરૂઆતમાં રમેશ રાઠોડ,વિષય નિષ્ણાંત - પાક સંરક્ષણ એ મધમાખી ઉછેર માટે વપરાતા સાધનો વિશે ઝીણવટપૂર્વકની માહિતી આપી હતી અને મધમાખી પાલનની આદર્શ વૈજ્ઞાનિક પધ્ધતિ, જુદી-જુદી ઋતુઓ દરમ્યાન મધમાખી પાલનમાં રાખવાની થતી કાળજી વિશે સવિસ્તૃત માહિતી આપી હતી અને સાથે-સાથે તેમના ફીલ્ડ લેવલના અનુભવો પણ વર્ણવ્યા હતા. તાલીમના બીજા દિવસે મનીષભાઈ બલદાણીયા, વિષય નિષ્ણાંત-પાક વિજ્ઞાન, કેવીકેએ જુદા-જુદા પાકમાં પરાગનયન માટે મધમાખીનો ફાળો વિષય પર પ્રકાશ પાડયો હતો.તાલીમના ત્રીજા દિવસે ગીર સોમનાથ જિલ્લાના સફળ મધમાખી પાલક જેઠાભાઈ રામના ચમોડા ગામ ખાતેના ફાર્મ ઉપર પ્રેકટીકલ કરાવવામાં આવ્યો હતો અને તેમણે ઉપસ્થિત સર્વે સમક્ષ પોતાના અનુભવો રજૂ કર્યા. હતા. તાલીમના અંતે સર્વે તાલીમાર્થીઓને સર્ટિફિકેટ વિતરણ કરવામાં આવ્યું હતું અને સર્વેનો આભાર વ્યક્ત કર્યો હતો. આ તાલીમમાં ૪૦ જેટલા તાલીમાર્થીઓએ ભાગ લીધો હતો.



ઈન્કમટેક્ષ ભરીને હું પણ તારી હરોળમાં આવી ગયો !



એ વાતો કરે છે વિકાસની અને આપણો અને આપણા પક્ષનો વિકાસ જ નથી થવા

સૌરાષ્ટ્ર ભૂમિ
દૈનિક

તંત્રી લેખ

# હોસ્પિટલોમાં દર્દીઓનું શોષણ ક્યારે અટકશે?

ચિકિત્સા વ્યવસાય કે સ્વાસ્થ્ય વ્યવસાય કોઈ સામાન્ય વ્યવસાય નથી, પરંતુ તે વ્યક્તિગત જીવન અને જન સ્વાસ્થ્ય સાથે જોડાયેલ એક અત્યંત મહત્ત્વપૂર્ણ કાર્ય છે, જેમાં થોડી પણ લાપરવાહી કોઈના જીવન પર ભારે પડી શકે છે. જ્યારે પોતાની કે પોતાના પરિવારની સારવાર કરાવવાના ચક્કરમાં જો કોઈ વ્યક્તિ કે પરિવાર લૂંટાઈ જાય તો એ પણ પ્રશાસનિક દૃષ્ટિએ અયોગ્ય છે અને એવા જ જરૂરિયાતમંદ લોકોના પક્ષમાં સરકાર અને સમાજસેવી સંસ્થાઓ બંનેને અવશ્ય ઊભા થવું જોઈએ.

આ જ કારણ છે કે જનસ્વાસ્થ્ય સાથે જોડાયેલા ચિકિત્સા કે સ્વાસ્થ્ય વ્યવસાયને માત્ર કારોબારી લાભની દૃષ્ટિએ ન જોઈ શકાય, પરંતુ આ એક સામાજિક અને નૈતિક જવાબદારી સાથે જોડાયેલ વિષય છે, જેને જનસેવાની ભાવનાથી કરવામાં આવે તો સરકાર અને સંસ્થા બંનેને યશ મળશે. ભારતીય સભ્યતા અને સંસ્કૃતિ તો શરૂઆતથી સર્વે ભવન્તુ સુખિનઃ સર્વે સંતુ નિરામયા પર આધારિત છે. પરંતુ દેશમાં લાગુ થયેલ નવી આર્થિક નીતિઓથી ઉપજેલી નૈતિક અને કાનૂની મહામારીના દોરમાં જીવનનું દરેક ક્ષેત્ર પ્રભાવિત થઈ રહ્યું છે. દુર્ભાગ્યે ચિકિત્સા વ્યવસાય પણ તેનાથી વંચિત નથી. ચર્ચા છે કે માત્ર આર્થિક લાભના ઉદ્દેશ્યથી ડોકટરો મોંઘા ટેસ્ટ અને બિનજરૂરી દવાઓ લાખી રહ્યા છે. જીવલેણ ઓપરેશન કરવા અને અંગોના કારોબાર સુદ્ધાંમાં તેઓ સંડોવાયેલા જોવા મળી રહ્યા છે. પ્રશાસનિક ભ્રષ્ટાચાર અને ન્યાયિક જટિલતાઓને કારણે બહુ ઓછા કેસો કોર્ટના ઉંબરા સુધી પહોંચી શકે છે. એવામાં સુપ્રીમ કોર્ટ દ્વારા રાજ્ય સરકારોને એમ કહેવું કે પ્રાઈવેટ હોસ્પિટલોમાં દર્દીઓ અને તેમના પરિજનોના 'શોષણ'ને રોકવા માટે યોગ્ય નીતિગત નિર્ણય લે, તે દેર આયે દુરસ્ત આયે જેવો ઘાટ છે. જનહિતના આ સવાલ પર રાજ્ય સરકારોએ તરત એક્શનમાં આવવું જોઈએ.

અસલમાં એક જનહિત અરજીમાં આરોપ લગાવવામાં આવ્યો કે પ્રાઈવેટ હોસ્પિટલો અને તેમની ફાર્મસીમાં એમઆરપી કરતાં વધારે કિંમત વસૂલાઈ રહી છે. તેથી કોર્ટે આ હોસ્પિટલો પર પોતે તો પ્રતિબંધ લગાવવાનો ઈનકાર કર્યો અને કહ્યું કે આ બંધારણમાં રાજ્ય સૂચિનો વિષય છે, તેથી રાજ્ય સરકારો જ તેના પર વ્યાપક દૃષ્ટિકોણથી વિચાર કરી શકે છે. તે જ યોગ્ય ગાઈડલાઈન બનાવી શકે છે. તેમાં સંતુલિત દૃષ્ટિકોણ અપનાવવો પડશે, જેનાથી ના તો દર્દીઓ અને તેના પરિજનોનું શોષણ થઈ શકે અને ના પ્રાઈવટ હોસ્પિટલોના કામકાજ પર વિના કારણે પ્રતિબંધ લાગે.

આ જનહિત અરજી એક કાયદાના વિદ્યાર્થી સિદ્ધાર્થ દાલમિયાએ દાખલ કરી છે. તેમાં કહેવામાં આવ્યું છે કે 'તેમની માતાને ગયા વર્ષે કેન્સર થયું હતું અને હવે તેઓ ઠીક થઈ ગયા છે. પરંતુ તેમની સારવાર દરમ્યાન ખાનગી હોસ્પિટલોમાં જબરદસ્તી મોંઘી દવાઓ ખરીદવી પડી. તેથી તેમની અરજ છે કે દર્દીઓ અને પરિજનોને એ આઝાદી મળે કે તેઓ પોતાની પસંદગીની ફાર્મસીમાંથી દવાઓ, મેડિકલ સાધનો વગેરે ખરીદી શકે. જોકે કેન્દ્રએ કોર્ટમાં કહ્યું છે કે દર્દીઓ પર વિશેષ ફાર્મસીમાંથી દવાઓ, મેડિકલ ઈક્વિપમેન્ટ લેવાની બાધ્યતા નથી.

સુપ્રીમ કોર્ટે કહ્યું છે કે નાગરિકોને બહેતર સ્વાસ્થ્ય સુવિધાઓ આપવી સરકારની જવાબદારી છે. ભલે વધતી આબાદીને કારણે સરકારે ખાનગી હોસ્પિટલોની મદદ લેવી પડી, પરંતુ તેમાં દર્દીઓનું શોષણ ન થવું જોઈએ. જોકે ખાનગી હોસ્પિટલોમાં જે રીતે કેશલેસ સારવારનું ચલણ વધ્યું છે, આ ધંધામાં મોટી મોટી ખાનગી કેશલેસ ચિકિત્સા વીમા કંપનીઓ આવી ગઈ છે, તેમણે હોસ્પિટલોની પેનલો જારી કરી છે, તેનાથી એક સંગઠિત લૂંટ અને એ જ ચક્કરમાં માનવ સ્વાસ્થ્ય, જનસ્વાસ્થ્ય સાથે ખિલવાડ વધ્યો છે. ખાનગી હોસ્પિટલોમાં તો ચૂપકિદીથી નવી નવી દવાઓનું પરીક્ષણ સુદ્ધાં માનવ શરી પર થઈ જાય છે અને કોઈને ગંધ પણ નથી આવતી. કેટલીક ખાનગી હોસ્પિટલો અને તેમના ડોક્ટર તો લોહી અને માનવ અંગોના ગેરકાયદે કારોબાર સુદ્ધાંમાં સંડોવાયેલા જોવા મળ્યા હતા. આવા આરોપો હંમેશાં અખબારોમાં ચમકતા રહે છે.

ત્યાં જ જ્યારે કેન્દ્ર સરકાર ગરીબોને આયુષ્માન ભારત કાર્ડ આપવા લાગી છે અને ૫ લાખ રૂપિયા સુધીની મફત સારવારની સુવિધા આપવા લાગી છે, ત્યારથી નવા નવા કૌભાંડો અને અનૈતિક કરતબોનું ઘોડાપૂર આવ્યું છે. આ બધાને જોતાં સરકાર ભલે સતર્કતાની કાર્યવાહી કરે પરંતુ ખાનગી હોસ્પિટલોમાં આ નિયમોનો ખોફ નથી. કારણ કે મોટાભાગે ડોક્ટરો હડતાલ કે દવા કારોબારી હડતાલની ધમકીઓ આપીને હેલ્થ સિંન્ડિકેટ સાથે જોડાયેલા લોકો સરકાર અને પ્રશાસનને બ્લેકમેલ કરી લેછે. પરંતુ સવાલ ફરી એ જ છે કે માનવ સ્વાસ્થ્ય સાથે રમત ક્યાં સુધી?

જેમ કે આજે જે રીતે સિઝેરિયન પ્રસૂતિનું ચલણ સમાજમાં વધી ગયું છે, તેનાથી કામકાજી મહિલાઓ પણ ભર જવાનીમાં બરબાદ થઈ રહી છે. એવાં જ કેટલાંય અસ્વાસ્થ્યપ્રદ ચલણ વધી રહ્યાં છે. પરંતુ આપણું સ્વાસ્થ્ય પ્રશાસન જનહિતની દૃષ્ટિએ એટલું સંવેદનશીલ નથી બન્યું, જેટલું તેણે હોવું જોઈએ. નહિ તો મિલાવટી ખાદ્ય પદાર્થ, મિલાવટી દવાઓના વેચાણની વાતો સામે ન આવતી. અરજીકર્તાએ પણ દિલચસ્પ કૌભાંડ તરફ ઈશારો કર્યો છે, તેથી કોર્ટનો નિર્દેશ સમયોચિત છે. રાજ્ય સરાકરો જેટલી જલ્દી જાગી જાય, કેન્દ્ર સરકાર પણ યથોચિત તપાસ એજન્સી બનાવે, નહિ તો આ ગોરખધંધા પર કાબૂ મેળવવો મુશ્કેલ છે.

## વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં દેશ મજબૂતઃ દેશે ૧૦ વર્ષમાં અનેક ક્ષેત્રે પ્રગતિ કરી

# કેન્દ્રીય ગૃહ અને સહકારિતા મંત્રી શ્રી અમિત શાહે જૂનાગઢ જિલ્લાના બ્રહ્માનંદ વિદ્યાધામ ખાતે વિવિધ સેવાકીય પ્રકલ્પોનું ખાતમુહૂર્ત અને લોકાર્પણ કર્યું



### કેન્દ્રીય ગૃહ મંત્રી શ્રી અમિતભાઈ શાહના હસ્તે સૈનિક સ્કૂલ શાળા બિલ્ડીંગનું લોકાર્પણ અને પૂજ્ય મુક્તાનંદ બાપુ મેડિકલ કોલેજનું ખાતમુહૂર્ત કરવામાં આવ્યું



(જી.એન.એસ)

જૂનાગઢ, તા. ૧૦

કેન્દ્રીય ગૃહ અને સહકારિતા મંત્રી શ્રી અમિતભાઈ શાહના હસ્તે જુનાગઢ જિલ્લાના ચાપરડા સ્થિત બ્રહ્માનંદ વિદ્યાધામ ખાતે શ્રી મુક્તાનંદ બાપુ ની પ્રેરક ઉપસ્થિતિમાં સૈનિક સ્કૂલ શાળા બિલ્ડીંગ, સૈનિક સ્કૂલ સ્ટાફ ક્વાર્ટર ભવન, જય અંબે હોસ્પિટલ ડોક્ટર ક્વાર્ટર બિલ્ડીંગ, જય અંબે હોસ્પિટલ મોડ્યુલર ઓપરેશન થિયેટર કોમ્પ્લેક્સ અને બ્રહ્માનંદ વિદ્યાધામ અતિથિ ભવનનું લોકાર્પણ તેમજ પૂજ્ય મુક્તાનંદ બાપુ મેડિકલ કોલેજ એન્ડ રિસર્ચ ઈન્સ્ટિટ્યૂટ,શ્રી બ્રહ્માનંદ વિદ્યામંદિર સંસ્કૃત શકિત ગુરુકુળનું ખાતમુહૂર્ત કરવામાં આવ્યું હતું.

કેન્દ્રીય ગૃહ અને સહકારિતા મંત્રી શ્રી અમિતભાઈ શાહે આ અવસરે આનંદની લાગણી વ્યક્ત કરતા કહ્યું કે શ્રી મુક્તાનંદ બાપુ ના નેતૃત્વમાં બ્રહ્માનંદ ધામમાં ચાર હજારથી વધુ વિદ્યાર્થીઓ અભ્યાસ કરે છે. શિક્ષણ ઉપરાંત અન્ય માનવસેવાના કાર્યો સંસ્થામાં આગળ વધી રહ્યા છે, શ્રી મુકતાનંદ બાપુએ કચ્છ-કંડલામાં સેવા કાર્યો પણ કર્યા છે તે અંગે આનંદ વ્યકત કરતા વધુમાં કહ્યું કે મુક્તાનંદ બાપુએ મહાકુંભમાં પણ સેવા કાર્યો કર્યા છે.

મહાકુંભમાં સરકાર દ્વારા સારી વ્યવસ્થા કરવામાં આવી તે અંગે શ્રી મુક્તાનંદ બાપુએ વાત કરી એ સંદર્ભમાં ગૃહમંત્રીશ્રીએ કહ્યું કે મહાકુંભે ભારતની સનાતની સંસ્કૃતિનો મજબૂત સંદેશ સમગ્ર વિશ્વને આપ્યો છે.

વડાપ્રધાન શ્રી નરેન્દ્ર ભાઈ મોદીના નેતૃત્વમાં આઝાદી પછી જે પેન્ડિંગ પ્રશ્નો હતા તેનું નિરાકરણ આવ્યું છે. રાષ્ટ્રની સુરક્ષામાં દેશ કટિબદ્ધ છે. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં દેશ મજબૂત બન્યો છે.

દસ વર્ષ પહેલા ખેડૂતો માટે માત્ર ૨૨,૦૦૦ કરોડ હતા હવે શ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં તેનાથી છ ગણા વધારે ૧,૩૭,૦૦૦ કરોડ અને ૨૫ લાખ કરોડ ખેડૂતોને લોનમાટે આપવામાં આવ્યા છે તેમ પણ જણાવ્યું હતું.

દેશની સાંસ્કૃતિક વિરાસતોના વિકાસના સંદર્ભમાં કહ્યું કે કાશી કોરીડોર અને વિકાસ કાર્યો, રામ મંદિર નિર્માણ અને સોમનાથ મંદિર પણ સુવર્ણજડિત થઈ રહ્યું છે. આજે સોમનાથ મહાદેવના દર્શન, કોડીનારમાં સુગર ફેકટરીનું કાર્ય અને આજે સૈનિક સ્કૂલ બિલ્ડિંગનું લોકાર્પણ,આ મહત્વના કાર્યો આજે થયા તે અંગે આનંદની લાગણી વ્યક્ત કરી હતી.

આ પ્રસંગે શ્રી મુક્તાનંદ બાપુએ રાષ્ટ્રપ્રથમની ભાવનાને આત્મસાત કરી, દેશને મજબૂત બનાવવા માટે આહુતિ આપવાનું આહવાન કરતા કહ્યું કે, રાષ્ટ્રધ્વજ અને બંધારણનો આદર તથા દેશ? માટે વફાદારી અનિવાર્યતા છે, તેમ જણાવતા કહ્યું કે, સદીઓ બાદ દેશને સારું નેતૃત્વ પ્રાપ્ત થયું છે, પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદી અને ગૃહ મંત્રી શ્રી અમિતભાઈ શાહ ભારતવર્ષને ઉન્નતિના શિખરો પર લઈ જઈ રહ્યા છે. દેશને વિકસિત હરોળમાં પહોંચાડવા માટે જરૂરી કાર્ય કરવામાં આવી રહ્યા છે. દેશની સુરક્ષા મજબૂત બનાવવા, રોજગારી આપવા, મહિલા સશક્તિકરણના જરૂરી પગલાઓ લેવાની સાથે ખેડૂતો માટેના બજેટમાં પણ ખૂબ વધારો કર્યો છે. ઉપરાંત શ્રી મુક્તાનંદ બાપુએ કહ્યું કે, ગૃહ મંત્રી શ્રી અમિતભાઈ શાહે દેશની આંતરિક સુરક્ષાઓ ખૂબ મજબૂત બનાવી ૩૭૦ની કલમ શાંતિપૂર્ણ રીતે દૂર કરી છે.

તેમણે કહ્યું કે, સરકારે ગિરનારના વિકાસ કાર્યો માટે રૂ. ૧૦૦ કરોડથી વધુનું અનુદાન આપ્યું છે, સાથે જ ગિરનાર ભારતવર્ષમાં એક આગવી ઓળખ બને તે દિશામાં કામગીરી પણ કરવામાં આવી છે.

આ પ્રસંગે શાબ્દિક સ્વાગત કરતા જૂનાગઢ જિલ્લા સહકારી બેંકના ચેરમેન શ્રી કિરીટભાઈ પટેલે કહ્યું કે, જૂનાગઢ અને ગીર સોમનાથ જિલ્લાના નાગરિકો માટે આજનો દિવસ ઐતિહાસિક છે, વર્ષોથી કોડીનારની સુગર ફેક્ટરી મીલ બંધ હતી, તે આજે દેશના ગૃહ અને સહકારિતા મંત્રી શ્રી અમિતભાઈ શાહના હસ્તે ફરી શરૂ થઈ છે.

જેનો જૂનાગઢ અને ગીર સોમનાથ જિલ્લાના શેરડીનું વાવેતર કરતા ખેડૂતોને ફાયદો થશે. વધુમાં તેમણે કહ્યું કે, પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં જમ્મુ કશ્મીર રાજય માટેના બંધારણના અનુચ્છેદ ૩૭૦ દૂર કરવાનો શ્રેય સફળ તરીકે ગૃહ મંત્રી શ્રી અમિતભાઈ શાહને જાય છે. ઉપરાંત શ્રી મુક્તાનંદ બાપુના સામાજિક શૈક્ષણિક ક્ષેત્ર સેવા કાર્યોનો ઉલ્લેખ કરતા કહ્યું કે, શ્રી મુક્તાનંદ બાપુએ ઝારખંડ, છત્તીસગઢ જેવા નક્ષલ પ્રભાવિત રાજયમાં પણ વિનામૂલ્ય શિક્ષણની સુવાસ પ્રસરાવી છે. આ સાથે બ્રહ્માનંદ પરિવારના દેશ વિદેશથી વર્ચ્યુઅલી જોડાયેલા સેવકોનું પણ સ્વાગત અભિવાદન કર્યું હતું. આ પ્રસંગે શ્રી બ્રહ્માનંદ વિદ્યાધામ સાથે જોડાયેલા શ્રી ગિજુભાઈ ભરાડ, શ્રી અજયભાઈ ગુડકા, શ્રી નવીનભાઈ પટેલ, શ્રી અર્જુનસિંહ રાઠોડ, શ્રી સંજયભાઈ વઘાસિયા સહિત લોકો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

# જૂનાગઢ જિલ્લા વહીવટી તંત્ર દ્વારા આંતરરાષ્ટ્રીય મહિલા દિવસની ઉજવણી

### પ્રિ અને પોસ્ટ મેરેજ કાઉન્સેલિંગ સેન્ટરનું ઉદ્ઘાટન કરાયું : અનાથ દીકરીઓને શૈક્ષણિક કીટનું પણ વિતરણ





જૂનાગઢ તા.૧૦

આંતરરાષ્ટ્રીય મહિલા દિવસની જિલ્લા વહીવટી તંત્ર દ્વારા જિલ્લા પંચાયતના પ્રમુખ શ્રી હરેશભાઈ હુંમરની અધ્યક્ષતામાં ઉજવણી કરવામાં આવી હતી.

મહિલા અને બાળ વિકાસ વિભાગ ગુજરાત સરકાર અને જિલ્લા વહીવટી તંત્ર જૂનાગઢ દ્વારા આંતરરાષ્ટ્રીય મહિલા દિવસની ઉજવણી અન્વયે જુદા જુદા કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં લંચ વિથ લાડલી, અનાથ દીકરીઓને શૈક્ષણિક કીટનું વિતરણ, પ્રિ અને પોસ્ટ મેરેજ કાઉન્સેલિંગ સેન્ટરનું ઉદઘાટન, કિશોરીઓના આરોગ્ય તપાસ કાર્યક્રમ યોજાયા હતાં.

આ કાર્યક્રમના અધ્યક્ષ તરીકે જિલ્લા પંચાયતના પ્રમુખશ્રી હરેશભાઈ હુંમર તથા જૂનાગઢ મહાનગરપાલિકાની સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન શ્રી પલવીબેન ઠાકર તથા બાળ કલ્યાણ સમિતિ જૂનાગઢના ચેરમેન શ્રી ગીતાબેન માલમ તથા જિલ્લા મહિલા અને બાળ અધિકારી સી.જી.સોજીત્રા તથા અધિકારી સહ રક્ષણ અધિકારી બી.ડી.ભાડ તેમજ મેડીકોલ ઓફિસર શ્રી ધર્મેશભાઈ કાલરીયા તથા વિવિધ ક્ષેત્રની અગ્રેસર મહિલાઓ તથા દીકરીઓ સમગ્ર કાર્યક્રમમાં જોડાયા હતા. આ કાર્યક્રમમાં અગ્રેસર મહિલાઓનું સન્માન તથા દીકરીના જન્મને વધારવા માટે દીકરી વધામણા કીટનું વિતરણ તથા વહાલી દિકરી યોજનાના મંજૂરી હુકમનો વિતરણ તથા ગંગા સ્વરૂપા યોજનાના લાભાર્થીને સહાયનું મંજૂરી હુકમ તથા ગંગા સ્વરૂપા આર્થિક સહાયના લાભાર્થીને મંજૂરી હુકમ તથા અનાથ દીકરીઓને શૈક્ષણિક કીટનું વિતરણ મહાનુભાવો હસ્તે કરવામાં આવેલ હતું અને મહાનુભાવો દ્વારા પ્રાસંગિક ઉદબોધન કરવામાં આવેલ હતું.

### આટલા વર્ષોસુધી પોતાની ઓળખ અને લોક હૃદયમાં ચાહના અકબંધ રાખનાર વસંતોત્સવમાં રાજયભરમાંથી લોકોએ મુલાકાત લીધી

(જી.એન.એસ) ગાંધીનગર, તા. ૧૦

ગાંધીનગર ખાતે વર્ષોથી યોજાતા કલા ઉત્સવ જેને આપણે વસંતોત્સવ તરીકે ઓળખીએ છીએ. આ વર્ષે એટલે કે વસંતોત્સવ-૨૦૨૫ને જાહેર જનતા તરફથી ખૂબ જ સારો પ્રતિસાદ મળ્યો છે, જે ટિકિટ કલેક્શન પરથી પ્રતીત થાય છે. આ વખતે સૌથી વધુ ટિકિટ કલેક્શન રૂ. ૧૩.૦૨ લાખનું થયેલ છે.

## આપની આવતીકાલ કેવી જશે...?

:: રત્નકણીકા ::

સ્વાર્થ સાધવો, વિકારોને પોષવા એ પશુમય જીવન છે.

- સ્વામી રામતીર્થ

### : આજનું પંચાંગ :

વિક્રમ સં. ૨૦૮૧, શા. શાકે. ૧૯૪૬, પા. મહેર-૧૩૯૪, મુ. રમજાન-૧૪૪૬, જૈન વીર સં.-૨૫૫૧, કચ્છી સં. ૨૦૮૧, ફાગણ સુદ-૧૧ આમલકી એકાદશી, ગોવિંદ દ્વાદશી તા.૧૦ માર્ચ ૨૦૨૫, સોમવાર, પારસી તા.૨૮, મુસ્લિમ તા.૯, પુષ્ય નક્ષત્ર, શોભન યોગ, બવ કરણ, સૂ.ઉ.૭:૦૭, સૂ.અ.૬:૫૭

આજનો દિવસ અશુભ છે.

આજે જન્મેલા બાળકની રાશી કર્ક (ડ હ) છે.

- કનકચંદ્ર સી. વ્યાસ

## સાપ્તાહિક રાશી ભવિષ્ય

### તા. ૧૦-૦૩-૨૦૨૫ થી ૧૬-૩-૨૦૨૫ સુધીનું આપનું સાપ્તાહિક રાશિ ભવિષ્ય

**મેષ : અ.લ.ઈ. સ્વામિ - મંગળ**

આ સપ્તાહ દરમ્યાન સંબંધો મજબુત બનતા અનુભવાય. નાણાંકીય રોકાણનું શુભ ફળ પ્રાપ્ત કરી શકશો. કોઈ વિશિષ્ટ મૂલ્યવાન વસ્તુની ખરીદી થાય અથવા પ્રાપ્તિ થાય, આર્થિક ક્ષેત્રે મિશ્ર ફળદાયી સમય છે. તેમ છતાં તમને મહેનતના પ્રમાણમાં સારોએવો નાણાંકીય લાભ મળી રહે, અગત્યના કાર્યમાં વિલંબ બાદ સફળતા મળે.

**વૃષભ : બ.વ.ઉ. સ્વામિ - શુક્ર**

આ સપ્તાહ દરમિયાન તમે તેમારી પ્રવૃત્તિઓમાં આગળ વધી શકશો. દ્રઢ મનોબળ અને મક્કમતાથી મળતા ઉત્સાહ વધે. આ સમય દરમિયાન કોઈપણ પ્રકારના સાહસમાં નાણાં ન રોકવા હિતાવહ. નુકશાની અને વ્યયના યોગ છે. શેર-સટ્ટાથી દૂર રહેવું, નોકરીમાં સફળતા મળે. જીવનસાથી સાથે લાગણીનું ઘર્ષણ થાય.

**મિથુન : ક.છ.ઘ. સ્વામિ - બુધ**

ભૌતિક કાર્યમાં મિશ્ર પરીણામો પ્રાપ્ત કરી શકશો. મનમાં ચંચળતા રહેશે તેથી અગત્યના કાર્યોમાં નહીંવત સફળતા મળે તેવો સંભવ છે. જામીનગીરી જેવા કાર્યોથી દૂર રહેવું. વાણી ઘર્ષણ ટાળવો, નાણાંનો લાભ રોકી શકવામાં નિષ્ફળ રહે. પારિવારીક સુખમાં ઓટ આવેલી અનુભવાય. અલબત્ત જીવનસાથી તરફથી વિશેષ લાગણી પ્રાપ્ત કરી શકશો.

**કર્ક : ડ.હ. સ્વામિ - ચંદ્ર**

આ સપ્તાહ દરમિયાન કોર્ટ-કચેરીને લગતા કાર્યોમાં વ્યસ્ત રહેવાય. સફળતા માટે મહેનત વધારવી અનિવાર્ય છે, ધીરજપૂર્વક કાર્ય કરવો હિતાવહ. આવક-જાવકનું પાસુ આ સમય દરમિયાન સરભર રહે. સાસરાપક્ષ તરફથી નાનો લાભ મળે. ભાઈ-બહેનના કાર્યમાં સફળતા મળે. આધ્યાત્મિક ક્ષેત્રે આ સમય દરમિયાન અભિરૂચી વધે.

**સિંહ : મ.ટ. સ્વામિ - સૂર્ય**

આ સમય દરમિયાન પ્રવૃત્તિ ઉપર નિયંત્રણ રાખવો જરૂરી બને અન્યથા નુકશાની ભોગવવી પડે. પારિવારીક સુરક્ષા માટે જાગ્રુતિ કેળવવી હિતાવહ છે. વિરોધી વર્ગ પ્રબળ બને. કાર્યબોજમાં વધારો થાય, આર્થિક સમસ્યા હળવી બને પરંતુ નાણાંકીય રોકાણ ટાળવું હિતાવહ. પ્રવાસ-મુસાફરીના યોગ નકારી શકાય નહીં. જૂના રોકાયેલા નાણાં છૂટા થાય.

**કન્યા : પ.ઠ.ણ. સ્વામિ - બુધ**

આ સમય દરમિયાન નોકરીયાત વર્ગને અધિકારી વર્ગ સાથે વાદ-વિવાદ થાય. ધંધાદારી વર્ગને સમસ્યા રહે. રચનાત્મક કાર્યમાં પ્રગત્તિ થાય.જીવનસાથી સાથે મતભેદ રહે. નવિન ઓળખાણ લાભદાયી નીવડે. પારિવારીક કાર્યમાં વ્યસ્ત રહેવાય. સ્વજનથી મનદુઃખ રહે. ધાર્મિક કાર્યમાં ધન વપરાય.

**તુલા : ર.ત. સ્વામિ - શુક્ર**

આ સપ્તાહ દરમિયાન વિરોધી વર્ગથી સાવધ રહેવું. વિશ્વાસે વહાણ ન ચલાવવું હિતાવહ. વાણી સંયમ જાળવવું અને કાર્યક્ષેત્રમાં રહેવું. જમીન-જાયદાદને લગતા કાર્યમાં સાફળતા મળતી જણાય. જીવનસાથી સાથે સમસ્યા ટળી શકશે.

**વૃશ્ચિક : ન.ય. સ્વામિ - મંગળ**

આ સપ્તાહ દરમિયાન વ્યવસાયિક લાભના પ્રયાસોમાં સફળતા મેળવી શકશો. જીવનસાથીના આરોગ્ય અંગે સાવચેતી રાખવી. મનમાં પ્રસન્નતા રહે. નાણાંકીય સંજોગો સુધરતા જણાય. ધીરજપૂર્વક કાર્ય કરતા રહેવાથી સફળતા મેળવી શકશો. સંતાન સંબંધી કાર્યમાં સફળતા મેળવી શકશો. વ્યર્થ પરેશાનીમાંથી મૂક્તિ મળે. આત્મવિશ્વાસમાં વધારો થાય. મિત્ર-વર્તુળની મદદ મળે.

**ધન : ભ.ધ.ફ.ઢ. સ્વામિ - ગુરૂ**

આર્થિક ક્ષેત્રે પ્રગતિકારક સમય છે. મનની મનોકામના સિધ્ધ થાય. જૂના સંબંધો લાભ આપી જાય. કોઈ ગેરસમજના ભોગ ન બની જવાય તેની તકેદારી રાખજો. કોઈ સંકટ દૂર થાય. નવા કાર્યમાં સફળતા પ્રાપ્ત કરી શકશો. સંતાન વર્ગ અંગે ચિંતા રહે. સામાજિક માન-પ્રતિષ્ઠામાં વધારો થાય. જીવનસાથી કે વડીલવર્ગના આરોગ્ય અંગે ચિંતા રહે. અનિચ્છનીય યાત્રા-મુસાફરી કરવી પડે.

**મકર : ખ.જ. સ્વામિ - શની**

આ સપ્તાહ દરમિયાન પારિવારીક કાર્યમાં બોજો ઘટે. મનમાં પ્રફુલિતતા રહે. વડીલવર્ગની સાહસિક કાર્યમાં મદદ મેળવી શકશો. નવિન યોજનાના આયોજનમાં સ્નેહિજનોની મદદ મળે. જીવનસાથી તરફથી અગત્યના કાર્યોમાં સહયોગ પ્રાપ્ત કરી શકશો. સામાજિક ક્ષેત્રે કાર્યમાં પ્રબળતા રહે. મોસાળ પક્ષ તરફથી અનેરો લાભ થાય. નાણાંકિય પરિસ્થિતિમાં ધરખમ સુધારો થતો જોવા મળે.

**કુંભ : ગ.શ.ષ.સ. સ્વામિ -શની**

આ સપ્તાહ દરમિયાન મહત્વની બાબતો અંગે માનસિક ટેન્શન જણાય. આમ, વિશ્વાસ ડગી જાય મનની મુરાદ બર ન આવે. જો કે, જીવનસાથી તરફથી ભરપૂર સહયોગ પ્રાપ્ત કરી શકશો. પારિવારીક કાર્યમાં અતિ વ્યસ્ત રહેવાય. અપયશના ભાગીદાર ન બનાય તેની સાવચેતી રાખશો. યાત્રા-પ્રવાસ દરમિયાન હાનિનો સંભવ છે જેથી બને તેટલી સાવચેતી રાખવી.

**મીન : દ.ચ.ઝ.થ. સ્વામિ - ગુરૂ**

આ સમય દરમિયાન મકાન-વાહન સંબંધિત ચિંતા દૂર થાય. સંપત્તિને લગતી સમસ્યાનો ઉકેલ મળે. પારિવારીક જવાબદારીમાં વધારો થતો જોવા મળે. તમારી અપેક્ષા પ્રમાણે આર્થિક લાભ મેળવી શકશો. નવા રોકાણ, નવા સાહસ, નવા કાર્યના પ્રારંભ કરવા માટે સાનુકૂળ સમય છે. ધાર્મિક કાર્યમાં મન પરોવાય. વિરોધીવર્ગ પ્રબળ બને પરંતુ તેને ધારી સફળતા ન મળે.

# ભારતીય અર્થતંત્રના દ્વારે મંદીની દસ્તક ?

અમદાવાદ તા.૧૦

છેલ્લા કેટલાયે સમયથી ભારતીય અર્થતંત્ર ડામાડોળ સ્થિતિમાં છે. મોંઘવારી ફાટીને ધૂમાડે ગઈ છે અને રૂપિયાનું પતન ભયંકર ગતિથી જારી છે. જે દેશનું ચલણ ગબડવા લાગે એની આર્થિક સ્થિતિ સારી ન કહેવાય એ સીધું ગણિત છે અને આ હિસાબે આપણું અર્થતંત્ર પાછું પડી રહ્યું છે. વિદેશી રોકાણકારો પણ સતત ભાગી રહ્યા છે. ૯૯ ટકા જેટલા વિદેશી રોકાણકારો શેરબજારમાંથી ગાયબ થઈ ગયા છે જે દેશની આંતરરાષ્ટ્રીય સ્તરે બગડી રહેલી શાખની નિશાની છે. શબ્દો ચોર્યા વગર કહીએ તો વિદેશી મુદ્રા ભંડોળમાં ઘટાડો અને રૂપિયાનું અવમૂલ્યન એ આર્થિક વિકાસની દૃષ્ટિએ ગંભીર ચિંતાનો વિષય છે. ડોલર સામે રૂપિયાનો વિનિમય દર લાંબા સમયથી નીચે પડવાના વલણમાં છે. હવે વિદેશી મુદ્રા ભંડારમાં પણ ઝડપથી ઘટાડો થવા લાગ્યો છે. ગયા સપ્તાહે ૮.૪૮ અબજ ડોલરની ખાધ હતી. ૨૦૦૮ની મંદી પછીનો આ સૌથી મોટો ઘટાડો છે. ગયા સપ્તાહે પણ ૧.૯૯ અબજ ડોલરનો ઘટાડો નોંધાયો હતો. સપ્ટેમ્બરમાં વિદેશી મુદ્રા ભંડાર વધીને અમેરિકા ૭૦૪.૮૮ અબજ ડોલરની સર્વકાલીન ઉચ્ચ સપાટીએ પહોંચી ગયો હતો. પરંતુ તે પછી તે સતત ઘટી રહ્યો છે. હવે વિદેશી મુદ્રા ભંડાર ઘટીને રૂા.૪૪.૮૭ અબજ ડોલર થઈ ગયો છે. જો કે આ સ્તરને અત્યારે ચિંતાજનક ગણી શકાય નહીં, પરંતુ જે રીતે તે સતત ઘટી રહ્યું છે તે અર્થતંત્ર માટે ચિંતાનો વિષય છે. વિદેશી મુદ્રા ભંડાર ઘટવાનો અર્થ એ છે કે અપેક્ષિત વિદેશી રોકાણ આવી રહ્યું નથી. તેનું કારણ પણ સ્પષ્ટ છે. અમેરિકી ડૉલર સતત મજબૂત થઈ રહ્યો છે, જેના કારણે વિદેશી રોકાણકારોએ ભારતમાંથી તેમના પૈસા પાછા ખેંચવાનું શરૂ કરી દીધું છે.

વિશ્વ વેપારમાં ડૉલરની સ્થિતિ મહત્વની ભૂમિકા ભજવે છે. જ્યારે ડોલર નબળો પડે છે, ત્યારે વિદેશી રોકાણકારો અન્ય દેશોમાં જવાનું શરૂ કરે છે. પરંતુ જેમ જેમ ડોલર મજબૂત થવા લાગે છે, તેઓ અમેરિકન બજાર તરફ વળે છે. કોરોના બાદ મંદીનો સામનો કરી રહેલા અમેરિકાના ફેડરલ રિઝર્વે તેના વ્યાજદરોમાં ફેરફાર કર્યો છે. આનાથી રોકાણકારોને ત્યાં રોકાણ માટે આકર્ષવામાં મદદ મળી. તે પછી, ડોનાલ્ડ ટ્રમ્પની રાષ્ટ્રપતિ તરીકે પુર્નઃ ચૂંટણી અને આર્થિક નીતિઓ અંગેના તેમના નિવેદનોએ રોકાણકારોમાં વિશ્વાસ પેદા કર્યો છે કે રોકાણના દૃષ્ટિકોણથી અમેરિકા વધુ નફાકારક સ્થળ છે. તેની અસર ભારતના ચલણ ભંડોળ ઉપર પણ પડી છે. પરંતુ આ જ એકમાત્ર મહત્વનું કારણ નથી. મહત્વની બાબત એ છે કે આપણી વેપાર ખાધ સતત વધી રહી છે. નિકાસ ઉપર ભાર મુકવા છતાં તેમાં સુધારાના કોઈ સંકેત દેખાતા નથી. આયાત સતત વધી રહી છે. તેની સીધી અસર સ્થાનિક ઉત્પાદન અને બજાર ઉપર પડી છે. છેલ્લા કેટલાક ત્રિમાસિક ગાળાથી (કવાર્ટરથી) મેન્યુફેકચરિંગ સેકટર ગોથાં ખાઈ રહ્યું જે પણ અકારણ તો નથી જ. તમામ મહત્વના ક્ષેત્રોમાં ઔદ્યોગિક ઉત્પાદન ઘટયું છે. જ્યાં સુધી આ સેકટરમાં મજબૂતી નહીં આવે ત્યાં સુધી રૂપિયાના મૂલ્ય અને ફોરેન એકસચેન્જ રિઝર્વમાં સુધારાની આશા ધૂંધળી રહેશે. રૂપિયાનું ઘટતું મૂલ્ય પણ વિદેશ રોકાણકારોનો ઉત્સાહ ઓછો કરે છે. સ્વાભાવિક છે કે કોઈપણ રોકાણકાર પોતાના પૈસા એવી જગ્યાએ રોકવા માગતો નથી જ્યાં તેને નફો ન મળે ત્યારે કહેવાતા પ્રયાસો છતા મોંઘવારી તેના ઊંચા સ્તરે છે. જેના કારણે ભાતીય બજાર તેની ચમક પાછી મેળવી શકતું નથી. તેનું મુખ્ય કારણ માથાદીઠ આવકમાં વૃદ્ધિનો અભાવ છે. છેલ્લા ઘણા સમયથી લોકોની આવક સરખી જ રહી છે. જ્યારે તેની સરખામણીમાં મોંઘવારી નોંધપાત્ર રીતે વધી છે. દેખીતી રીતે, આ કારણે ઉપભોકતા ખર્ચમાં ઘટાડો થયો છે. આવી સ્થિતિમાં સ્વાભાવિક રીતે જ ગ્રોસ ડોમેસ્ટીક પ્રોડકટ (જીડીપી)નો દર નીચે ગયો છે. જ્યાં સુધી માનવ વિકાસના મોરચે ગંભીરતાથી ધ્યાન આપવામાં ન આવે ત્યાં સુધી કામચલાઉ પગલાં દ્વારા અર્થતંત્રને સુધારવાના પ્રયાસો નિરર્થક સાબિત થશે.

# ‘એક પેડ માં કે નામ’ અભિયાન હેઠળ દેશમાં કુલ ૧ ૨ ૧ કરોડઃજ્યારે ગુજરાતમાં ૧૭ કરોડથી વધુ વૃક્ષોનું વાવેતર : વન અને પર્યાવરણ રાજ્ય મંત્રી શ્રી મુકેશ પટેલ



ગાંધીનગર તા.૧૦

વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં સમગ્ર દેશમાં ‘એક પેડ મા કે નામ’ અભિયાન શરૂ કરવામાં આવ્યું છે. આ અભિયાન અંતર્ગત દેશમાં અત્યાર સુધીમાં કુલ ૧૨૧ કરોડ રોપાઓનું વાવેતર કરવામાં આવ્યું છે. જે હેઠળ ગુજરાતમાં મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના માર્ગદર્શનમાં રેકોર્ડ બ્રેક એવા કુલ ૧૭ કરોડથી વધુ રોપાઓ વાવવામાં આવ્યા છે. ગુજરાતમાં તા. ૩૧ જાન્યુઆરી ૨૦૨૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વન વિભાગ દ્વારા બોટાદ જિલ્લામાં રૂા. ૩૩૪ લાખના ખર્ચે અંદાજે ૪.૪૮ લાખ રોપાઓનું વાવેતર કરવામાં આવ્યું છે. જ્યારે ૩૧ ડિસેમ્બર ૨૦૨૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કચ્છ જિલ્લાના માંડવી તાલુકામાં રૂ. ૧૬૭ લાખના ખર્ચે ૩.૬૪ લાખ રોપાઓનું વાવેતર કરવામાં આવ્યું છે તેમ, વિધાનસભા ગૃહમાં ધારાસભ્યશ્રી દ્વારા પૂછાયેલા પ્રશ્નનો ઉત્તર આપતા વન અને પર્યાવરણ રાજ્ય મંત્રી શ્રી મુકેશ પટેલે જણાવ્યું હતું. વન રાજ્ય મંત્રી શ્રી મુકેશ પટેલે પેટા પ્રશ્નનો પ્રત્યુતર આપતા ગૃહમાં કહ્યું હતું કે, ક્ષેત્રીય વનકરણમાં માંડવીમાં ૪૩૫ હેક્ટર વિસ્તારમાં વાવવામાં આવેલા આ રોપાઓમાંથી હાલ અંદાજે ૨.૯૭ લાખ રોપા જીવંત છે. આ રોપાઓના વાવેતર થકી વર્ષ ૨૦૨૩-૨૪માં કુલ ૨૧,૭૮૭ માનવ દિનની રોજગારી અપાઈ છે, જે પેટે રૂ. ૧.૬૬ કરોડની રકમ ચૂકવાઈ છે. જ્યારે વર્ષ ૨૦૨૪-૨૫માં ૨૧,૦૭૬ માનવ દિનની રોજગારી અપાઈ છે જે માટે રૂ. ૧.૩૩ કરોડની રકમ પણ ચૂકવવામાં આવી છે. આ વનમાં વિવિધ સહભાગી સંસ્થાઓ દ્વારા ગૂગળ, દેશી બાવળ, ગોરસ આંબલી, ઉમરો સહિતના રોપાઓ વાવવામાં આવ્યા છે, આ વન નિર્માણ થકી પર્યાવરણની સમતુલા જળવાઈ રહેશે. બોટાદ જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં સામાજિક વનીકરણ વિભાગ દ્વારા કરવામાં આવેલ નોંધપાત્ર કામગીરીની વિગતો આપતાં મંત્રી શ્રી પટેલે કહ્યું હતું, “એક પેડ મા કે નામ” અભિયાન અંતર્ગત બોટાદ જિલ્લામાં ૨૧ લાખ રોપાઓનું વાવેતર કરવામાં આવ્યું છે. જેમાં ૬.૭૫ હેક્ટર વિસ્તારમાં ૫ સ્થળોએ વન કવચનું નિર્માણ કરવામાં આવ્યું છે. “એગ્રોફોરેસ્ટ્રી” યોજના અંતર્ગત વર્ષ ૨૦૨૩-૨૪ દરમિયાન ૧૮૬ હેક્ટર વિસ્તાર અને વર્ષ ૨૦૨૪-૨૫ દરમ્યાન કુલ ૩૧૭ હેક્ટર વિસ્તારમાં ખેડૂતો દ્વારા માલિકીની જમીનમાં વાવેતર કરવામાં આવ્યું છે. પંચરત્ન ગ્રામ વાટિકા મોડલ હેઠળ ૧૦ ગામડાઓમાં વાવેતર-“અમૃત સરોવર ફરતે પંચરત્ન વાવેતર” મોડલ હેઠળ ૪ અમૃત સરોવર ફરતે વાવેતર કરવામાં આવ્યું છે.આ ઉપરાંત ૭ વન કુટિરનું નિર્માણ, બોટાદ તાલુકાના તાજપર ગામે એક પંચવટી વિકાસ કેન્દ્રનું તેમજ ત્રણ અર્બન ફોરેસ્ટનું નિર્માણ કરવામાં આવ્યું છે. રાણપુર તાલુકાના સુંદરીયાણા ગામે એક પવિત્ર ઉપવનનું નિર્માણ સહિત જિલ્લામાં ૨૫ કિસાન શિબિરની સાથે જિલ્લામાં કુલ બે મેડીકલ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે. વધુમાં જિલ્લામાં કુલ ૮૨૫ કલમી ફળાઉ રોપાનું વિતરણ કરવામાં આવ્યું છે તેમ મંત્રીશ્રીએ જણાવ્યું હતું.

# લાખો લોકોને સત્તાની પરસાળમાં પહોંચવાની તકપૂરી પાડનાર વી.પી. સિંઘનું સ્મારક કેમ નહીં ?

નવી દિલ્હી, તા.૧૦

થોડા વર્ષો પહેલાની વાત છે વી.પી. સિંઘ દિવસભરની રાજકીય પ્રવૃત્તિ બાદ ઘરે પાછા ફરી રહ્યા હતા એ દિવસોમાં તેઓ જન મોરચાને ફરી બેઠો કરવા પ્રયત્નશીલ હતા. તેઓ દિવસભર લોકોને મળ્યા અને પ્રતિમાઓને હાર પહેરાવ્યા સાંજે મીડિયાના માણસોએ તેમને પૂછ્યુ કે આ પ્રતિમાઓ વિશે શું માનો છો ? ત્યારે તેમણે કહ્યું કે, ભૂતકાળનું સન્માન કરવું જરૂરી છે. પૂતળારૂપે ઉભેલા આ મહિલાઓ અને પુરુષોએ દેશ ખાતર બલિદાનો આપ્યા એમને આપણે યાદ કરવા જ જોઈએ. આ સમયે એક બીજા પત્રકારે પૂછ્યું કે, શું તમારૂ પણ પૂતળું બને એ તમને ગમશે ? તેઓ સહેજ હસ્યા અને કહ્યું કે, નહીં. જો લોકો મારૂ સન્માન કરવા માંગતા હોય તો મારૂ પૂતળુ ન બનાવે પણ સ્કૂલ ઉભી કરે. દેશને વધુ શાળાઓની જરૂર છે. મારી પ્રતિમાથી કોઈને ફાયદો નહીં થાય. આજે બે દાયકા પછી આપણે વી.પી.ને સમજી ન શક્યા તેઓ ગાંધીવાદીસમાજ વિચારક હતા. એમને અંગતગૌરવની પડી નથી. આમ પણ તેઓમાંડાના રાજા જ હતા પણ વાસ્તવિક જીવનમાં હૃદયથી તેઓ રાજા કરતા એક ફકીરરૂપી સાદા માનવીના રૂપમાં હતા. જીવનના અંત સુધી તેઓ ઈચ્છતા હતા કે, દેશના વંચિત લોકો સમૃદ્ધ બને સરકારના નાણાંનો ખર્ચ મારા ઉપર થવો ન જોઈએ. આજે મનમોહન સિંઘનું શોક દેશ મનાવી રહ્યું છે. તેમાં કોઈ શંકા નથી કે, તેઓ આધુનિક ભારતના નિર્માતા હતા અને આર્થિક ઉધારીકરણનો પાયો નાખ્યો પણ શું આપણે રાજકારણથી ઉપર ઉઠીને એમના જીવન અને કાર્યનું સન્માન કરીશું ? આ સવાલનો જવાબ મેળવતા પહેલા વી.પી. સિંઘ સાથે કેવો વર્તન કર્યો છે તે પણ આપણે જોવું જોઈએ. જે રીતે ડો.સિંઘે ભારતીય અર્થતંત્રની દિશા બદલી નાખી એ જ રીતે પૂર્વ વડાપ્રધાન વિશ્વનાથ પ્રતાપ સિંઘે દેશના લાખો લોકોને સત્તાની પરસાળ સુધી પહોંચતા કર્યા હતા. આ એ જવડાપ્રધાન છે જેમણે મંડલ પંચનો રિપોર્ટ નોર્મલ કર્યો અને લાખો લોકોને સરકારી નોકરીમાં અને અન્ય ક્ષેત્રોમાં લાભ લેવાની તકો પૂરી પાડી. પીએમ તરીકે એમનો કાર્યકાળ ભલે ટૂંકો રહ્યો પણ ૧૯૮૯થી૧૯૯૦ના ગાળામાં સામાજિક ન્યાય માટે અથાગ પ્રયાસ તેમણે કર્યા અને હજારો વર્ષની સામાજિક કુરિવાજોની સિસ્ટમ ખતમ કરી મંડલ પંચથી માંડીને ડો.આંબેડકરને ભારત રત્ન આપવા સુધીના એમના પગલા વંચિત ભારતીઓને ન્યાય મળે એ માટેના હતા. ૯૦ના દાયકા પહેલા સરકારી નોકરીઓ અને શિક્ષણમાં સવર્ણ વર્ગો અનેજ્ઞાતિઓનું જ વર્ચસ્વ હતું પણ એમના ટૂંકા પણ ઐતિહાસિત કાર્યકાળને કારણે એમની વિદાયના ૩૫ વર્ષ પછી પણ OBCને મળતી નોકરીઓની ટકાવારી એકદમ ઉંચેજવા લાગી. વી.પી.ના નિર્ણયની અસર એટલી જોરદાર અને મોટી હતી કે, ભાજપજેવી પાર્ટીને તેની આખી રાજકીયવ્યૂહરચના બદલવી પડી અને તેનું જ પરિણામ OBC વડાપ્રધાન નરેન્દ્ર મોદી છે. વી.પી. સિંઘ તડજોડ રાજકારણના મહારથી હતા અને જનતા દળ થકીડાબેરીઓ અને નવા ઉભરતા ભાજપનો ટેકો લઈને તેમણે બીજી બિન-કોંગ્રેસી મિશ્ર સરકાર બનાવી હતી. સમાજવાદીચળવળના તેઓ ગણમાન્ય નેતા હતા. એટલે એમને આજે પણ દેશના સૌથી પ્રમાણિક અને અતિશુદ્ધ દાઘ વગરના નેતા તરીકે યાદ કરવામાં આવે છે. રાજકીયહરીફોને હંફાવી દેનાર આ ફકીર સમાન રાજા વી.પી. સિંઘ કેન્સર સામે લડતા હાંફી ગયા એમની બંને કિડની કામ કરતી બંધથઈ ગઈ. એ સમયે પણ તેઓ આખરીસમયમાં કોમી એખલાસનો સંદેશો આપતા રહ્યા.

આજે એવો સવાલ ઉભો થાય છે કે,ભારતમાં તેમનું કોઈ સ્મારક કેમ નથી. દેશમાં જ્યારે પી.વી. નરસિંહ રાવ,ચંદ્રશેખર, આઈ.કે. ગુજરાલ અને અટલબિહારી વાજયેપી જેવા પૂર્વ વડાપ્રધાનના સ્મારકો છે ત્યારે વીપીનો સ્મારક કેમ નથીએ સવાલ ખૂબ જ ગૂંચવણભર્યો બની ગયો છે. કોઈ રાજકીય પક્ષ કે ૨૦૦૮માં વી.પી સિંઘના અવસાન પછી આવેલી સરકારોએએમનો બહુમાન કરવાનું વિચાર્યું નથી. જો રાજકીય વિચારધારાની વાડા બંધીમાંઆપણે સભાનપણે આપણે આવા હિરોને ભૂલી જઈએ તો શું એ દેશનું અપમાન નથી.

# ગુજરાતમાં કોંગ્રેસના ૬૪માં અધિવેશનને લઈ પૂર જોશમાં તૈયારી શરૂ; રાષ્ટ્રીય સંગઠનના નેતાઓ ની બેઠકો શરૂ

અમદાવાદ તા.૧૦

ગુજરાતમાં તારીખ ૮-૯ એપ્રિલ ૨૦૨૫ના દિવસે કોંગ્રેસના રાષ્ટ્રીય અધિવેશનનું આયોજન થવા જઈ રહ્યું છે. આ સંગઠન મહાસચિવ કે.સી વેણુગોપાલ અમદાવાદ પહોંચ્યા હતાં. તેમના દ્વારા ગુજરાત કોંગ્રેસ કાર્યાલય ખાતે બેઠક યોજી હતી. આ બેઠકમાં ગુજરાતમાં યોજાનારા ૬૪માં અધિવેનશને લઈને નેતાઓને વિવિધ જવાબદારી સોંપવા અંગે ચર્ચા-વિચારણા કરાઈ હતી. આ વિષય પર વાત કરતાં કે.સી વેણુગોપાલે કહ્યું હતું કે, હું રાષ્ટ્રીય અધિવેશનના સ્થળની પસંદગી માટે ગુજરાત આવ્યો છું. અમે ગુજરાતના ગાંધીજી-સરદારના વારસાને લઈને આગળ વધી રહ્યાં છીએ. હાલ, ગુજરાતમાં કોંગ્રેસ માટે અનેક પડકારો છે, જેનો અમે સ્વીકાર કરીએ છીએ. પડકારોને ઝીલીને કોંગ્રેસ ગુજરાત પર ફોકસ કરશે. AICC અધિવેશનમાં દેશભરના છૈંઝ્રઝ્ર પ્રતિનિધિઓ એકત્રિત થશે. જેમાં બંધારણ તેમજ તેના મૂલ્યો પર થતાં સતત હુમલાઓ અને ભાજપની જનવિરોધી નીતિઓ અંગે ચર્ચા થશે તેમજ પાર્ટીની આગામી કામગીરી અંગે માર્ગદર્શન નક્કી કરવામાં આવશે. કોંગ્રેસ ૩૦ વષથી ગુજરાતમાં છેલ્લાં ૩૦ વષથી હારનો સામનો કરી રહી છે. હાલમાં યોજાયેલી સ્થાનિક સ્વરાજની ચૂંટણીમાં પણ કોંગ્રસને કારમી હારનો સામનો કરવો પડ્યો હતો. હવે કોંગ્રેસ મિશન-૨૦૨૭ હેઠળ અત્યારથી તૈયારીમાં લાગી ગઈ છે. ૮ એપ્રિલે વિસ્તૃત કોંગ્રેસ વર્કિંગ કમિટીની બેકઠક સાથે અધિવેશન શરૂ થશે. ત્યારબાદ ૯ એપ્રિલના દિવસે AICC પ્રતિનિધિઓની બેઠક યોજાશે. આ બંને બેઠકમાં કોંગ્રેસ અધ્યક્ષ મલ્લિકાર્જૂન ખડગે અધ્યક્ષતા કરશે તેમજ સંસદીય પક્ષની અધ્યક્ષ સોનિયા ગાંધીજી, લોકસભામાં વિરોધ પક્ષના નેતા રાહુલ ગાંધી, કોંગ્રેસ શાસિત રાજ્યોના તમામ મુખ્યમંત્રીઓ, રાષ્ટ્રીય પદાધિકારીઓ, વરિષ્ઠ નેતાઓ અને અન્ય AICC પ્રતિનિધિઓ હાજર રહેશે. આ AICC અધિવેશન બેલગાવીમાં યોજાયેલી વિસ્તૃત CWC બેઠક (નવા સત્યાગ્રહ બેઠક)માં અપાયેલ ઠરાવની ચાલુ પ્રક્રિયા તરીકે યોજાઈ રહ્યું છે, જે ૧૯૨૪માં મહાત્મા ગાંધી દ્વારા અધ્યક્ષપદ સંભાળવામાં આવેલા કોંગ્રેસ અધિવેશનની ૧૦૦મી વષર્ગાંઠની યાદમાં યોજાઈ હતી.

# દેશભરની શાળાઓમાં બાળકોના પ્રવેશમાં વધુ ઘટાડો શા માટે થયો છે ?

મુંબઈ તા.૧૦

દેશમાં દર વર્ષે શાળાઓમાં વિદ્યાર્થીઓની નોંધણી વધતી હતી ત્યાં હવે તેમાં કેમ ઘટાડો થયો છે ? છેલ્લા બે વર્ષમાં નોંધણીમાં અંદાજે બે કરોડનો ઘટાડો થયો છે. મતલબ કે દર વર્ષે લગભગ એક કરોડ વિદ્યાર્થીઓની નોંધણીમાં ઘટાડો થયો છે.૨૦૨૧-૨૨માં દેશભરની શાળાઓમાં વિદ્યાર્થીઓની નોંધણી ૨૬.૫ કરોડ હતી, તે ૨૦૨૨-૨૩માં ઘટીને લગભગ ૨૫ કરોડ અને ૨૦૨૩-૨૪માં૨૪.૮ કરોડ થઈ ગઈ છે. સમગ્ર દેશમાં શાળા શિક્ષણ અને વિદ્યાર્થીઓ ઉપર સૌથી વધુ મજબૂત ડેટા ધરાવનાર UDISE+ આ રિપોર્ટ બહાર પાડ્યો છે. આ રિપોર્ટ અનુસાર છેલ્લી બે સિઝનને બાદ કરતાં અગાઉના ચાર વર્ષમાં સરેરાશ નોંધણી દર વર્ષે લગભગ ૨૬ કરોડ હતી. આ નાણાકીય વર્ષમાં આ નોંધણી માત્ર ૨૪.૮ કરોડ રહી છે. તાજેતરનો અહેવાલ દર્શાવે છે કે, ૨૦૧૮-૧૯થી ૨૦૨૧-૨૨ સુધી શાળામાં નોંધણી ૨૬ કરોડથી વધુ રહી છે. ૨૦૨૦-૨૧ના કોવિડ વર્ષ દરમ્યાન થોડો ઘટાડો થયો હતો, આ સમયગાળા દરમ્યાન સંખ્યા ૨૬ કરોડથી વધુ રહી હતી. પ્રથમ વખત, નોંધણીનો આંકડો ૨૦૨૨-૨૩માં ઘટીને ૨૫.૧૭ કરોડ અને ૨૦૨૩-૨૪માં ૨૪.૮ કરોડ થયો. જે ૨૦૧૮-૧૯થી ૨૦૨૧-૨૨નાસમયગાળા કરતાં અંદાજે રૂા.૧.૫૫ કરોડ ઓછું છે. એટલે કે લગભગ ૬ ટકાનો ઘટાડો થયો હતો. તો પ્રશ્ન એ છે કે, આટલો ઘટાડો કેવી રીતે થયો ?

અધિકારીઓએ આ ઘટાડાનો શ્રેય ડેટા સંગ્રહની વધુ સારી પદ્ધતિઓને આપ્યો છે, જેણે ડુપ્લિકેટ એન્ટ્રીઓ દૂર કરી છે. ખરેખરહવે UDISE+ ઉપર એન્ટ્રી આધાર નંબર ઉપર આધારિત થઈ ગઈ છે. આ સાથે જે વિદ્યાર્થીઓના નામ બે શાળામાં હતાતેમના ડુપ્લિકેટ નોમિનેશન કાઢી નાખવામાં આવ્યા છે. આધાર નંબરનો ઉપયોગ કરીને વેરિફિકેશનથી જાણવામળ્યું કે એવા ઘણા બાળકો હતા જેઓ માત્ર સરકારી શાળાઓમાં જ નોંધાયેલા નહોતા પરંતુ ખાનગી શાળાઓમાં પણ દાખલથયા હતા. જ્યારે આધાર નંબર વડે નોમિનેશનવેરિફિકેશન કરવામાં આવ્યું ત્યારે આવાડુપ્લિકેટ નોમિનેશન મળી આવ્યા હતા.મંત્રાલયના અધિકારીઓએ નોંધણીમાં ઘટાડો સ્વીકાર્યો હતો, પરંતુ જણાવ્યું હતું કે, તે ૨૦૨૨-૨૩માં લાગુ કરવામાં આવેલીસુધારેલી માહિતી સંગ્રહ પદ્ધતિઓને કારણેછે. નવી સિસ્ટમ હેઠળ, શાળાઓએ હવે માત્ર શાળા-સ્તરના નંબરોને બદલે વિદ્યાર્થીઓની સંપૂર્ણ માહિતી પ્રદાન કરવીપડશે. આ માટે દરેક વિદ્યાર્થી માટે તેમના નામ, માતા-પિતાના નામ, સરનામું અને આધાર નંબર સહિત વિગતવાર રેકોર્ડની જરૂર છે. એક વરિષ્ઠ અધિકારીએ જણાવ્યું હતું કે, આનાથી અમુક સંખ્યામાં ઘટાડો થઈ શકે છે, જેમ કે સરકારી અને ખાનગી બંને શાળાઓમાં નોંધાયેલા બાળકોના નામ સમાન હોય શકે છે. UDISE+ રિપોર્ટ જણાવે છે કે, ડેટા એકત્ર કરવાની નવી પદ્ધતિથી લાભાર્થીઓની ઓળખ સમગ્ર શિક્ષા યોજના, PM પોષણ યોજના,રાષ્ટ્રીય શિષ્યવૃત્તિ યોજના વગેરે માટે થઈશકે છે અને આવનારા વર્ષોમાં સરકારને નોંધપાત્ર બચત થઈ શકે છે. તેનો અર્થ એવો પણ થાય છે કે, સરકારી ડેટા ઘણા વર્ષોથીખોટો હતો. સરકારી અધિકારીઓના જણાવ્યા અનુસાર શિક્ષણ મંત્રાલયે ઘટાડા અંગે નોંધણીના આંકડામાં નોંધપાત્ર ઘટાડાઅંગે રાજ્યો પાસેથી સ્પષ્ટતા માંગી છે. રાજ્યોમાં ૨૦૧૮-૧૯ની સરખામણીમાં ૨૦૨૩-૨૪માં નોંધણીમાં સૌથી મોટો ઘટાડો બિહારમાં હતો, જ્યાં તે ૩૫.૬૫ લાખ ઘટ્યો હતો. આ પછી ઉત્તરપ્રદેશમાં ૨૮.૨૬ લાખ અને મહારાષ્ટ્રમાં ૧૮.૫૫લાખ નોમિનેશનમાં ઘટાડો થયો છે. આંધ્રપ્રદેશ, દિલ્હી, જમ્મુ અને કાશ્મીર અને તેલંગાણા સિવાય મોટાભાગના રાજ્યો અન કેન્દ્રશાસિત પ્રદેશોએ ૨૦૧૮-૧૯ની સરખામણીમાં ૨૦૨૩-૨૪માં નોંધણીમાંઘટાડો છે. યુપી સરકારના એક વરિષ્ઠઅધિકારીએ અંગ્રેજી અખબારને જણાવ્યું હતું કે, બાળકો સરકારી શાળાઓમાં શિષ્યવૃત્તિ અથવા અન્ય લાભો માટે પ્રવેશ લેતા હતા અને ખાનગી શાળાઓમાં પણ પ્રવેશ લેતા હતા, જેના કારણે ઘણી ડુપ્લિકેટ એન્ટ્રીઓહતી જે હવે દૂર કરવામાં આવી છે.

# ગુજરાતમાં જળસંચયને પ્રોત્સાહન આપવા ૫૦ લાખ હેક્ટર વિસ્તારને સૂક્ષ્મ સિંચાઈ હેઠળ આવરી લેવાશે: જળસંપત્તિ મંત્રી શ્રી કુંવરજીભાઈ બાવળીયા

ગાંધીનગર તા.૧૦

જળસંચય - જનભાગીદારી અભિયાન અંગે વિધાનસભા ગૃહ ખાતે સભ્યશ્રી દ્વારા રજૂ કરાયેલા બિન સરકારી સંકલ્પને આવકારતા જળસંપત્તિ મંત્રી શ્રી કુંવરજીભાઈ બાવળિયાએ પોતાના વિચારો પ્રસ્તુત કર્યા હતા. તેમણે કહ્યું હતું કે, જળસંચયને પ્રોત્સાહન આપવા માટે વિકસિત ગુજરાત-૨૦૪૭ સુધીમાં રાજયના ૫૦ લાખ હેક્ટર વિસ્તારને સૂક્ષ્મ સિંચાઈ હેઠળ આવરી લેવાનો અમારો લક્ષ્યાંક છે. આ સંદર્ભે મંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, સૂક્ષ્મ સિંચાઈ થકી પાણીનો કરકસરયુક્ત ઉપયોગ થશે અને જળસંચયના લક્ષ્યાંકને પરિપૂર્ણ કરવામાં વેગ મળશે. ગુજરાતના મહત્તમ ખેડૂતો સૂક્ષ્મ સિંચાઈ પદ્ધતિ અપનાવે તે હેતુસર રાજ્ય સરકાર દ્વારા સૂક્ષ્મ સિંચાઈ માટે ૭૦ ટકાથી ૯૦ ટકા સુધીની સબસીડી આપવામાં આવે છે. પરિણામે ખેડૂતો ફૂવારા અને ટપક જેવી સિંચાઈ પદ્ધતિઓ બહોળા પ્રમાણમાં અપનાવવા લાગ્યા છે. વધુમાં જળસંપત્તિ મંત્રીશ્રીએ કહ્યું હતું કે, ગુજરાતની ભૌગોલિક અસમાનતાને પહોંચી વળવા ગુજરાતના તત્કાલીન મુખ્યમંત્રી અને હાલના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ પાણીના પ્રશ્નને ટોચની અગ્રતા આપીને અનેક યોજનાઓ થકી રાજ્યના ખૂણે-ખૂણે સિંચાઈ અને પીવાનું પાણી પહોંચાડ્યું છે. ગુજરાતના કૃષિ વિકાસ, ઔદ્યોગિક વિકાસ અને ડેરી ઉદ્યોગ સહિતના ક્ષેત્રોનો વિકાસ સર્વત્ર પાણીની ઉપલબ્ધી થકી શક્ય બન્યો છે. ગુજરાતની પ્રજાએ વરસાદી પાણીના સંગ્રહ અને ઉપયોગથી ‘જળ એ જ જીવન’ના સૂત્રને સાચા અર્થમાં ચરીતાર્થ કર્યું છે, તેમ તેમણે જણાવ્યું હતું. મંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, ભૂગર્ભ જળની ઉપલબ્ધી પણ સમગ્ર રાજ્યમાં એક સમાન નથી. વર્ષ ૨૦૨૪ની ભૂગર્ભ જળ અંદાજ ગણતરી મુજબ ગુજરાતના ૨૨ તાલુકા ઓવર-એક્સ્પ્લોઈટેડ, ૧૦ તાલુકા ક્રિટીકલ અને ૨૪ તાલુકા સેમી-ક્રિટીકલ મળીને કુલ ૫૬ તાલુકામાં ભૂગર્ભ જળ લેવલ નીચા જઈ રહ્યા છે તેમજ ભૂગર્ભ જળ આવરો પણ ઘટી રહ્યો છે. ભૂગર્ભ જળ લેવલ નીચા જવાની આ વિપરીત અસરો સામે ટકી રહેવા માટે જન ભાગીદારી થકી જળસંચય અતિ આવશ્યક છે. ભારત સરકારે આ બાબતને અગ્રતા આપીને, ભૂગર્ભ જળમાં વધારો થાય તે માટે અટલ ભૂજલ યોજના અમલમાં મૂકી હતી. આ યોજના દ્વારા ગુજરાતમાં ભૂગર્ભ જળના સ્તર અને ગુણવત્તામાં સુધારો તેમજ જળ વ્યવસ્થાપન વધુ મજબૂત થઈ રહ્યું છે, તેમ તેમણે જણાવ્યું હતું. ‘જલ સંચય - જન ભાગીદારી અભિયાન’ દ્વારા ગુજરાત સરકારે સમગ્ર રાજ્યમાં જળ સંચય, ભૂગર્ભ જળ રીચાર્જ, જળ સંરક્ષણ માટેના અનેકવિધ કામો હાથ ધરવા માટે અભિયાન શરૂ કર્યું છે. રાજ્યના તમામ વિસ્તારોમાં જળ સંચય થકી ભાવિ પેઢીને સુરક્ષિત કરતા આ ઉમદાકાર્યમાં સૌ સભ્યો સહિયારા પ્રયત્નો કરશે, તેવો મંત્રીશ્રીએ વિશ્વાસ વ્યક્ત કર્યો હતો. લિંબાયતના ધારાસભ્ય શ્રીમતી સંગીતાબેન પાટીલે વિધાનસભા ગૃહ ખાતે બિન સરકારી સંકલ્પ રજૂ કરતા જણાવ્યું હતું કે, પીવા માટે, કૃષિ ઉત્પાદન તેમજ ઔદ્યોગિક વિકાસ માટે ભૂગર્ભજળ મહત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે. ભારત સરકારે શરૂ કરેલા જળશક્તિ અભિયાનના અનેક પ્રોત્સાહક પરિણામો મળ્યા છે. જે અંતર્ગત ભૂગર્ભજળની પરિસ્થિતિમાં સુધારો કરવા માટે “જળસંચય જનભાગીદારી” કાર્યક્રમ પણ શરૂ કરવામાં આવ્યો છે. તેમણે જણાવ્યું હતું કે, જળસંચય જનભાગીદારી કાર્યક્રમનો મુખ્ય હેતુ ભૂગર્ભજળના તળો ઊંચા લાવવા, જળસંચયમાં વધારો કરવો, જળવાયુ પરિવર્તનની વિપરીત અસરો સામે ટકી રહેવાનો તેમજ ભૂગર્ભજળની ગુણવત્તામાં સુધારો કરવાનો છે. આ કાર્યક્રમ અંતર્ગત ભૂગર્ભજળના રીચાર્જ માટે વોટર હાર્વેસ્ટિંગ સ્ટ્રક્ચરો જેવા કે, રીચાર્જ બોરવેલ, ચેકડેમ, તળાવો, રૂફ વોટર હાર્વેસ્ટિંગના કામો તથા હયાત સ્ટ્રક્ચરોની મરામત અને નિભાવણીની કામગીરી કરવામાં આવે છે. ભૂગર્ભજળના અનિયમિત અને વધુ પડતા ખેંચાણના કારણે કેટલાક વિસ્તારોના ભૂગર્ભજળના તળોમાં ઝડપથી અને વ્યાપક ઘટાડો થયો છે. આ પરિસ્થિતિમાં લોકભાગીદારી, ઝજીઇ તેમજ અન્ય યોજનાઓ સાથેના કન્વર્ઝન્સ સહ ભૂગર્ભજળની ગુણવત્તા તથા તળોને ઊંચા લાવવા માટેનો “જળસંચય જનભાગીદારી” કાર્યક્રમ એક ચાવી રૂપ ભૂમિકા ભજવી શકે તેમ છે, તેમ તેમણે ઉમેર્યુ હતું. ગુજરાતમાં વરસાદ ઘણીવાર ઓછો અને અનિયમિત પડે છે. જેથી પાણીની સિમિત ઉપલબ્ધતાને ધ્યાને લઈ લોકભાગીદારી થકી ભૂગર્ભજળની પરિસ્થિતિમાં સુધારો આવે તેમજ લોકજાગૃતિ કેળવાય તે માટે વધુમાં વધુ કામો હાથ ધરીને “જળસંચય જનભાગીદારી અભિયાન”નો અસરકારક અમલમાં કરાવવા માટે ધારાસભ્યશ્રીએ સંકલ્પ રજૂ કર્યો હતો.આ સંકલ્પની ચર્ચામાં ધારાસભ્ય સર્વ શ્રી ભગાભાઈ બારડ, શ્રી હાર્દિક પટેલ, શ્રી પ્રવિણભાઈ માળીએ પોતાના વિચારો રજૂ કરીને સમર્થન આપ્યું હતું. જળસંચય અભિયાન અંગે લાવવામાં આવેલા આ બિન સરકારી સંકલ્પનો વિધાનસભા ગૃહ દ્વારા સર્વાનુમતે સ્વીકાર કરાયો હતો.

# વેરાવળના ફિશ એકમો અને ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિની મુલાકાત લેતાં સહકાર રાજયમંત્રી જગદીશભાઈ વિશ્વકર્મા

## ખેત ઉત્પાદનોની આવક અને સંગ્રહ, ફિશ પ્રોડકટની નિકાસ વગેરે વિષે જાણકારી મેળવી




(પ્રતિનિધિ દ્વારા)

વેરાવળ તા. ૧૦

સહકાર રાજયમંત્રી શ્રી જગદીશભાઈ વિશ્વકર્માએ વેરાવળના કાજલી ખાતે આવેલા ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ (એ.પી.એમ.સી)ની તેમજ વેરાવળ જી.આઈ.ડી.સી. વિસ્તારમાં આવેલી શ્યામ મરીન ફૂડ્સ અને દીપમાલા ઈન્ડસ્ટ્રિઝ ઔદ્યોગિક એકમોની આજે સવારે મુલાકાત લીધી હતી.

મંત્રીશ્રીએ એ.પી.એમ.સી.ની મુલાકાત લઈ શેડ અને ખેડૂતો માટે ઊભી કરાયેલી વિવિધ સુવિધાઓનું નિરીક્ષણ કર્યું હતું. ગીર સોમનાથ જિલ્લાના વિવિધ પાકના વાવેતર પાકની ખરીદ સ્થિતિ વિશે ચર્ચા કરી ખેડૂતોને કોઈ અગવડતા ન પડે એ રીતે વ્યવસ્થિત અને સુનિયોજિત સંચાલન વિશે ઉપસ્થિત સર્વને માર્ગદર્શિત કર્યા હતાં.

વેરાવળ જી.આઈ.ડી.સી. વિસ્તારમાં આવેલી શ્યામ મરિન ફૂડ્સ અને દીપમાલા ઈન્ડસ્ટ્રિઝ ઔદ્યોગિક એકમોની મુલાકાત લઈ મંત્રીશ્રી મત્સ્ય ઉત્પાદનની પ્રક્રિયામાં લેબોરેટરી, સ્ટરિલાઈઝેશન, રસીકરણ, ઉષ્માયન જેવી વિવિધ પ્રક્રિયાઓથી અવગત થયાં હતાં.

મંત્રીશ્રીએ મત્સ્ય ઉત્પાદનની પ્રક્રિયા અને ફિશ પ્રોડકટની નિકાસ, ઉદ્યોગ કામદારોની સુરક્ષા, ફિશ પ્રોડકટના મૂલ્યવર્ધન સહિતના મુદ્દાઓ વિશે વિસ્તૃતમાં માર્ગદર્શન આપ્યું હતું.


કંપનીના પ્રતિનિધિએ મંત્રીશ્રીને ભારતની રીફ માછલીઓ, પર્ચ માછલીઓ, સમુદ્રી ઝીંગા સહિત ભારતની અન્ય પ્રજાતિની માછલીઓ અને મત્સ્ય સંપદાઓ વિશે અવગત કર્યા હતાં. મંત્રીશ્રીની આ મુલાકાત દરમિયાન એ.પી.એમ.સી.ના ચેરમેન ગોવિંદભાઈ પરમાર, સેક્રેટરી શ્રી કનકસિંહ પરમાર, ઉદ્યોગ વિભાગના એચ.એમ.વાઘેલા, અગ્રણી સંજયભાઈ પરમાર, મહેન્દ્રભાઈ પીઠિયા, માનસિંગભાઈ પરમાર, જનપ્રતિનિધિઓ, ખેડૂતો, મત્સ્ય જગત સાથે સંકળાયેલા લોકો ઉપસ્થિત રહ્યાં હતાં.

# તાલાલા વિધાનસભાના ધારાસભ્ય ભગવાનભાઈ બારડની રજૂઆતથી માછીમારોની વિવિધ સુવિધામાં વધારો

(ભોળા જાદવ દ્વારા)

લોઢવા તા. ૧૦

તાલાળા મત વિસ્તારમાં આવતા સુત્રાપાડા બંદર તથા ધામળેજ બંદર તથા અન્ય નાના બંદરોમાં માછીમારી કરતા પરિવારના જે લોકો પાકિસ્તાન જેલમાં છે, તેમના કુટુબને પોતાનું ગુજરાન ચલાવવા માટે સરકાર તરફથી કેટલી સહાય આપે છે? તે પ્રશ્નના જવાબમાં નાણામંત્રીએ જણાવેલ કે અત્યાર સુધીમાં આ પરિવારને પ્રતિ દિવસ રૂા.૫૦ લેખે સહાય ચૂકવાતી હતી તે સહાયમાં વધારો કરી હવે રૂા. ૩૦૦ કરવામાં આવેલ છે. તેમજ વધુમાં મારા વિસ્તારના બંદરો પર જુજ સમાજના માછીમારને અલગ-અલગ યોજનામાં સહાય મળે છે, તેવી રજૂઆત કરતા નાણામંત્રીએ જણાવેલ કે ગયા બજેટમાં ૧૪ કરોડ ૬૦ લાખની જોગવાઈ કરીને નાના માછીમારોને લેન્ડીંગ પોઈન્ટ માટે રકમ મંજુર કરવામાં આવેલ



છે. અને ધામળેજ બંદર માટે ૨૬.૪૦ કરોડ લેન્ડીંગ પોઈન્ટ માટે મંજુર કરવામાં આવેલ આમ આ વિસ્તારના ધારાસભ્ય ભગવાનભાઈ બારડની માછીમારોની રજૂઆતને સફળતા મળી તેવી જ રીતે માછીમારો ફીશિંગ માટે જતા હોય ત્યારે બોટમાં વપરાતા ડીઝલની સબસીડીમાં વધારો કરવા રજૂઆત અંગે નાણામંત્રી દ્વારા જણાવેલ કે માછીમારોને ડીઝલમાં સબસીડી વધારો કરવા માટે સરકારે આ વર્ષનાં બજેટમાં રકમ રૂપિયા ૩૫૦ કરોડની જોગવાઈ કરવામાં આવેલ છે. આમ આ વિસ્તારનાં જાગૃત ધારાસભ્યનાં પ્રયત્નોનાં લીધે દરિયાઈ ખેડૂતોના વિવિધ પ્રશ્નો અને રજૂઆત કરતા વિસ્તારના માછીમારોની સહાય અને સુવિધામાં વધારો થયેલ છે.

# સોમવારે આમલકી એકાદશી

આજે ફાગણ સુદ અગિયારસ તા ૧૦ માર્ચ ને સોમવારે આમલકી એકાદશી છે. આમલકી એકાદશીના દિવસે સવારના વહેલા ઊઠી નિત્યકર્મ કરી નહાવાની ડોલમાં થોડું ગંગાજળ પધરાવી સ્નાન કરવું. જેટલા તીર્થોના નામ યાદ આવે તેટલા તીર્થના નામ સ્નાન કરતા કરતા બોલવા. ત્યારબાદ એક બાજોઠ ઉપર સફેદ વસ્ત્ર પાથરી તેની ઉપર ચોખા મુકી શ્રીકૃષ્ણ ભગવાનની છબીની સ્થાપના કરવી. સાથે આગળ એક સોપારીમાં ભગવાન પરશુરામની સ્થાપના કરવી. બંને ભગવાનને ચાંદલો ચોખા કરી ફુલ અબીલ ગુલાલ કંકુ પધરાવી અગરબત્તીનો ધૂપ આપી નૈવેદ્યમાં મીઠાઈ તથા આમળા ખાસ ધરાવવા. ત્યારબાદ આરતી કરી આમલકી એકાદશીની વ્રત કથા વાંચવી અને આખો દિવસ ઉપવાસ અથવા એકટાણું રહેવું. બ્રાહ્મણો અને ગરીબોને દાન દક્ષિણા આપવી. સાંજના સમયે ભગવાનનું કીર્તન કરવું. આવી રીતના એકાદશીનું વ્રત રહેવાથી એક હજાર ગાયના દાન કરવાનું ફળ મળે છે તથા ઘરમાં સુખ-શાંતિ રહે છે અને શુભ મનોકામના પૂર્ણ થાય છે. આમલકી એકાદશીની કથાનો બોધ : મનુષ્ય જીવન છે, જાણતા-અજાણતા પાપ થઈ જ જાય છે પરંતુ કરેલા પાપનું પ્રાયશ્ચિત કરવું અને સાચો પસ્તાવો કરી બીજાની મદદ કરવી તે જ સાચું વ્રત અને તપ છે. કોઈપણ કરેલા ધર્મકાર્યનું ફળ હંમેશા મળે જ તે ઘણીવાર તરત તો ઘણીવાર પછી પણ મળે જરૂર મળે છે.

- શાસ્ત્રી રાજદીપ જોશી (વેદાંત રત્ન)

# • રમઝાન મુબારક •




## રમઝાન સંદેશ-૬

**સુરક્ષા દળોની અમાનવીયતા:**

આ પ્રવૃત્તિ માત્ર જન-સાધારણમાં જ નથી જોવા મળતી, બલ્કે પ્રશાસનના એ લોકોમાં પણ ખુબ જ મોટા પાયે જોવા મળે છે જે શાંતિની સ્થાપના માટે જવાબદાર છે. કેદીઓ અને પોલીસ અટકાયતમાં મોત હવે રોજીંદી ઘટના બની ગઈ છે. માનવાધિકારોના આંતરરાષ્ટ્રીય સીમ્પોઝીયમની પ્રબંધ સમિતિના અધ્યક્ષ જસ્ટિસ વી. એસ. મલમૈથ એ પોતાના એક નિવેદનમાં કહ્યું હતું કે દેશભરના બધા જ પોલીસ સ્ટેશનોમાં યાતનાઓ આપવાની ઘટનાઓ થઈ રહી છે, ત્યાં સુધી કે એ પોલીસ સ્ટેશનોમાં પણ જ્યાંની ઈન્ચાર્જ મહિલાઓ છે.

માનવાધિકાર સંગઠન 'પીપલ્સ યુનિયન ફોર સિવિલ લિબર્ટીઝ' (PUCL)ના રિપોર્ટ અનુસાર સૈનિક તેમજ અર્ધસૈનિક દળોએ કાશ્મીરમાં નિર્દોષ લોકોની હત્યાઓ અને સ્ત્રીઓની બેઆબરૂને પોતાનો ધંધો બનાવી લીધો છે. કાશ્મીરની અદાલતોમાં આવા અનેક કેસો છે, જેમાં પોલીસ અને સેનાના જવાનો આરોપી છે. આ વ્યવહાર એ લોકો સાથે થઈ રહ્યો છે જે આ દેશના નાગરિક છે અને એ ક્ષેત્રમાં થઈ રહ્યું છે જે આપણાં દેશનો અતૂટ ભાગ કહેવાય છે.

ઉત્તરાખંડ આંદોલન દરમ્યાન મુઝફ્ફરનગર અને અન્ય ક્ષેત્રોમાં પોલીસ કર્મીઓએ ખૂબ જ મોટા પાયે સ્ત્રીઓને અપમાનિત કરી શાંતિપ્રિય લોકોમાંથી કેટલાંય લોકોને ગોળીના નિશાન બનાવ્યાં. થોડાંક મહિના અગાઉ આંધ્રપ્રદેશ પોલીસના ઉત્પીડનથી કંટાળીને અનેક લોકોએ આત્મહત્યા કરી લીધી હતી. મુંબઈના ૧૯૯૩ના તોફાનોમાં નિર્દોષ લોકોના ઘરોને સળગાવવામાં આવ્યાં અને અનેક લોકોને ગોળીએ વીંધી નાખવામાં આવ્યા. બિહારની જેલમાં પોલીસે ૨૨ કેદીઓની આંખો ફોડી નાખી હતી. આ બધું શાંતિ અને વ્યવસ્થાના નામે થઈ રહ્યું છે. આમાં લજ્જાજનક પાસુ આ છે કે ભય અને આતંક ફેલાવવા માટે સ્ત્રીઓની ઈજ્જતને ખાસ નિશાન બનાવવામાં આવે છે. આ એ દેશમાં થઈ રહ્યું છે, જયાં લોકતંત્ર સ્થાપિત છે, જ્યાં માનવાધિકારના વિભિન્ન સંગઠનો સક્રિય છે.

હિંસાનું આમ સામાન્ય થવાનું એક કારણો આ છે કે આવા અપરાધોમાં સંલિપ્ત લોકોને આ વિશ્વાસ છે કે કાયદાનું યંત્ર એટલું નિરર્થક છે કે તેમનું કોઈ કશું બગાડી શકતું નથી. કાયદાની પકડ જો ક્યાંક સખત પણ હોય છે તો તેઓ લાંચ અથવા રાજનીતિક દબાણના આધારે તેનાથી બચી જાય છે. બીજું કારણ, તેમનો એ વિશ્વાસ છે કે કોઈ પણ લક્ષ્ય બાહુબળથી મેળવી શકાય છે. આ વસ્તુ સ્થિતિની ગંભીરતાનો અંદાજો આનાથી લગાવી શકાય છે કે સામાન્ય નાગરિક પણ કાયદાની મદદ લેવાને બદલે બાહુબળ રાખનારાઓથી મદદ લેવા ઈચ્છે છે. એટલા માટે દૈનિક જીવનની સામાન્ય સુવિધાઓની પ્રાપ્તિ હવે કાયદાની મદદથી મુશ્કેલ થતી જઈ રહી છે. કેટલાંક મોટા શહેરોમાં આ વાત પ્રખ્યાત છે કે નાના દુકાનદારો શહેરના દાદા લોકો ને "ટેક્ષ" આપે છે, કે જેથી તેઓ સુરક્ષિત રીતે વેપાર કરી શકે.

ભ્રષ્ટાચારમાં વૃદ્ધિ આ નૈતિક સંકટનું બીજું સ્વરૂપ છે કે જે નૈતિક બુરાઈઓને લોકો વ્યક્તિગત જીવનમાં ખરાબ સમજે છે, તેને સામૂહિક બાબતમાં અપનાવવામાં સંકોચ નથી કરતા. બલ્કે આ બુરાઈઓને હવે દુષણ પણ સમજવામાં નથી આવતું. જેમ કે વીજળીની ચોરી હવે શહેરોમાં સામાન્ય છે. ટેક્ષની ચોરીને માટે અનેક બહાનાઓ પ્રચલિત થઈ ગયા છે. સરકારની વિભિન્ન યોજનાઓ માટે જે રકમો મંજુર કરવામાં આવે છે, તેનો મોટો ભાગ નોકરશાહોના ગજવામાં જતો રહે છે. પૂર્વ પ્રધાનમંત્રી દિવગંત રાજીવ ગાંધી એ પોતાના એક નિવેદનમાં કહ્યું હતું કે સરકાર જો એક રૂપિયો મંજુર કરે છે તો ૧૫ પૈસા જ જનતા સુધી પહોંચે છે. દેશની સેવાના દાવેદાર રાજનેતા તો દેશના ધન ઉપર પોતાનો અધિકાર સમજે છે.

જ્યાં સુધી સામાન્ય નૈતિક મુલ્યોનો સંબંધ છે, તેની સ્થિતિ વધારે ખરાબ છે. વ્યવહારમાં દગાખોરી અને ખાન-પાન, ખાદ્ય પદાર્થમાં ભેળ-સેળ, ઓછું માપવું અને તોલવું હવે બુરાઈ નથી ગણાતી. ઉત્તરદાયિત્વની ભાવના અને કર્તવ્ય પાલનથી બચવું, ઝુંટ કપટ વર્તમાન ભારતીય સમાજમાં ખૂબ જ પ્રચલિત છે. આ બધી જ બુરાઈઓ માનવ સમાજમાં ઉપદ્રવ જન્માવે છે. આનાથી જનતા અને વિશિષ્ઠ જન બધા જ પરેશાન છે.

- ઈસ્લામ દર્શન કેન્દ્ર- જૂનાગઢ

**રોઝા -૯ સોમવાર**
**ઈફ્તાર - ૭ :૦૦**
**રોઝા -૧૦ મંગળવાર**
**શહેરી - ૫ : ૪૨**

# કેન્દ્રીય ગૃહમંત્રી અમિતભાઈ શાહનું સોમનાથ હેલીપેડ ખાતે ઉષ્માપૂર્ણ સ્વાગત કરાયું, સોમનાથ મહાદેવના દર્શન કર્યા




(પ્રતિનિધિ દ્વારા)

વેરાવળ તા. ૧૦

કેન્દ્રીય ગૃહમંત્રી અમિતભાઈ શાહ શનિવારે બપોરે ગીર સોમનાથ જિલ્લાના એક દિવસીય પ્રવાસે પ્રસિદ્ધ યાત્રાધામ સોમનાથ ખાતે આવેલા હેલિપેડ ખાતે હેલિકોપ્ટર મારફતે આવી પહોંચતાં તેમનું સહકાર રાજયમંત્રી જગદિશભાઈ વિશ્વકર્મા સહિતના મહાનુભાવો દ્વારા ઉષ્માપૂર્ણ સ્વાગત કરવામાં આવ્યું હતું.

મંત્રીશ્રીના સ્વાગત-સત્કાર માટે સાંસદ રાજેશભાઈ ચુડાસમા, જિલ્લા પંચાયત પ્રમુખ મંજૂલાબેન મુછાર, વેરાવળ-પાટણ સંયુક્ત નગરપાલિકાના પ્રમુખ શ્રીમતી પલ્લવીબહેન જાની, જિલ્લા કલેક્ટર દિગ્વિજયસિંહ જાડેજા, રેન્જ આઈ.જી. નિલેશ જાજડિયા, જિલ્લા પોલીસ વડા મનોહરસિંહ જાડેજા, અગ્રણી સર્વ ઝવેરીભાઈ ઠકરાર, સંજય પરમાર, મહેન્દ્રભાઈ પીઠિયા, રાજશીભાઈ જોટવા, માનસિંહ પરમાર, ડોલર કોટેચા, ગીરીશભાઈ કોટેચા, ગૌરવ રૂપારેલિયા ઉપસ્થિત રહ્યાં હતાં.

અત્રે ઉલ્લેખનીય છે કે, હેલિપેડ ખાતે ઉતર્યા બાદ કેન્દ્રીય ગૃહમંત્રી પ્રસિદ્ધ યાત્રાધામ સોમનાથ ખાતે ભગવાન સોમનાથના દર્શન કરેલ હતા જયાં સોમનાથ મહાદેવને જલાભિષેક અર્પણ કરી અને પૂજાન-અર્ચન કર્યુ હતું.

# આંતરરાષ્ટ્રીય મહિલા દિવસના રોજ ૧૮૧ "અભયમ" મહિલા હેલ્પલાઈનના ગુજરાતમાં સફળતા પૂર્વક ૧૦ વર્ષ પૂર્ણ

## ગીર સોમનાથ જિલ્લામાં છેલ્લા ૧૦ વર્ષમાં ૫૪૫૧ મહિલાઓને ઘટના સ્થળ પર મદદ પોહચાડી






(પ્રતિનિધિ દ્વારા)

વેરાવળ તા. ૧૦

ગુજરાત રાજયની વિશેષતા એ છે કે પ્રત્યેક બાબતમાં આગવી રીતે પહેલ કરી લોકોને સરળતાથી યોજનાઓનો લાભ પહોચાડી શકાય તેવા અનેક સંવેદનશીલ નિર્ણયો લેવામાં આવેલ છે. મહિલાઓને ઘરેલુ હિંસા સહિતની વિવિધ પ્રકારની હિંસા તેમજ મુશ્કેલીની બાબતમાં તાત્કાલિક ધોરણે બચાવ અને સલાહ-માર્ગદર્શન ઉપરાંત મહિલાલક્ષી યોજનાઓની જાણકારી મળી રહે તે માટે "મહિલા હેલ્પલાઈન" ની સુવિધાની ઉપલબ્ધીની આવશ્યકતા જણાતા ગુજરાત સરકારના મહિલા અને બાળ વિકાસ વિભાગ, ગૃહ વિભાગ, રાજ્ય મહિલા આયોગ અને જીવીકે ઈએમઆરઆઈ દ્વારા સંકલિત રીતે ૮ માર્ચ ૨૦૧૫ ને આંતરરાષ્ટ્રીય મહિલા દિવસના રોજ રાજયવ્યાપી "૧૮૧ અભયમ મહિલા હેલ્પલાઈન" શરૂ કરવામાં આવી હતી.

રાજ્ય સરકારના મહિલા અને બાળ વિકાસ વિભાગ દ્વારા મહિલાઓની સલામતી અને સુરક્ષા માટે સમગ્ર દેશમાં ગુજરાત એ આગવી પહેલ કરનાર પ્રથમ રાજ્ય બન્યું છે, જેમાં ૧૮૧ મહિલા હેલ્પલાઈન હેઠળ કુલ ૫૯ રેસ્ક્યુવાનનો કાફલો ૨૪x૭ મહિલાઓની સલામતી અને સુરક્ષાની કામગીરીમાં કાર્યાન્વિત રહેશે.

માત્ર ૧૦ વર્ષનાં ટુંકા સમય ગાળામાં જ ૧૬૧૬૮૪૪ થી વધારે મહિલાઓને જરૂરિયાત મુજબ સલાહ, બચાવ, માર્ગદર્શન પુરૂં પાડવામાં આવ્યું છે. તેમજ તાકીદની પરીસ્થિતિમાં ઘટના સ્થળ ઉપર અભયમ રેસક્યુવાન સાથે કાઉન્સિલર જઈ ને ૩૨૪૪૦૧ જેટલા મહિલાને મદદ પુરી પાડેલ છે. ગંભીરપ્રકારના કિસ્સામાં ઘટના સ્થળ ઉપર જઈને રેસક્યુ વાન દ્વારા રેસક્યુ કરીને લાંબાગાળાના કાઉન્સિલિંગ માટે સરકારની અન્ય સંસ્થાઓ સુધી પહોચાડવામાં આવેલ હતા. જેમાં ગીર સોમનાથ જિલ્લામાં એક ૧૮૧ રેસ્ક્યુ વાન કાર્યરત છે. ૧૦ વર્ષની સફળ કામગીરી દરમ્યાન ૧૮૧ અભયમ મહિલા હેલ્પ લાઈન દ્વારા ગીર સોમનાથ જિલ્લામાં કુલ ૨૫૨૬૫ જેટલા કિસ્સામાં મહિલાઓને જરૂરિયાત મુજબ સલાહ,બચાવ અને માર્ગદર્શન પૂરું પાડવામાં આવ્યું તેમજ ૫૪૫૧ મહિલાઓને ઘટના સ્થળ પર જઈ મદદ પૂરી પાડવામાં આવી છે. વર્ષ ૨૦૨૪માં ૧૮૧ અભયમ મહિલા હેલ્પલાઈન દ્વારા ગીર સોમનાથ જિલ્લામાં કુલ ૭૦૫ જેટલા કિસ્સામાં મહિલાઓને તાકીદ પરિસ્થિતિમાં ઘટના સ્થળ ઉપર ૧૮૧ અભયમ રેસ્ક્યુ વાન સાથે કાઉન્સેલર સહિતની ટીમ જઈ ને મદદ પૂરી પાડેલ છે. જેમાં કુશળ કાઉન્સેલિંગ દ્વારા ૫૧૪ જેટલા કિસ્સામાં સ્થળ પર જ સમાધાનકારી નિરાકરણ લાવવામાં સફળતા મળેલ તેમજ ૧૬૭ જેટલા કિસ્સામાં ગંભીર પ્રકારની સમસ્યા જણાતા પીડિતાને આગળની કાર્યવાહી માટે પોલીસ સ્ટેશન મહિલા સહાયતા કેન્દ્ર જિલ્લા કાનૂની સેવા મંડળ ઓ.એસ.સી. વગેરે સંસ્થાઓ સુધી લઈ જઈને ન્યાય અપાવવામાં પ્રયત્નો કરવામાં આવેલ છે. ૧૬ જેટલા કિસ્સાઓમા ઘરેથી કોઈ કારણોસર નીકળી ગયા હોય કે વૃધ્ધ અવસ્થાના કારણે ઘરેથી ભૂલા પડેલા હોય તેવા કિસ્સાઓમાં ૧૮૧ ટીમના કુશળ કાઉન્સેલિંગ અને સુજબૂજ થી તેઓના પરિવાર સુધી પહોંચાડવાની ઉમદા કામગીરી કરવામાં આવેલ છે.

# સેવા, સુરક્ષા અને સલામતી સૂત્રને ખરા અર્થમાં સાર્થક કરતી દેવભૂમિ દ્વારકા જિલ્લા પોલીસ

## ખંભાળિયા તાલુકાના આરાધના ધામ ખાતે કાર્યરત પોલીસ કેમ્પમાં ફૂલડોલ ઉત્સવ માટે જતા પદયાત્રીઓને મળી રહ્યો છે વિવિધ સેવાઓનો લાભ




(પ્રતિનિધિ દ્વારા)

જામખંભાળીયા તા. ૧૦

રાષ્ટ્રની સુરક્ષા માટે જેમ જવાનો દિવસ કે રાત, ઠંડી કે ગરમી સહિત કઠિનથી કઠિન પરિસ્થિતિમાં ખડે પગે રહેતા હોય છે તેમ પોલીસ વિભાગના જવાનો પણ નાગરિકોની સેવા માટે સતત હાજર રહેતા હોય છે. ત્યારે આવું જ એક ઉમદા ઉદાહરણ દેવભૂમિ દ્વારકા જિલ્લા પોલીસ તંત્ર પૂરું પાડ્યું છે.

આપણા દેશ તથા રાજ્યની પ્રજા ઉત્સવ પ્રિય છે. ત્યારે આગામી હોળી તથા ધૂળેટીના તહેવાર દરમ્યાન યાત્રાધામ દ્વારકામાં દ્વારકાધીશ મંદિર ખાતે ફૂલડોલ ઉત્સવ ઉજવવામાં આવે છે. આ માટે શ્રદ્ધાળુઓમાં ઉત્સાહ જોવા મળી રહ્યો છે. બહોળી સંખ્યામાં શ્રદ્ધાળુઓ પગપાળા ભગવાનશ્રી દ્વારકાધીશ સંગ હોળી મનાવવા આવી રહ્યા હોય છે. ત્યારે દેવભૂમિ દ્વારકા જિલ્લા પોલીસ દ્વારા આરાધના ધામ ખાતે સેવા કેમ્પ કાર્યરત કરવામાં આવ્યો છે.

આ તકે પુણ્યનું ભાથુ બાંધવા આવેલ પદયાત્રીઓ જોશનાબેન તથા સાગર ઉપાધ્યાયે પોતાના પ્રતિભાવો આપતા જણાવ્યું હતું કે, જિલ્લા પોલીસ તંત્ર દ્વારા પદયાત્રીઓ માટે રહેવા, જમવા સહિતની તમામ વ્યવસ્થાઓ ઉભી કરવામાં આવી છે. જેના માટે હું પોલીસ વિભાગનો ખૂબ ખૂબ આભાર માનું છું.

ઉલ્લેખનીય છે કે, જિલ્લા પોલીસ અધિક્ષક નિતેશ પાંડેયના માર્ગદર્શન હેઠળ દેવભૂમિ દ્વારકા જિલ્લા પોલીસ દ્વારા દ્વારકા જતા પદયાત્રીઓ માટે આરધના ધામ નજીક સેવા કેમ્પમાં પદયાત્રીઓને આરામ કરવાની વ્યવસ્થા ઉપરાંત પાણી, ચા - નાસ્તો, ભોજન સહિતની વ્યવસ્થા કરવામાં આવી છે. ઉપરાંત પદયાત્રીઓના આરોગ્યની પણ સંભાળ રાખવામાં આવી રહી છે. તેમજ વાઈબ્રેટર મસાજ મશીન દ્વારા મસાજ પણ કરવામાં આવી રહી છે. ઉપરાંત વયોવૃધ્ધ પદયાત્રીઓની આંખની તપાસ કરી ત્વરિત ચશ્મા સહિત દવાઓ ઉપલબ્ધ કરાવવામાં આવી રહી છે.

આ ઉપરાંત પદયાત્રીઓની સલામતી ધ્યાને લઈ "જય દ્વારકાધીશ" સૂત્રના સ્ટીકરો તેમજ રેડિયમ રિફ્લેક્ટર બેગ પર લગાડવામાં આવી છે. માત્ર એટલું જ નહિ કોઈ પદયાત્રીઓના રોડની એક બાજુ સાઈડમાં ચાલવા અંગે પણ માર્ગદર્શન આપવામાં આવી રહ્યું છે. જે ખરા અર્થમાં માનવ સેવાનું દ્રષ્ટાંત પૂરૂં પાડે છે.

# ગાંધીનગરમાં નિર્માણ પામનાર "પેરા હાઈ પરફોર્મન્સ સેન્ટર"નું કેન્દ્રીય ગૃહ મંત્રીએ વર્ચ્યુઅલ ભૂમિપૂજન કર્યું

**ગુજરાતના પેરા એથલિટ્સ વર્લ્ડ ક્લાસ ઈન્ફરાસ્ટ્રક્ચર સાથે યોગ્ય તાલીમ મેળવીને વિશ્વ કક્ષાની રમતોમાં ઉત્કૃષ્ટ દેખાવ કરે તેવી નેમ આ હાઈ પરફોર્મન્સ સેન્ટર સાકાર કરશે : મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ**

(પ્રતિનિધિ દ્વારા)

ગાંધીનગર તા.૧૦

ગાંધીનગર ખાતે રૂા.૩૧૬.૮૨ કરોડના ખર્ચે નિર્માણ પામનાર "પેરા હાઈ પરફોર્મન્સ સેન્ટર"નું આજે કેન્દ્રીય ગૃહ અને સહકારિતા મંત્રી અમિતભાઈ શાહે વર્ચ્યુઅલ ભૂમિપૂજન મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ તેમજ ગૃહ રાજ્ય મંત્રી શ્રી હર્ષ સંઘવીની પ્રેરક ઉપસ્થિતિમાં કર્યું હતું. મહાત્મા મંદિર-ગાંધીનગર ખાતે આયોજિત આ સમારોહ દરમ્યાન ગાંધીનગર જિલ્લામાં નાગરિકલક્ષી ડિજિટલ સેવા કેન્દ્રોની વ્યાપકતા સુનિશ્ચિત કરવા માટે ગુજરાત સરકારના વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી વિભાગ તેમજ ભારત સરકાર હેઠળના કોમન સર્વિસ સેન્ટર (CSC) વચ્ચે સમજૂતી કરાર(MoU) સંપન્ન થયા હતા. કેન્દ્રીય ગૃહ અને સહકારિતા મંત્રી અમિતભાઈ શાહે આ સમારોહમાં પધારેલા ખેલાડીઓનો ઉત્સાહ વધારતા જણાવ્યું હતું કે, દિવ્યાંગ ખેલાડીઓ માટે અદ્યતન સુવિધાઓ ધરાવતું આંતરરાષ્ટ્રીય કક્ષાનું "પેરા હાઈ પરફોર્મન્સ સેન્ટર" ગુજરાતમાં કાર્યરત થશે. ગુજરાતના પેરા એથ્લિટ્સને વિશ્વ કક્ષાની તાલીમ મળે, રાજ્ય કક્ષા, રાષ્ટ્રીય કક્ષા અને આંતરરાષ્ટ્રીય કક્ષાની સ્પર્ધાઓ ઉત્તમ માળખાકીય સુવિધાઓ અને દિવ્યાંગજનોમાં રહેલી શક્તિઓને મંચ આપવા માટે પેરા હાઈ પરફોર્મન્સ સેન્ટર મહત્વપૂર્ણ ભૂમિકા ભજવશે. કેન્દ્રીય ગૃહ મંત્રીએ કહ્યું હતું કે, પહેલાના સમયમાં દિવ્યાંગજનો માટે લોકો તિરસ્કૃત શબ્દો વપરાતા હતા, જેનાથી તેમનામાં લઘુતાગ્રંથિનું નિર્માણ થતું હતું. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ તેમને "દિવ્યાંગ" જેવો સન્માનજનક શબ્દ આપીને દિવ્યાંગજનોમાં આત્મવિશ્વાસ ભરી દીધો છે. એ જ આત્મવિશ્વાસ થકી આજે દરેક ક્ષેત્રે દિવ્યાંગજનોનું પરફોર્મન્સ સમગ્ર વિશ્વમાં સૌથી વધુ ભારતમાં નોંધાય છે. તેમણે ઉમેર્યું હતું કે, ભગવાને જયારે કોઈ માણસને કોઈ ઉણપ આપી હોય, ત્યારે તેની સામે ઈશ્વરે તેને વધુ એક દિવ્ય શક્તિ પણ આપી હોય છે. એટલા માટે જ, વડાપ્રધાનશ્રીએ તેમને "દિવ્યાંગ" જેવો સન્માનજનક શબ્દ આપ્યો છે. આ દિવ્યાંગ ખેલાડીઓની પ્રેક્ટીસ-ટ્રેઈનીંગને વધુ કાર્યક્ષમ બનાવવામાં આ પરફોર્મન્સ સેન્ટર ખૂબ જ ઉપયોગી નીવડશે, તેમ કહી કેન્દ્રીય મંત્રીએ આ સેન્ટરમાં ઉપલબ્ધ થનારી સુવિધાઓની પણ વિસ્તૃત માહિતી આપી હતી. કેન્દ્રીય મંત્રીશ્રએ વધુમાં જણાવ્યું હતુ કે, વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના "સ્પોર્ટ્સ ફોર ઓલ"ના મંત્રને સાકાર કરવા માટે મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વ હેઠળની ગુજરાત સરકારે રમત-ગમત ક્ષેત્ર માટે અનેક નવી પહેલ કરી છે. જેના પરિણામે આજે ગુજરાત દેશમાં સૌથી વધુ સ્પોર્ટ્સ ઈન્ફ્રાસ્ટ્રક્ચર ધરાવતું રાજ્ય બન્યું છે. વર્ષ ૨૦૦૨માં ગુજરાતનું રમત-ગમત માટેનું બજેટ માત્ર રૂા.૨ કરોડ હતું, જે આજે વધીને રૂા. ૩૫૨ કરોડ જેટલું થયું છે. આ બજેટ જ રમત-ગમત માટે સરકારની પ્રતિબદ્ધતા દર્શાવે છે. આગામી સમયમાં વિશ્વના સૌથી મોટા નરેન્દ્ર મોદી ક્રિકેટ સ્ટેડિયમની બાજુમાં આવેલા - સરદાર પટેલ સ્પોર્ટ્સ સંકુલમાં ૧૦ મોટા સ્ટેડીયમનું નિર્માણ થવા જઈ રહ્યું છે. આ ૧૦ સંકુલોમાં જ વર્ષ ૨૦૩૬ના ઓલિમ્પિકની રમતો રમાડવા માટે ભારતે સંકલ્પ કર્યો છે. આ આયોજનની તૈયારીઓ પણ ગુજરાતે અત્યારથી જ શરૂ કરી છે, તેમ કેન્દ્રીય ગૃહ મંત્રીએ ઉમેર્યું હતું. કેન્દ્રીય ગૃહ મંત્રીશ્રીએ કહ્યું હતું કે, ભારત અને ગુજરાત સરકારે દિવ્યાંગ ખેલાડીઓને પ્રોત્સાહન આપવા માટે અનેક યોજનાઓ અમલમાં મૂકી છે. જેની ફલશ્રુતિરૂપે આજે દેશના પેરા એથ્લિટ્સ પેરા ઓલિમ્પિકમાં મેડલ મેળવીને દેશનું ગૌરવ વધારી રહ્યા છે. આ સંદર્ભે તેમણે ગુજરાતની પેરા ટેબલ ટેનીસ ખેલાડી ભાવિના પટેલનું ઉદાહરણ આપીને આગામી સમયમાં પેરા ખેલાડીઓ વધુમાં વધુ મેડલ મેળવીને દેશનું ગૌરવ વધારશે, તેવો વિશ્વાસ પણ વ્યક્ત કર્યો હતો. વધુમાં તેમણે જણાવ્યું હતું કે, વડાપ્રધાનના નેતૃત્વ હેઠળ દેશના વિકાસનો એક પણ આયામ છોડવામાં આવ્યો નથી. પાંચમી સૌથી મોટી અર્થવ્યવસ્થા, સૌથી વધુ સ્ટાર્ટઅપ રેન્કિંગમાં ત્રીજો ક્રમ અને કૃષિ વિકાસના નવા દ્વાર જેવા અનેક ક્ષેત્રે આજે દેશ મક્કમતા પૂર્વક આગળ વધી રહ્યો છે. દેશના વિકાસ માટે વડાપ્રધાનએ ડિજિટલાઈઝેશન પર વિશેષ ભાર મૂક્યો છે. નાગરિકોને સરકારી સેવાઓ ઓનલાઈન અને ઘર આંગણે જ મળી રહે તે માટે પણ ભારત અને ગુજરાત સરકારે વિવિધ પહેલો કરી છે. આજે ગુજરાત સરકારે ભારત સરકારના કોમન સર્વિસ સેન્ટર સાથે સમજૂતી કરાર સંપન્ન કર્યા છે. જેના પરિણામે હવે ભારત અને ગુજરાત સરકારની લગભગ ૩૦૦ જેટલી સેવાઓ નાગરિકોને માત્ર જૂજ અંતરે ઘરની નજીકમાં જ મળી રહેશે, તેમ જાણવી કેન્દ્રીય ગૃહ મંત્રીએ વડાપ્રધાનના નેતૃત્વ હેઠળ દેશમાં આવેલા ડિજિટલ રીવોલ્યુશનની વિસ્તૃત ભૂમિકા પણ આપી હતી. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે આ પ્રસંગે જણાવ્યું કે, રાજ્યના પેરા એથલિટ્સ વર્લ્ડ ક્લાસ ઈન્ફરાસ્ટ્રક્ચર સાથે યોગ્ય તાલીમ મેળવીને વિશ્વ કક્ષાની રમતોમાં ઉત્કૃષ્ટ દેખાવ કરે તેવી નેમ આ હાઈ પરફોર્મન્સ સેન્ટર સાકાર કરશે.

તેમણે કહ્યું કે વડાપ્રધાન નરેન્દ્ર મોદીના દિશાદર્શનમાં નવા ભારત-વિકસિત ભારતનું નિર્માણ થઈ રહ્યું છે. સ્પોર્ટ્સ ક્ષેત્રમાં પણ મોટા બદલાવો આવ્યા છે. મુખ્યમંત્રીએ ઉમેર્યું કે ખેલકૂદ-રમતગમતને અને ખેલાડીઓને પ્રોત્સાહન આપવાના વડાપ્રધાનના અભિગમને કારણે વૈશ્વિક રમતોમાં ભારતના ખેલાડીઓના કૌવત અને કૌશલ્ય ઝળક્યા છે. એટલું જ નહીં, દિવ્યાંગ ખેલાડીઓ પણ પ્રતિષ્ઠાના પરચમ લહેરાવતા થયા છે એમ તેમણે ઉમેર્યું હતું. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે રાજ્યમાં ગૃહ મંત્રી અમિતભાઈના માર્ગદર્શનમાં ઉત્તમ સ્પોર્ટ્સ ઈન્ફ્રાસ્ટ્રક્ચર વિકસી રહ્યું છે, તેની પણ ભૂમિકા આપી હતી. તેમણે આ સંદર્ભમાં જણાવ્યું કે નારણપુરા ખાતે ૨૨ એકરમાં મલ્ટી યુટીલીટી સ્પોર્ટસ સેન્ટર, સરદાર પટેલ સ્પોર્ટ્સ એન્કલેવ અને આ પેરા હાઈ પરફોર્મન્સ સેન્ટર જેવી ઉચ્ચતમ સુવિધાઓથી દિવ્યાંગ ખેલાડીઓ સહિત રમતવીરોનું કન્ડિશનિંગ અને ઉચ્ચ ટ્રેનિંગ સરકાર પૂરી પાડે છે. ભૂપેન્દ્ર પટેલે જણાવ્યું કે વડાપ્રધાન અને ગૃહ મંત્રીના માર્ગદર્શનમાં દેશ હવે ઓલિમ્પિક્સ રમતો માટે સજ્જ થઈ રહ્યો છે.

ગુજરાતના ખેલાડીઓને આવી વિશ્વ સ્પર્ધાઓમાં ઉજ્જવળ પ્રદાન માટે વડાપ્રધાનશ્રીએ શરૂ કરાવેલા ખેલ મહાકુંભને પરિણામે આજે ગુજરાતના ખેલાડીઓ પેરા ઓલિમ્પિક્સમાં પ્રતિનિધિત્વ કરીને મેડલ્સ મેળવતા થયા છે, તેની પણ વિગતો મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે આપી હતી. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે ૩૧૬ કરોડના ખર્ચે નિર્માણ થનારૂ આ સેન્ટર આવનારા દિવસોમાં દિવ્યાંગ ખેલાડીઓ માટે વર્લ્ડ સ્પોર્ટ્સ ક્ષેત્રે પદાર્પણનું કેન્દ્ર બનશે એવી અપેક્ષા વ્યક્ત કરી હતી. કાર્યક્રમના પ્રારંભે રમત-ગમત રાજ્ય મંત્રી શ્રી હર્ષ સંઘવીએ સૌનું શાબ્દિક સ્વાગત કરતા જણાવ્યું હતું કે, ગુજરાતના દિવ્યાંગ ખેલાડીઓના સપનાઓને આકાર આપવા માટે રાજ્ય સરકાર દ્વારા પ્રથમવાર હાઈ-ટેક "પેરા હાઈ પરફોર્મન્સ સેન્ટર" તૈયાર થવા જી રહ્યું છે. દિવ્યાંગ ખેલાડીઓના પરફોર્મન્સના ગ્રાફને વધુ ઉંચો લઈ જવા માટે તેમની કોચિંગમાં મેડિકલ સાયન્સ અને AI ટેકનોલોજીનો મહત્તમ ઉપયોગ થાય તે સુનિશ્ચિત આ સેન્ટરના માધ્યમથી કરવામાં આવશે. વધુમાં મંત્રીશ્રીએ ઉમેર્યું કે, દિવ્યાંગ ખેલાડીઓને મહત્તમ સુવિધાઓ આપવા માટે મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વ હેઠળની સરકાર હરહંમેશ પ્રયત્નશીલ રહી છે. આ પેરા હાઈ પરફોર્મન્સ સેન્ટર એ ગુજરાતના દિવ્યાંગ ખેલાડીઓએ જોયેલા સપનાઓને સાકાર કરવાનું માધ્યમ બનશે. ખેલાડીઓને આંતરરાષ્ટ્રીય કક્ષાની સુવિધાઓ પૂરી પાડવા માટે આ સેન્ટર આગામી બે વર્ષમાં કાર્યરત થશે, તેમ કહી મંત્રીએ સૌ ખેલાડીઓને અભિનંદન પાઠવ્યા હતા.

# જૂનાગઢમાં બીએપીએસ સ્વામિનારાયણ મંદિર અક્ષરવાડી ખાતે ભારતીય મજદુર સંઘ દ્વારા ગૌરવ ગાથા કાર્યક્રમ યોજાયો



જૂનાગઢ તા.૧૦

તાજેતરમાં તારીખ ૦૯-૦૩-૨૦૨૫ને રવિવારે સવારે ૧૦-૦૦ કલાકે BAPS સ્વામિનારાયણ મંદિર જૂનાગઢ ખાતે ભારતીય મજદૂર સંઘના સ્વર્ણિમ ૭૦ વર્ષની ગૌરવ ગાથા નિમિતે માનનીય શ્રમ અને રોજગાર મંત્રી મનસુખ ભાઈ માંડવિયાની પ્રેરક ઉપસ્થિતિ સાથે ભારતીય મજદૂર સંઘ ગુજરાત, જીગ્નેશભાઈ મજમુદાર - અધ્યક્ષ શ્રી ભારતીય મજદૂર સંઘ ગુજરાત, વલ્લભભાઈ વાછાણી પ્રભારી જુનાગઢ, ધર્મેશભાઈ પોશીયા મેયર જૂનાગઢ, આકાશભાઈ કટારા-ડેપ્યુટી મેયર જૂનાગઢ તથા પલ્લવીબેન ઠાકર - સ્ટેન્ડિંગ કમિટી ચેરમેન જૂનાગઢ, જયદેવભાઈ રતિલાલ નીમ્બાક અને વિમલભાઈ ત્રિવેદી તેમજ સમગ્ર ગુજરાતમાંથી પધારેલ વિવિધ વિભાગના ૧૬૦૦થી વધુ યુવા કાર્યકર્તાઓએ ભાગ લીધેલ. કાર્યક્રમને સફળ બનાવવા માટે ભારતીય ટપાલ વિભાગ, GSRTC, R&B તથા મધ્યાહન ભોજન વિભાગે ભારે જહેમત ઉઠાવી હતી.

# સોમનાથ મહાદેવ તીર્થ વસંત ઋતુના નજરાણા સમો રંગ-રાગ અને રાસના વૈવિધ્યસમા હોળી-ધુળેટીના ઉત્સવને આવકારવા સજ્જ




(પ્રતિનિધી દ્વારા)

પ્ર.પાટણ તા.૧૦

વસંતના આગમનને વધાવતો અને ગેઈટ વે ઓફ સમર ભક્તિ અને આનંદના નઝરાણા સમા હોળી-ધુળેટીના તહેવારને આવકારવા સોમનાથ તિર્થ અધીરતા સાથે સજજ થયું છે.

કરીયાણા બજારો ધાણી, દાળીયા, ટોપરા, સાકરના હારડા, શ્રીફળ, ખજુર, અબીલ, ગુલાલ, પીચકારીઓ, કલરો, નાની નાની ધજાઓથી બજારો છવાઈ છે.

આદી-અનાદી યુગથી સોમનાથમાં હોળી-ધુળેટીનું મહત્વ રહેલું છે. તેનું સાક્ષી સોમનાથ ટુરીસ્ટ ફેસીલીટી સેન્ટરમાં આવેલ સોમનાથના પ્રાચીન શિલ્પ સ્થાપ્ત્ય જુના સંગ્રહાયેલ શિલ્પ કોતરણીના જીર્ણ અવશેષોમાં આજેય જોવા મળે છે.

આ શિલ્પ હોલીકા દહનનું છે. અને જે અંગે તે શિલ્પ નીચે હોલીકા દહનનો ઈતિહાસ જણાવેલ છે કે હિરણ્યકશ્યપ નામના રાજાની બહેન હોલીકા હતી જેને બળી ન જાય તેવું વરદાન મળેલ જેથી હિરણ્યકશ્યપે પ્રહલાદને ખોળામાં બેસાડી અગ્નિ પ્રવેશ કરાવ્યો પરંતુ વરદાનના ખોટા ઉપયોગને કારણે હોલીકાનું દહન થયું અને પ્રહલાદ ઉગરી બચી ગયેલ.

સોમનાથનું હાલમું મંદિર સાતમું મંદિર છે અને આ શિલ્પ આ પુર્વેના છઠ્ઠા મંદિરના એટલે કે ઈ.સ.૧૩૦૮ના સમયના છે. સોમનાથના દિવ્ય દૈત્યસુદન ભગવાનનું મંદિરે તો વસંત પંચમીથી જ હોળી અનુરૂપ દેવ શણગાર-પુજા કરાઈ રહી છે.

હોળી-ધુળેટી સુધી દરરોજ બપોરના આરતી પછી અબીલ, ગુલાલ, કેસુડાનો રંગ, કેસર, સુગંધીત પવિત્ર યમુના જળથી હોળી ઉત્સવની પરંપરા ખેલાય છે અને ધાણી, ફગવા, ખજુરની પ્રસાદી ભોગ ધરાવાય છે. અને ફુલડોળના દિવસે સાત દર્શન થાય છે જેમાં કૃષ્ણ, શંકર, બલરામ, રામ, વામન, સગાળશા અને રાધાજીના દર્શન સાથે કેસુડાના રંગથી ફુલડોળ કરાય છે.

ભગવાનને વસંત પંચમીથી હોળીના દિવસો સુધી શ્વેત વસ્ત્રોનો દિવ્ય શણગાર અને તેની ઉપર અબીલ ગુલાલ છાંટણા હોય છે જે અલૌકિક દિવ્ય દર્શનમય હોય છે.

સોમનાથના વેરાવળમાં એક અને પ્રભાસના રામરાખ ચોક અને પાટચકલામાં કાળ ભૈરવની માટીની મૂર્તી બનાવવામાં આવે છે તેનું શ્રધ્ધા-ભક્તિથી પુજન દર્શન કરાય છે. તેની સાનિધ્યમાં હોળી પ્રગટાવવાના સમયે હોળી પ્રગટાવાય છે અને સૌ કોઈ હોળીની પ્રદક્ષિણા, જળધારા, શ્રીફળ હોમવું સહિતના ભક્તિભાવ કરે છે.

સોમનાથ મંદિર પણ પોતાની રીતે વૈદિક હોળી પ્રગટાવે છે અને હોળી-ધુળેટીના દિવસ પર્વને અનુરૂપ સંધ્યા શણગાર કરાય છે.

હોળી પ્રગટયા બાદ ઢોલ-શરણાઈ અને મંગળ ગીતો સાથે જે તે જ્ઞાતિજનો-પરિવારો હોળીની વાડ લઈ હોળીના સ્થળે આવે છે અને આ વર્ષમાં નવા જન્મેલા બાળકો અને પ્રભુતામાં પગલા પાડનાર ભૈરવનાથ દાદાના આશિર્વાદ મેળવે છે અને હોળીની સૌ સમુહમાં પ્રદક્ષિણા કરે છે.

સાગરખેડૂ હોળી-ધુળેટીના તહેવારોમાં મોટાભાગના તે દિવસે રજા રાખી હોળી ઉત્સવ કુટુંબ સાથે ઉજવે છે. ધુળેટીની સંધ્યાએ પર્વ સમાપન પછી મંદિરોમાં દર્શન થાય છે. ધુળેટી બપોર પછી સંપુર્ણ બજાર બંધ રહે છે અને ધુળેટી પત્યા પછી લોકો નાહી ધોઈ સ્વચ્છ કપડા પહેરી સોમનાથ મંદિરે દર્શન કરવા આવે છે.

# દ્વારકા : ગોરીયારીના શ્રી પુરણદાસ કાપડી દ્વારા ગૌસેવાના લાભાર્થે ભવ્ય ધાર્મિકોત્સવનું આયોજન



(પ્રતિનિધિ દ્વારા)

દ્વારકા તા.૧૦

દ્વારકા ખાતે ગૌ સેવાનાં લાભાર્થે શ્રી રામદેવજી મહારાજનાં ૧૦૮ પાટોત્સવ, ભજન સંતવાણી, શ્રી નાગેશ્વર અને માતા રૂક્ષમણી મંદિરે નૂતન ધ્વજારોહણ ઉપરાંત મહાપ્રસાદનું ભવ્ય આયોજન કરાયું છે. આગામી હોળીકા ઉત્સવ એટલે કે ફાગણ સુદ તેરસ અને ૧૨-૩-૨૦૨૫ ને બુધવારના રોજ દ્વારકા મુકામે ગોરીયારી ગામના સાધુ શ્રી પુરણદાસ કાપડી દ્વારા ગૌ સેવાનાં લાભાર્થે ભવ્ય ધાર્મિકોત્સવનું ભવ્ય આયોજન કરવામાં આવેલ છે. આ દિવસે દ્વાદશ જ્યોર્તિલિંગ નાગેશ્વર મહાદેવ મંદિરે નૂતન ધ્વજારોહણ બપોરે ૨ વાગે, માતા શ્રી રુક્ષ્મણી મંદિરે નૂતન ધ્વજારોહણ ૪ વાગે, સંતોના સામૈયા સાંજે ૫ વાગે અને રાત્રિ દરમ્યાન રામદેવજી મહારાજનાં ૧૦૮ પાઠ એક સાથે રાત્રે ૧૦ વાગ્યાથી સવારે ૪ વાગ્યા સુધી રહેશે. રાત્રે ભજન સંતવાણીના કાર્યક્રમો અવિરત ચાલુ રહેશે. આ આખા દિવસ દરમ્યાન ભોજન મહાપ્રસાદીનું પણ આયોજન રાખેલા છે. આ પ્રસંગના મુખ્ય યજમાન શ્રી રામદેવજી મહારાજ રહેશે. ઉપરોક્ત ગૌ સેવાનાં લાભાર્થે યોજેલ ધાર્મિક પ્રસંગમાં સમસ્ત ઓખા મંડળ, બારાડી અને બરડાની સૌ ધર્મ પ્રેમી જનતા અને સઘળી ગત ગંગાને પધારવા માટે આયોજક પુરણદાસ કાપડી દ્વારા આમંત્રણ પાઠવવામાં આવેલ છે. શુભ સ્થળલચરકલા રોડ, રેલ્વેનાં નાલા પાસે, તેજાભાનાં ખેતરની બાજુમાં, દ્વારકા વધુ સંપર્ક માટે સુત્રલ ૭૨૦૩૯૭૩૭૨૨ ઉપર સંપર્ક કરવા જણાવાયું છે.

# ઉના એસટી ડેપોના ડ્રાઈવરે મુસાફરનો મોબાઈલ પરત કરી પ્રમાણિકતા બતાવી

(પ્રતિનિધિ દ્વારા)

ઊના તા.૧૦

ઊના એસ.ટી. ડેપોમાં ફરજ બજાવતા ડ્રાઈવર ભરતભાઈ જી. શિશાગીયા ઊના એસ.ટી. ડેપોની દીવ-વડોદરા રૂટની બસ લઈ જતા હતા ત્યારે બસ મા મુસાફરી કરી રહેલા એક મુસાફરનો રૂપિયા ૨૦ હજાર ની કિંમત નો મોબાઈલ ફોન પડી ગયો હતો જે મોબાઈલ ફોન બસના ડ્રાઈવરને મળતા આ ફોન જાફરાબાદ તાલુકાના ટીંબી ગામના દાનાભાઈ ભાણીયાનો હોય પરત વડોદરા-દીવની રૂટની બસ લઈને આવતા ટીંબી ગામે બસ ઊભી રાખી દાનાભાઈને બોલાવી ખરાઈ કરી કીમતી મોબાઈલ ફોન પરત આપી પ્રમાણિકતા બતાવી હતી. ભરતભાઈની પ્રમાણિકતા બદલ



ઊનાના ડેપો મેનેજર એલ.ડી. રાઠોડ અભિનંદન આપેલ હતા.

# મહાશિવરાત્રી ઉપર ૨૫ બિલ્વપૂજા નોંધાવનારા ૩.૫૬ લાખ જેટલા ભક્ત પરિવારોને શ્રી સોમનાથ ટ્રસ્ટ દ્વારા ભસ્મ, રુદ્રાક્ષ અને નમન પ્રસાદ મોકલવાનો પ્રારંભ



(પ્રતિનિધિ દ્વારા)

પ્રભાસ-પાટણ તા.૧૦

મહાશિવરાત્રી પર્વે પ્રત્યેક ભક્તને સોમનાથ મહાદેવની પૂજાનો લાભ પ્રાપ્ત થાય તે માટે, શ્રી સોમનાથ ટ્રસ્ટના અધ્યક્ષ અને દેશના યશસ્વી પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના માર્ગદર્શન હેઠળ માત્ર ૨૫માં બિલ્વપૂજા સેવા લોન્ચ કરવામાં આવી હતી. આ આગવી પહેલને અભૂતપૂર્વ સફળતામળી, જયાં ૩.૫૬ લાખથી વધુ ભક્તોએ એકસાથે એક જ પૂજામાં ભાગ લીધો, જે એક અનોખો વિક્રમ છે. દેશભરના તમામ રાજ્યોમાંથી ભક્તોએ વિશેષ બિલ્વપૂજાને ઉલ્લેખનીય પ્રતિસાદ આપ્યો. ભક્તો માટે આ પવિત્ર સેવાના સંપૂર્ણતઃ તત્કાળ અનુસંધાન તરીકે, શ્રી સોમનાથ ટ્રસ્ટ દ્વારા કૃપાપ્રસાદરૂપે ભસ્મ, રૂદ્રાક્ષ અને બિલ્વપત્ર ભક્તોના ઘરે પહોંચાડવાની વ્યવસ્થા કરવામાં આવી છે. વિશ્વના સૌથી વિશાળ પોસ્ટ નેટવર્ક - ભારતીય પોસ્ટ વિભાગ - દ્વારા આ પ્રસાદ વિતરણમાં સહયોગ આપવામાં આવી રહ્યો છે, જેથી ૧.૫૫ લાખથી વધુ પોસ્ટ ઓફિસ મારફત કૃપાપ્રસાદ દેશભરના ભક્તો સુધી પહોંચાડવામાં આવે. શ્રી સોમનાથ ટ્રસ્ટ દ્વારા ભક્તોએ બુક કરેલા સરનામે સન્માનપત્ર, રુદ્રાક્ષ, ભસ્મ અને બિલ્વપત્ર સમાવવા સાથે વિશેષ એન્વેલપ મોકલવાની પ્રક્રિયા શરૂ કરવામાં આવી છે. આ કામગીરી માટે દરરોજ ૧૦૦ જેટલા સ્થાનિક યુવક-યુવતીઓ આ સેવાકાર્યમાં જોડાઈ, એન્વેલપ તૈયાર કરી રહ્યા છે, જેનાથી રોજગારની નવી તક પણ સર્જાઈ છે. શ્રી સોમનાથ ટ્રસ્ટના ટ્રસ્ટી જે.ડી. પરમાર, ગીર-સોમનાથ જિલ્લા કલેક્ટર ડી.ડી. જાડેજા અને સચિવ યોગેન્દ્રભાઈ દેસાઈ એ આ યુવક યુવતીઓ દ્વારા ચાલી રહેલ કાર્યની મુલાકાત લીધી હતી. તેમજ વિશેષ માર્ગદર્શન આપેલ હતું. સોમનાથ મંદિર ખાતેથી પ્રથમ કવરોનો સમૂહ જેમાં ૭૦ હજાર જેટલા કવરોનુ પ્રસ્થાન શ્રી સોમનાથ ટ્રસ્ટના ટ્રસ્ટી જે.ડી. પરમાર, ગીર-સોમનાથ જિલ્લા કલેક્ટર ડી.ડી. જાડેજા અને સચિવ યોગેન્દ્રભાઈ દેસાઈના હસ્તે કરવામાં આવ્યું હતું.

# ડુંગરપુર ગામેથી ૩૫ બોટલ વિદેશી દારૂ ઝડપાયો

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા)

જૂનાગઢ તા.૧૦ : જૂનાગઢ તાલુકાના ડુંગરપુર ગામેથી ઘર નજીક રાખેલ ૩૫ બોટલ વિદેશી દારૂ સાથે શખ્સને તાલુકા પોલીસે ઝડપી લઈ ધોરણસરની કાર્યવાહી કરી છે. આ અંગે પ્રાપ્ત થતી વિગતો અનુસાર જૂનાગઢ તાલુકા પોલીસે ડુંગરપુર ગામે રહેતા રફીક કાળુભાઈ મકરાણીના મકાન સામે ભંગારના ફ્રીજમાં રાખેલ અલગ અલગ બ્રાન્ડની વિદેશી દારૂની નાની મોટી ૩૫ બોટલ કિ.રૂા.૯૨૦૦ તથા મોબાઈલ મળી કુલ રૂા.૧૪૨૦૦ના મુદ્દામાલ સાથે રફીક મકરાણીને ઝડપી લઈ વધુ પુછપરછ કરતા આ દારૂ પાદરીયાના ખીમા જીકા વાંદાએ આપ્યો હોવાનું ખુલતા પોલીસે બંને વિરૂધ્ધ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# ઉના પોલીસ સ્ટેશન ખાતે વિશ્વ મહિલા દિવસની



(પ્રતિનિધિ દ્વારા)

દ્વારકા તા.૧૦

વિશ્વ મહિલા દિવસની ઉજવણી થઈ રહી છે ત્યારે ઊનાના પોલીસ ઈન્સ્પેકટર મહેન્દ્રસિંહ એન. રાણા દ્વારા ઊના પોલીસ સ્ટેશનમાં ફરજ બજાવતા મહિલાઓનું પુષ્પગુચ્છ આપી સન્માન કરી મીઠાઈના પેકેટ આપી નારી શકિતને બિરદાવી હતી. તેમજ વધુ પ્રગતિ કરે તેવી શુભેચ્છાઓ આપી હતી.

# માણાવદરમાં ૫ વર્ષના બાળકે રમઝાનમાસમાં રોજુ રાખ્યું



(પ્રતિનિધિ દ્વારા)

માણાવદર તા.૧૦

માણાવદરમાં જુમ્મા મસ્જીદ પાસે રહેતા કાઝી મોહંમદ જુનેદના પાંચ વર્ષના પુત્ર કાઝી ફહિમે પવિત્ર રમઝાન માસમાં પ્રથમ વખત રોજુ રાખીને બંદગી કરી હતી. આ તકે ફહિમને સર્વે તરફથી ખુબ શુભેચ્છાઓ પાઠવવામાં આવી


મામલતદાર, જૂનાગઢ ગ્રામ્યની કોર્ટમાં, તાલુકા સેવા સદન, સરદારબાગ, જૂનાગઢ

નં. જન્મ-મરણ/નોંધણી કેસ નં. ૦૯/૧૦/૧૧/૨૦૨૫

:: જાહેર નોટીસ ::

શ્રી કણસાગરા ભરતભાઈ પ્રભુદાસભાઈ
મુ. ઈવનગર તા. જી. જૂનાગઢ .... અરજદાર
ધારી, જી. અમરેલી

વિરૂધ્ધ

જન્મ-મરણ નોંધણી અધિકારીશ્રી,
ગ્રામ પંચાયત કચેરી - ઈવનગર
સમન્સથુ : તલાટી કમ મંત્રીશ્રી, ગ્રામ પંચાયત કચેરી રહે. ઈવનગર
... સામાવાળા


જન્મ અને મરણની નોંધણી અધિનિયમ-૧૯૬૯ અંગેના જન્મ-મરણ નોંધણી (સુધારો) એકટ-૨૦૨૩ની કલમ-૧૩(૩) હેઠળની અરજી અન્વયે જાહેર નોટીસ દ્વારા જણાવવાનું કે, આ કામનાં અરજદાર કણસાગરા ભરતભાઈ પ્રભુદાસભાઈ રહે. ઈવનગર તા.જી. જૂનાગઢ વાળાએ તેમના નાનાભાઈઓ અમિત પ્રભુદાસ કણસાગરા અને મહેશ પ્રભુદાસ કણસાગરા બંનેની તા. ૦૧-૦૧-૧૯૮૩ તથા વિનોદ પ્રભુદાસ કણસાગરા તા. ૦૧-૦૬-૧૯૮૦ની જન્મ અંગેની નોંધ ગ્રામ પંચાયત કચેરી, ઈવનગર તા. જૂનાગઢ ગ્રામ્ય જી. જૂનાગઢમાં થયેલ ન હોય જન્મ-મરણ નોંધણી અધિકારી, ગ્રામ પંચાયત કચેરી, ઈવનગર તા. જૂનાગઢ ગ્રામ્ય કચેરીનાં જન્મ-મરણ રજીસ્ટરમાં નોંધ કરી આપવા અંગે અત્રેની કોર્ટમાં અરજદાર તરફથી અરજીઓ કરવામાં આવેલ છે. આ અરજીઓ અંગે કોઈપણ વ્યકિતને વર-વાંધો કે તકરાર હોય તો તેણે જાતે અથવા તેના મુખત્યાર કે વકીલ મારફતે આ નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન-૩૦માં મામલતદાર કચેરી, જૂનાગઢ (ગ્રામ્ય) ખાતે વાંધા અરજી સાથે રૂબરૂ હાજર રહેશો. જેમાં કશુર થઈએ, કોઈ વ્યકિતને કોઈપણ પ્રકારનો વાંધો નથી તેવું માની આગળની ન્યાયીક કાર્યવાહી કરવામાં આવશે.

આજરોજ તા. ૨૭ માહે ફેબ્રુઆરી-૨૦૨૫ ના રોજ મારી સહી તથા સિકકો કરી આપ્યો.

સહી અવાચ્ય
એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ
અને
મામલતદાર, જૂનાગઢ ગ્રામ્ય

સ્થળ : જૂનાગઢ
તારીખ ૨૭-૦૨-૨૦૨૫

# આગામી ચોમાસુ ખેડૂતો માટે ખુબ જ સારૂ રહેશે : રમણીકભાઈ વામજા




## ચાલુ વર્ષે મોંઘવારી વધે, વેપારી માટે મંદી આવશે, અનાજ મોંઘુ થાય


જૂનાગઢ તા. ૧૦

આગામી ચોમાસુ સારૂ રહેશે તેમજ વર્ષ દરમ્યાન મોંઘવારી વધે, વેપારી માટે મંદી આવશે અને અનાજ મોંઘુ થાય સહીતની આગાહી વર્ષા વિજ્ઞાન મંડળનાં સભ્ય રમણીકભાઈ ડાયાભાઈ વામજાએ કરી છે.

વર્ષમાં આવનારૂ ચોમાસુ કેવું રહેશે અને તે સંબંધીત ઈન્તેજારી તમામ વર્ગમાં રહેતી હોય છે. ખાસ કરીને ખબરવિદ્યા અને ભડલીવાકય પ્રમાણે પુર્વાનુમાન કરવામાં આવતું હોય છે. કુદરતી બનાવો અને કુદરતી આગાહીઓ પણ કરવામાં આવતી હોય છે. અને તેનાં માટે વર્ષા વિજ્ઞાન મંડળ વર્તારો બહાર પાડે છે. દરમ્યાન વર્ષા વિજ્ઞાન મંડળનાં સભ્ય રમણીકભાઈ ડાયાભાઈ વામજાએ ખગોળ વિદ્યા અને ભડલી વાકય પ્રમાણે વર્ષ અંગે પૂર્વાનુમાન કરેલ છે. તેમજ કેટલીક આગાહીઓ પણ કરી છે. તેઓએ જે અનુમાનનો વર્તારો કર્યો છે તે ઉપર દ્રષ્ટીપાત કરીએ તો આગામી તા. ૧૪-૩-૨૫ ફાગણ સુદ પૂનમને શુક્રવારનાં રોજ ખગ્રાસ ગ્રહણ થશે. આ ખગ્રાસ ચંદ્રણ ગ્રહણ ભારતમાં નહી દેખાય જે ધાર્મિક દ્રષ્ટીએ પાડવાનું રહેશે નહીં. તેમજ તા. ૨૯-૩-૨૫ ફાગણવદ અમાસ શનિવારનાં રોજ ખગ્રાસ ગ્રહણ થશે. સુર્યગ્રહણ ભારતમાં નહી દેખાય અને જે ધાર્મિક દ્રષ્ટીએ પાડવાનું રહેશે નહી. જયારે તા. ૭-૯-૨૫ ભાદરવા વદ પુનમને રવિવારનાં ખગ્રાસ ચંદ્રગ્રહણ થશે પરંતુ ભારતમાં દેખાશે જે ધાર્મિક દ્રષ્ટીએ પાડવાનું છે. આ ઉપરાંત તા. ૨૧-૯-૨૫ ભાદરવા વદ-૩૦ રવિવાર ખગ્રાસ સુર્યગ્રહણ થશે. જે ભારતમાં નહી દેખાય. અને જે ધાર્મિક દ્રષ્ટીએ પાડવાનું રહેશે નહી. વિશેષમાં તા. ૨૬-૬-૨૫ દિવસનું ચોઘડીયું આદ્રા નક્ષત્ર હોવાથી અનાજ મોંઘુ થાય. તેમજ વૈશાખ સુદ-૪ ગુરૂવાર તા. ૧-૫-૨૫ રૂ તથા કપાસનાં વધારે ભાવો આવે. તા. ૬-૧૨-૨૫ માગસર સુદ-૬ શુક્રવાર પાંચ દિવસ વાદળા હોવાથી આવનારૂ વર્ષ સારૂ થાય. ભડલી વાકય મુજબ વાદળા થાય. નરસિંહ મહેતાએ કુવરબાઈનું મામેરૂ ભરતા મલ્હાર રાગ ગાતા વરસાદ થયાની કહેવત છે. આ ઉપરાંત અખા ત્રીજ દિવસનું નક્ષત્ર રોહીણી હોવાથી વરસાદનો યોગ સારો છે. તા. ૯-૮-૨૫ શ્રાવસ સુદ પુનમને શનિવારનાં રક્ષાબંધનનાં દિવસે નક્ષત્ર શ્રવણ હોવાથી વરસાદ સારો થાય તેવી આગાહી કરી છે. આ ઉપરાંત તા. ૯-૨-૨૬ મહાસુદ બારસ શનિવારે આકાશ મંડળમાં પુછડીયો તારો દેખાય તેવું પુર્વાનુમાન કરેલ છે. જયારે તા. ૧૫-૩-૨૫ થી ૧૭-૩-૨૫ પછી માવઠુ થાય, ઉતરા ફાલ્ગુની નક્ષત્ર છે. જયારે તા. ૨૨-૪-૨૫થી તા. ૧૫-૪-૨૫ અશ્વીની નક્ષત્ર હોય અને માવઠુ થાય. જયારે રાજસ્થાન બોર્ડર પર ભાદરવા મહીનામાં તીડ અને પક્ષીનો ભય રહે તેવી આગાહી કરવામાં આવી છે. અત્રે ઉલ્લેખનીય છે કે રમણીકભાઈ વામજા દ્વારા અવાર નવાર વરસાદ અને કુદરતી આફતો અંગેની આગાહી કરવામાં આવે છે જે સત્ય ઠરતી હોય છે. અને ચાલુ વર્ષ માટેની કરેલી આગાહી ઉપર સંબંધીત તમામની મીટ રહેલી છે.

## ગિરનાર અંબાજી મંદિર ખાતે ગુરૂવારે હુતાસણી પ્રગટાવવામાં આવશે





(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા.૧૦

જૂનાગઢ ગીરનાર શકિતપીઠ અંબાજી મંદિરે હુતાસણીનું પ્રાગટ્ય તારીખ ૧૩ અને ગુરૂવાર સંધ્યા આરતી બાદ હુતાસણી પ્રગટાવવામાં આવશે તે પરંપરા રહી છે તે પ્રમાણે આરતી સંપન્ન થયા પછી હુતાસણી હોળીનું પ્રાગટ્ય થશે. સાંજના સાડા સાત પછી જેની દરેકે નોંધ લેવી ગીરનાર શક્તિપીઠ અંબાજી મંદિર ખાતે આગામી પૂનમયાને હુતાસણી હોળી સાંજની આરતી સંપન્ન થયા પછી વિધિ વિધાનથી ઉતાસણી હોલિકાનું પૂજન કરી પૂજારીઓ દ્વારા ઉતાસણીનું પ્રાગટ્ય થશે. જેમાં ભાવિક ભક્તો ઉમટી પડશે અને બીજે દિવસે ધુળેટીના દિવસે મંદિર ખાતે બપોરે મહાપ્રસાદનું પણ અનેરૂ આયોજન મંદિર ટ્રસ્ટ દ્વારા કરવામાં આવ્યું છે. જે પરંપરા રહી છે તે મુજબ જ હુતાસણી અને ધુળેટીનો ઉત્સવ ધામધૂમથી ઉજવવામાં આવશે.

## ભવનાથમાં ફોર વ્હીલ અડી જવા બાબતે હુમલો - મારમાર્યો

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા)

જૂનાગઢ તા.૧૦

ભવનાથમાં લંબે હનુમાન મંદિર નજીક ફોર વ્હીલ પગે અડી જતા સમજાવવા જતા હુમલો કરી મારમાર્યાની ફરીયાદ ભવનાથ પોલીસ મથકે નોંધાઈ છે.

આ અંગે પ્રાપ્ત થતી વિગતો અનુસાર ભવનાથ પોલીસ મથકે વિશાલભાઈ રમણીકભાઈ ઠકરારે પરેશભાઈ ભટ્ટ, તેનો દિકરો, મયુરભાઈ, એક અજાણ્યા શખ્સ તેમજ અન્ય ચાર અજાણ્યા શખ્સો વિરૂધ્ધ એવા મતલબની ફરીયાદ નોંધાવી છે કે, ફરીયાદી પોતાના પરીવાર સાથે લંબે હનુમાન દર્શન કરવા જતા હતા ત્યારે મંદીર પાસે આરોપી પરેશભાઈ ભટ્ટની ફોર વ્હીલ ફરીયાદીને પગે અડી જતા ફરીયાદી સમજાવવા જતા આરોપીઓએ ઉશ્કેરાઈ જઈ ફરીયાદી તથા સાહેદો સાથે ગાળાગાળી કરી લાકડી અને ઢીકાપાટુનો મારમારેલ ત્યાર બાદ ફરીયાદી ત્યાંથી નીકળી જતા ફરીથી કાળવા ચોકમાં અન્ય અજાણ્યા આરોપીઓએ આવી ફરીયાદી તથા સાહેદ ઉપર હુમલો કરી લાકડી વડે અને ઢીકાપાટુ નો મારમારી જાનથી નાખવાની ધમકી આપ્યાની ફરીયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

## ભેંસાણમાં જીએસટી નંબરનો ઉપયોગ કરી ક્રેડીટનો ઉપયોગ કરી છેતરપીંડી કર્યાની ફરીયાદ

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા)

જૂનાગઢ તા.૧૦

ભેંસાણમાં જીએસટી નંબરનો ઉપયોગ કરી કમિશ્નર મેળવી ક્રેડિટનો ગેરકાયદેસર લાભ લીધાની ફરીયાદ ભેંસાણ પોલીસ મથકે નોંધાઈ છે.

આ અંગે પ્રાપ્ત થતી વિગતો અનુસાર ભેંસાણ પોલીસ મથકે વિપુલભાઈ કિરીટભાઈ આસોડીયાએ રૂચિત ધનજીભાઈ માંડવીયા વિરૂધ્ધ એવા મતલબની ફરીયાદ નોંધાવી છે કે, આરોપી પોતે સીએના જવાબદાર કર્મચારી હોવા છતાં ફરીયાદીની વિશ્વાસકર્મા વેલ્ડીંગ વર્કસ નામની પેઢીના જીએસટી નંબરનો ઉપયોગ કરી ફરીયાદીને ખેત-ઓજાર બનાવી વેચવાનો ધંધો હોય અને ફરીયાદીએ કોઈ ખેત ઓજારના સાધનોનું વેચાણ કરે સિમેન્ટની લે-વેચનો ધંધો કરેલ ન હોય તેમ છતાં બનાવટી સિમેન્ટના બિલો બનાવી તેનો સાચા તરીકે ઉપયોગ કરી ઓનલાઈન ખોટી એન્ટ્રીઓ કરી ફરીયાદીની રૂા.૨૧,૦૬,૬૬૫.૯૪ ક્રેડીટનો સામેવાળી પેઢી પાસેથી કમિશ્ન મેળવી ગેરકાયદેસર લાભ લઈ ફરીયાદી સાથે તથા પેઢી સાથે વિશ્વાસઘાત છેતરપીંડી કર્યાની ફરીયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

## બીલખાના નવાગામે માતાજીનાં નિવેદ કરવા આવેલ પરિવાર પર હુમલો

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા)

જૂનાગઢ તા.૧૦

બીલખાના નવાગામે માતાજીનો નિવેદ કરવા આવેલ પરિવાર પર હુમલો કર્યાની ૨ સામે બીલખા પોલીસ મથકે ફરીયાદ નોંધાઈ છે.

આ અંગે પ્રાપ્ત થતી વિગતો અનુસાર બીલખા પોલીસ મથકે અશોકભાઈ હસમુખભાઈ ઝાલાએ અશ્વીન ભનુભાઈ બારૈયા અને હરેશભાઈ ભનુભાઈ બારૈયા વિરૂધ્ધ એવા મતલબની ફરીયાદ નોંધાવી છે કે, ફરીયાદી તેમની વાડીએ માતાજીના નિવેદ કરવા માટે પરિવાર સાથે આવેલ હોય તે વખતે ફરીયાદીના પત્ની નિવેદ બનાવતા હોય ત્યારે આરોપીઓએ ફરીયાદી પાસે આવી કહેવા લાગેલ કે કેમ તમો જયારે અહી નીવેદ કરવા આવો ત્યારે અમારૂ શાકભાજી અવાર નવાર લઈ જાવ છો તેમ કહી ફરીયાદી તથા સાહેદો સાથે બોલાચાલી ઝઘડો કરી આરોપીઓએ ફરીયાદી તથા સાહેદો સાથે ગાળાગાળી કરી ઢીકાપાટુનો મારમારી ફરીયાદીની ઈકો ગાડીના કાચ તોડી નાખી નુકશાની કર્યાની ફરીયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

## જૂનાગઢમાં રેલ્વે પેન્શનર્સ એસો.નું વાર્ષિક અધિવેશન યોજાયું





જૂનાગઢ તા. ૧૦

જૂનાગઢ ખાતે તાજેતરમાં ગત તા. ૮-૯-૩-૨૦૨૫ શનિવાર અને રવિવારનાં રોજ રેલ્વે પેન્શનર્સ એસો.નું જૂનાગઢ ખાતે અધિવેશન યોજવામાં આવેલ હતું. આ અધિવેશનમાં તા. ૮નાં રોજ આંતરરાષ્ટ્રીય મહિલા દિવસની ઉજવણી કરવામાં આવેલ તેમજ સાંજના ૭ થી ૧૦ વાગ્યા સુધી રમઝટ ઓરકેસ્ટ્રા દ્વારા એક સંગીત સંધ્યાનું આયોજન કરવામાં આવેલ હતુ અને રાસ -ગરબાનું આયોજન કરેલ તેમાં બહોળી સંખ્યામાં મહિલાઓએ ભાગ લીધો હતો. અને સાંજે જોષીપરા કયાડાવાડી ખાતે ભોજન પ્રસાદની વ્યવસ્થા પણ કરવામાં આવી હતી. ત્યારબાદ તા. ૯-૩-૨૦૨૫નાં રોજ રવિવારે સવારે સરસ્વતી વંદના સાથે દિપ પ્રાગટય કરી અધિવેશનની શરૂઆત કરવામાં આવેલ હતી. તેમાં ભાવનગર ડીવીઝનથી શ્રી ડી.આર. ત્રિવેદી, વર્કીંગ પ્રેસીડેન્ટ / વાઈસ પ્રેસીડેન્ટ તેમજ આસી. જનરલ સેક્રેટરી વેસ્ટ ઝોન AIRRF સીકંદારાબાદ તેમજ ડીવીઝનલ ચેરમેનશ્રી આઈએમ. ભટ્ટી અને ડીવીઝનલ સેક્રેટરી અશોકભાઈ એસ. ભંડારી તેમજ રાજીવ તિવારી અને અન્ય ડીવીઝનલ હોદેદારો ઉપસ્થિત રહયા હતા.

આ બેઠકમાં રેલ્વે પેન્શનર્સનાં ફેમીલી પેન્શન બાબત, મેડીકાલ એલાઉન્સ, વિધવા, છુટાછેડા, અપરણિત દિકરીઓના પેન્શન બાબત તેમજ રેલ્વે કર્મચારીઓના પાસ/પીટીઓ, કર્મચારીઓના સ્વાસ્થ્ય બાબત પ્રાવેટ હોસ્પીટલમાં સારવાર, નેશનલ ઈન્ક્રીમેન્ટ, અપગ્રેડેશન બાબત, ૮માં પગારપંચ, એસો.ને અલગ ઓફીસ ફાળવવા તેમજ પેન્ડીંગ પેન્શનનાં કેસો બાબતે ચર્ચા વિચારણા કરવામાં આવેલ હતી.

આ અધિવેશનમાં જૂનાગઢ, વેરાવળ, ઉના, અમરેલી, ભાવનગર, રાજકોટ, પોરબંદર, સુરેન્દ્રનગર અને અન્ય સ્થળોએથી બહોળી સંખ્યામાં કમર્મચારીઓ ઉપસ્થિત રહયા હતા. બપોરે ટોકન ચાર્જથી ભોજન પ્રસાદની વ્યવસ્થા કરવામાં આવેલ હતી. કર્મચારીઓએ પણ તેમની સમસ્યાઓની ચર્ચા વિચારણા કરેલ હતી. આ અધિવેશનને સફળ બનાવવા જૂનાગઢ રેલ્વે પેનશનર્સ એસો.ના હોદેદારોએ ભારે જહેમત ઉઠાવેલ અને અધિવેશનને સફળ બનાવેલ હતું.

## પરબ વાવડી ગામે બોરમાં પડી ગયેલ ચાર વર્ષના નિર્મળને રેસ્કયુ કરી બહાર કઢાયો

(રેનિશ મહેતા દ્વારા)

ભેસાણ તા.૧૦



ભેસાણ તાલુકાના પરબ વાવડી ગામે એક ખેતરમાં મજૂરી કામ કરી રહેલ પરપ્રાંતીય મજૂરનો બાળક રમતા રમતા બોરમાં પડી જતા દોડધામ મચી જવા પામી હતી. જોકે ૧૦૮ના સ્ટાફે અને સ્થાનિક ગ્રામજનોની મદદથી તાત્કાલિક [illegible] ચાર વર્ષનો દીકરો નિર્મળ રમતા રમતા ૨૦ ફૂટમાં પડી ગયો હતો. જો કે તે ૧૫ ફૂટે અટકી ગયેલ હતો. નિર્મળ પડ્યો હોવાની માતા-પિતાને થતા તેઓએ તાત્કાલિક આજુબાજુના ખેડૂતોને જાણ કરી હતી અને ત્યારબાદ ૧૦૮ ને જાણ કરતા ૧૦૮ ની ટીમના વિશાલભાઈ કાથડ અને નિકુંજભાઈ ગઢવી સહિત ગ્રામજનોએ જેસીબી ની મદદ થી બોરની બાજુમાં ખાડો ખોદીને બાળકને હેમખેમ બહાર કાઢ્યો હતો અને બાળકને હોસ્પિટલ લાવવામાં આવેલ હતું બનાવની જાણ થતા મામલતદાર આઈ.આર. પારગી તાત્કાલિક હોસ્પિટલ પહોંચી ગયેલ હતા. ફરજ ઉપરના તબીબ ડો. પ્રતિક વેકરીયાએ જણાવ્યું હતું કે બાળક સહી સલામત છે કોઈ જાતની તકલીફ પડી નથી અને તે સંપૂર્ણ સ્વસ્થ છે. આમ, મોટી દુર્ઘટના બનતા અટકતા સૌએ રાહતનો દમ લીધો હતો.

## જૂનાગઢમાં યોજાશે બુક ટોક-પુસ્તક પરિચય

(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા.૧૦

આવતીકાલ મંગળવાર તારીખ ૧૧-૩-૨૦૨૫ના રોજ સાંજે ૫:૩૦થી શ્રી ભુતનાથ મહાદેવ મંદિર ખાતે એક બુક ટોક યોજનાર છે. આ જાહેર કાર્યક્રમમાં આવવા સૌને આમંત્રણ આપવામાં આવે છે. ગિરનાર એકમાત્ર પર્વત નથી. ગિરનાર એક ચેતન ભૂમિ છે. અનેક સાધકોની સાધના નું સ્થળ છે. અધ્યાત્મ શક્તિને પામવાનું સ્થળ છે. આવા ગિરનારને જેટલો ઓળખીએ એટલો ઓછો છે. આવો, પ્રયાસ કરીએ ગિરનારને થોડો વધારે ઓળખવાનો. વાંચન વલોણું આયોજીત પુસ્તક પરિચય મણકો - ૩, તા. ૧૧-૦૩-૨૦૨૫, મંગળવારે સાંજે ૫:૩૦ થી ૭ શ્રી ભુતનાથ મહાદેવ મંદિર, સત્સંગ હોલ, જૂનાગઢ. વક્તા : પ્રો. ડો. વિશાલભાઈ જોશી અધ્યક્ષ, ઈતિહાસ વિભાગ, ભક્ત કવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી, જૂનાગઢ. પુસ્તક : દિવ્ય તીર્થક્ષેત્ર ગિરનાર વાંચન પ્રેમીઓ, પુસ્તક રસિયાઓ, સાહિત્ય પ્રેમીઓ તથા ગિરનારની દિવ્ય વાતો જાણવામાં રસ હોય તેઓ અચૂક લાભ લે તેવી અપીલ વાંચન વલોણું વતી ડો. માતંગ પુરોહિત દ્વારા કરવામાં આવી છે.

## ન્યુઝીલેન્ડ સામે ભારતની જીતને વધાવતું જૂનાગઢ સહીત સમગ્ર સૌરાષ્ટ્ર : ફટાકડાની આતશબાજી




જૂનાગઢ તા. ૧૦

ગઈકાલે દુબઈ ખાતે ભારત અને ન્યુઝીલેન્ડ વચ્ચે ચેમ્પીયન ટ્રોફીની ફાઈનલ મેચ રમાઈ હતી. જેમાં ભારત ચેમ્પીયન થતાં સમગ્ર દેશમાં ખુશીની લહેર છવાઈ ગઈ હતી. આ જીતનાં વધામણા કરવા જૂનાગઢમાં પણ મોડી રાત્રી સુધી લોકો રસ્તા પર આવીને ફટાકડા ફોડીને વિજયનો ઉત્સવ મનાવ્યો હતો. આ ચેમ્પીય ટ્રોફીનાં પ્રણેતા હતાં પાકિસ્તાન અને ફાઈનલ પણ પાકિસ્તાનમાં રમાવવાની હતી. પરંતુ ભારત ફાઈનલમાં આવતાં દુબઈ ખાતે ફાઈનલ યોજાઈ હતી. આમ પાકિસ્તાન બધી બાજુથી નુકશાનમાં રહયું હતું. પાકિસ્તાનની ટીમ નોકઆઉટમાં જ નીકળી ગઈ હતી અને ભારત ફાઈનલમાં આવતાં પાકિસ્તાની તમામ બાબતો પર પાણી ફરી વળ્યું હતું. ગઈકાલે ન્યુઝીલેન્ડ સામે રમાયેલ ફાઈનલ મેચમાં ભારતે ન્યુઝીલેન્ડને ચાર વિકેટે હરાવ્યું હતું. ટોસ જીતીને ન્યુઝીલેન્ડે પ્રથમ બેટીંગ કરતા ૫૦ ઓવરમાં ૭ વિકેટ ગુમાવીને ૨૫૧ રન કરેલ હતાં. આમ ભારતને ૫૦ ઓવરમાં ૨૫૨ રન કરવાનો પડકાર આપવામાં આવ્યો હતો. જેની સામે રોહીત શર્માએ શાનદાર બેટીંગ કરતાં ૭૬ રન બનાવ્યા હતાં તેમજ ગીલે ૩૧ રનનું યોગદાન આપી બંનેએ ૧૦૦ રનની ભાગીદારી નોંધાવી જીતનો પાયો નાંખ્યો હતો. અને ૪૯ ઓવરમાં જ ભારત ૬ વિકેટ ગુમાવીને ૨૫૪ રન બનાવીને ચેમ્પીયન બન્યું હતું. આ જીતને વધાવવા માટે જૂનાગઢ શહેર સહીત સૌરાષ્ટ્રભરમાં લોકોએ મોડી રાત સુધી ઉજવણી કરી હતી. અને ઠેર ઠેર ફટાકડાની આતશબાજીનાં દ્રશ્યો નજરે પડતા હતાં.

## ઉપરકોટ ખાતે EMPLOYEE APPRECIATION DAYની ઊજવણી કરાઈ







(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા.૧૦

ઉપરકોટ કિલ્લામાં સવાણી હેરિટેજ કંઝરવેશન પ્રાઈવેટ લિમિટેડ દ્વારા સતત પણે ઈવેન્ટ્સનું આયોજન કરવામાં આવે છે. કંપનીના જનરલ મેનેજર રાજેશ તોતલાણીએ જણાવ્યું કે અહીંયા વર્ષ માં લગભગ ૫૦ ઈવેન્ટ્સનું આયોજન કરવામાં આવે છે અને અમારો હમેશા પ્રયાસ રહે છે કે પર્યટકો અહીંથી અઢળક યાદગીરી સાથે લઈને જાય જેના માટે કોઈપણ ઊજવણી મોકો અમે ચુકતા નથી. ગત તારીખ ૭ મી માર્ચ ૨૦૨૫ના રોજ કંપનીના કર્મચારીઓએ ભારે ઉત્સાહથી EMPLOYEE APPRECIATION DAYની ઊજવણી કરી. તે માટે સ્પેશિયલ ડિઝાઈન કરેલા APPRECIATION CARDS બનાવવામાં આવ્યા હતા. કર્મચારીઓને APPRECIATION CARDS મળતા તેમના આનંદનો પાર ન રહ્યો. તેની સાથે ૮ મી માર્ચ ૨૦૨૫ના દિવસે INTERNATIONAL WOMEN'S DAYના સંદર્ભમાં ઉપરકોટ કિલ્લામાં ઉજવણી કરવામાં આવી. કંપનીમાં કામ કરતા સમસ્ત મહિલા સદસ્યો માટે કેક કટીંગ, આકર્ષક ઉપહારો તથા મનોરંજનની વ્યવસ્થા કરવામાં આવી હતી. કંપની દ્વારા મહિલા કર્મચારીઓ માટે નારીશક્તિ ને વંદન પાઠવવામાં આવ્યા. જામનગરથી જૂનાગઢના પ્રવાસે આવેલા ૩૦ ગૃહિણીઓના ગ્રુપે જ્યારે ઉપરકોટ કિલ્લાની મુલાકાત લીધી ત્યારે તે કિલ્લાના WOMEN'S DAYનું આયોજન માણીને મંત્રમુગ્ધ રહી ગયા. ગ્રુપમાંથી અવનિબેન જોશી તથા અન્ય સદસ્યોએ મેનેજમેન્ટ ટીમનો આભાર વ્યકત કરતા કહ્યું કે આવા આયોજનની અમે કલ્પના પણ નહોતી કરી અને હવેથી જૂનાગઢ અમારૂ પ્રિય સ્થળ બની ગયું છે જેથી હવે દર વર્ષે અમે જૂનાગઢને પ્રથમ પસંદગી આપશું.

સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિકનાં ૪૯માં વર્ષમાં મંગલ પ્રવેશ નિમિતે હાર્દિક શુભેચ્છા....

વિશ્વાસપાત્ર બિયારણ
મેળવવાનું એકમાત્ર સ્થળ

- શાકભાજી બિયારણો
- દિવેલા
- ઘાસચારા બિજ
- મગ
- સોયાબિન
- અડદ
- કપાસ
- ડુંગળી બિજ
- તુવેર
- ગાજર બિયારણ

જલારામ એગ્રો સેન્ટર - જૂનાગઢ
ધ્રુવ ચેમ્બર્સ, હોટલ આનંદ સામે, બસ સ્ટેશન રોડ, જૂનાગઢ. સંપર્ક : ૯૭૧૪૦ ૪૬૨૦૬
(ફોન કરવાનો સમય : સવારે ૯ થી સાંજે ૭)

સૌરાષ્ટ્રનું નં.૧ સીલીન્ડર રી-ટેસ્ટીંગ પ્લાન્ટ
CNG ટેન્ક રીટેસ્ટીંગ ઓનલાઈન પ્લાન્ટ
A.S. Auto Gas
CNG ફીટીંગ સેન્ટર
મો. ૯૮૯૮૪ ૪૮૬૪૪
ટોરેન્ટ ગેસની પાસે, ખામધ્રોળ ચોકડી, જૂનાગઢ

ઓફર...ઓફર... M. 99787 06355 ☎: (૦૨૮૫) ૨૬૨૭૩૬૨
તમારૂ જુનુ TV, LED TV, ફ્રીઝ, વોશીંગ મશીન, ઘરઘંટી દઈને નવું લઈ જાવ.
એક્સચેંજ ઓફર
LED TV રૂા. 6500* થી શરૂ
ફ્રીઝ ૯૫૦૦ થી શરૂ
MI-GL
ઘરઘંટી ૮૫૦૦ થી શરૂ
Kelvinator
બીના ઈલેક્ટ્રોનિક્સ
MI-GL, સોની, વર્લપુલ, સેમસંગ, પ્રાઈમવર્ક.
LED ટીવી, ફ્રીઝ, A/C, વોશીંગ મશીન, ઘરઘંટી, હોમથીએટર, DJ
0% ફાઈનાન્સ 0% ડોક્યુમેન્ટ ચાર્જ
જે.વી. ચોટાઈ કોમ્પ્લેક્ષ, અન્ડર ગ્રાઉન્ડ, વણઝારી ચોક, જૂનાગઢ.
માણસો જોઈએ છે આકર્ષક પગાર ધોરણે.

Since 1983
શંખ બ્રાન્ડ મસાલા
ગાયત્રી મસાલા
મો. : ૯૪૨૮૯ ૨૩૦૨૩
- મરચું
- હળદર
- ધાણાજીરૂ
- ગરમ મસાલો
Chilli Powder
TURMERIC POWDER

C M Y K